सत्यमेव जयते

GJTP010006222023

રજીસ્ટર્ડ તારીખ : ૨૩/૦૬/૨૦૨૩..
ફેસલ તારીખ : ૦૩/૦૮/૨૦૨૬..
સમયગાળો : વર્ષ, માસ, દિવસ.

**મહે.તાપી જિલ્લાના સેશન્સ જજ (શ્રી ટી.આર.દેસાઈ) સાહેબની કોર્ટમાં,**
**મું. વ્યારા.**
**<u>સેશન્સ કેસ નં.૩૨/૨૦૨૩..</u>**

**આંક ::**

**<u>ચુકાદાની તા:-૦૩/૦૮/૨૦૨૬..</u>**

| | |
|---|---|
| **ગુનો** | નિઝર પોલીસ સ્ટેશન પાર્ટ-એ<br>ગુ.ર.નં.૧૧૮૨૪૦૦૭૨૩૦૨૯૧/૨૦૨૩<br>ઈ.પી.કો કલમ- ૩૦૭, ૩૨૬, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ |

**<u>ફોર્મ-એ</u>**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ.પી.પી.શ્રી | આર.બી.ચૌહાણ |
| આરોપીઓ | **(૧) રાકેશભાઇ પ્રતાપસિંગ દામુભાઇ ગાવિત,**<br>ઉ.આ.વ.૩૭, ધંધો-મજુરી,<br>**(૨) પ્રતાપસિંગ દામુભાઇ ગાવિત**<br>ઉ.આ.વ.૬૫, ધંધો-મજુરી,<br>બન્ને રહે. આશાપુરા ગામ, તા.કુકરમુંડા, જિ.તાપી. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | એન.એસ.પ્રધાન |

સેશન્સજજ,
તાપી @ વ્યારા

## ફોર્મ -બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૩/૦૪/૨૦૨૩ કલાક ૧.૦૦ કલાકે |
| ફરિયાદની તારીખ | ૧૩/૦૪/૨૦૨૪ કલાક ૧૦.૪૫ કલાકે |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૬/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૮/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૩ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | – |

આરોપીઓની વિગત :-

<table>
<tr><th>ક્રમ</th><th>આરોપીનુ નામ</th><th>ધરપકડની તારીખ</th><th>જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત</th><th>કયા ગુનાનો આક્ષેપ</th><th>નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર?</th><th>શું સજા કરી?</th><th>ક્રિ.પ્રો.કોડ ની કલમ– ૪૨૮ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.</th></tr>
<tr><td>૦૧</td><td>રાકેશભાઇ પ્રતાપસિંગ દામુભાઇ ગાવિત</td><td>૧૪/૦૪/૨૦૨૩</td><td>તા.૦૩/૦૮/૨૦૨૩</td><td rowspan="2">ઇ.પી.કો. કલમ– ૩૦૭, ૩૨૬, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ– ૧૩૫</td><td>કસુરવાર</td><td rowspan="2">આખરી હુકમ મુજબ</td><td>સુધી (૧૧૧ દિવસ)</td></tr>
<tr><td>૦૨</td><td>પ્રતાપસિંગ દામુભાઇ ગાવિત</td><td>૧૪/૦૪/૨૦૨૩</td><td>૨૩/૦૬/૨૦૨૩ સુધી</td><td>નિર્દોષ</td><td>(૭૦ દિવસ)</td></tr>
</table>

સેશન્સજજ,
તાપી @ વ્યારા

# ફોર્મ -સી

## ફરીયાદ પક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લીસ્ટ,

## (એ) ફરિયાદ પક્ષ તરફનો મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ડો.રાહુલ રમેશભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | તબીબી સાહેદ | ૧૨ |
| ૨ | સુનિલભાઇ વિનાયકભાઇ વળવીની સોગંદ પરની જુબાની | પંચ | ૧૫ |
| ૩ | સુરપસિંગભાઇ છાણીચાભાઇ પાડવીની સોગંદ પરની જુબાની | પંચ | ૧૭ |
| ૪ | આત્મજ્ઞાનભાઇ માનસિંગભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | પંચ | ૨૦ |
| ૫ | જતીનકુમાર ગુણવંતભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | તબીબી સાહેદ | ૨૨ |
| ૬ | પવનભાઇ અમૃતભાઇ પાડવીની સોગંદ ઉપરની જુબાની | પંચ | ૨૫ |
| ૭ | કૃષ્ણાભાઇ પુંજર્યાભાઇ પાડવીની સોગંદ પરની જુબાની | પંચ | ૨૭ |
| ૮ | સુનિતાબેન પ્રકાશભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૨૮ |
| ૯ | આશારામભાઇ ધનાભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૨૯ |
| ૧૦ | માસુબેન વિજયસિંગ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૩૦ |
| ૧૧ | ઉમાકાંત ચંદ્રસિંગભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૩૧ |
| ૧૨ | પ્રકાશભાઇ વિજયસિંગ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૩૩ |
| ૧૩ | વિજયભાઇ દાવાભાઇ વસાવાની સોગંદ પરની જુબાની | સાહેદ | ૪૯ |
| ૧૪ | ડો. કંચનબેન ભીમસીગભાઇ વસાવેની સોગંદ પરની જુબાની | તબીબી સાહેદ | ૫૦ |
| ૧૫ | સુરેશભાઇ તાનાજી દેસલેની સોગંદ પરની જુબાની | ત.ક.અ. | ૬૦ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો

| સાહેદ નં. | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| નીલ | - | - |

## (સી) કોર્ટ સાહેદો જો હોય તો

| સાહેદ નં. | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| નીલ | - | - |

## ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ::-

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ઈજા પામનારનુ બ્લડ સેમ્પલ લેવા માટેની પોલીસ યાદી | ૧૩ |
| ૨ | ઈજા પામનારનુ એમ.એલ.સી. | ૧૪ |
| ૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૬ |
| ૪ | આરોપીઓના શરીર સ્થતિનું પંચનમામુ | ૧૮ |
| ૫ | ગુનામાં સંડોવાયેલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |
| ૬ | મેડીકો–લીગલ/ઈન્જરી –સર્ટીફીકેટ | ૨૩ |
| ૭ | ઈન્ડોર કેસ પેપર સરદાર સ્મારક હોસ્પીટલ | ૨૪ |
| ૮ | ઈજા પામનાર સાહેદના કપડાનું પંચનામુ | ૨૬ |
| ૯ | અસલ ફરીયાદ | ૩૪ |
| ૧૦ | ઈન્ડોર કાર્ડ મેડીકલ કેસ રેકર્ડ સીવીલ હોસ્પીટલ નંદુરબાર | ૫૪ |
| ૧૧ | સારવાર સર્ટી આપવા બાબતની યાદી | ૫૫ |
| ૧૨ | સીવીલ હોસ્પીટલ નંદુરબાર ધ્વારા આપવામાં આવેલ એમ.એલ.સી. ઈન્જરી સર્ટીફીકેટ | ૫૬ |
| ૧૩ | સુચિપત્ર | ૬૧ |
| ૧૪ | એફ.આઈ.આર. | ૬૨ |
| ૧૫ | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | ૬૩ |
| ૧૬ | એફ.એસ.એલ. અધિકારીશ્રીને ગુનાવાળી જગ્યાનું સ્થળ નીરીક્ષણ કરી અભિપ્રાય આપવા યાદી કરેલ | ૬૪ |
| ૧૭ | સ્થળ નિરીક્ષણ અહેવાલ | ૬૫ |

| | | |
|---|---|---|
| ૧૮ | ઈજા પામનારની દીકરી અંજનાબેન ગુમ થઈ ગયેલ હતા તે અંગેની ફરીયાદ દાખલ કરવા માટે એ.એસ.આઈ. બી.એમ. વસાવાનાઓને રીપોર્ટ કરેલ | ૬૬ |
| ૧૯ | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે સર્કલ ઓફીસર કુકરમુડાને યાદી કરેલ | ૬૭ |
| ૨૦ | મુદામાલ રવાનગી પત્ર | ૬૮ |
| ૨૧ | એફ.એસ.એલ.ને મુદામાલ મળી ગયાની પહોંચ | ૬૯ |
| ૨૨ | જિલ્લા મજીસ્ટ્રેટશ્રી તાપીનાઓનુ હથિયારબંધી અંગેનુ જાહેરનામુ | ૭૦ |
| ૨૩ | એફ.એસ.એલ. નો બાયોલોજીકલ અને શીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૭૧ |

## (બી) બચાવપક્ષ તરફે રજુ દસ્તાવેજો :

| અનુક્રમ નં. | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| નીલ | - | - |

## (સી) કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :-

| અનુક્રમ નં. | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| નીલ | - | - |

## મુ.પા.નં.૧૭/૨૦૨૩ તા.૧૩/૦૪/૨૦૨૩, મુ.પા.નં.૧૮ તથા ૧૯ તા.૧૪/૪/૨૦૨૩, મુ.પા.નં.૨૦/૨૦૨૩, તા.૧૪/૪/૨૩, મુ.પા.નં.૨૧ /૨૦૨૩ તા.૧૫/૪/૨૦૨૩

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| **૦૧** | ગુનાવાળી જગ્યા પાસે લાકડાની થાંભલી ઉપર સુકાય ગયેલ લોહી જેવા ડાઘા ઉપરથી રૂ ધ્વારા સેમ્પલ લઈ જે રૂને એક પ્લાસ્ટીકના ડબ્બામાં શીલ બંધ કરેલ છે જેને માર્ક -એ આપેલ છે તે |
| **૦૨** | ગુનાવાળી જગ્યા પાસે લાકડાની થાંભલી નીચે છાણ-મારીના લીંપણ જેના ઉપર સુકાય ગયેલ લોહી જેવા ડાઘા જણાય છે જે છાણ માટીના લીપણના આશરે ૧૦૦ ગ્રામ જેટલા ટુકડા એક પ્લાસ્ટીકના ડબ્બામાં શીલબંધ કરેલ છે જેને માર્ક-બી આપેલ છે તે |
| **૦૩** | ગુનાવાળી જગ્યાથી થોડા દુરના અંતર ઉપરથી કંટ્રોલ સેમ્પલ અથે" છાણ માટીના લીપણના આશરે ૧૦૦ ગ્રામ જેટલા ટુકડા એક |

| | |
|---|---|
| | પ્લાસ્ટીકના ડબ્બામાં શીલબંધ કરે છે જને માર્ક-સી આપેલ છે તે |
| **૦૪** | આરોપી રાકેશભાઇ સન/ઓફ પ્રતાપસિંગ દામુભાઇ ગાવિતનું જાંબલી કરલનુ લાંબી બાયનું સર્ટ છે જે સર્ટ ઉપર છુટા છવાયા લોહી જેવા સુકાય ગયેલ ડાઘા જણાય છે જેને વ્યવસ્થિત ઘડી કરી કાપડમાં વીંટાળી દોરા વડે બાંધી શીલબંધ કરે છે જેને માર્ક -ડી આપેલ છે તે |
| **૦૫** | આરોપી રાકેશભાઇ સન/ઓફ પ્રતાપસિંગ દામુભાઇ ગાવિતનું કથ્થઇ પીળા કલરનો જીન્સનો પેન્ટ જેના જાંઘના ભાગે પીણા રંગમાં કાપેલી ડીઝાઇન જણાય છે જે જીન્સ પેન્ટને વ્યવસ્થિત ઘડી વડે બાંધી શીલબંધ કરેલ છે જેને માર્ક-ઇ આપેલ છે તે |
| **૦૬** | આરોપી રાકેશભાઇ સન/ઓફ પ્રતાપસિંગ દામુભાઇ ગાવિતનાઓએ ગુનાના કામે વાપરેલ કોટતો રજુ કરેલ હોય જે કોયતો લાકડાના હાથાવાળો લોખંડનો કોયતોજેની લંબાઇ ૦૧ ફુટ ૦૮.૦૫ ઇંચનો છે જે કોયતોની આગળનો લોખંડનો ભાગ ૧૦.૦૫ ઇચ લંબાઇ તથા ૦૩.૦૫ ઇંચની પહોળાઇવાળો છે જેના ઉપર સુકાય ગયેલ લોહી જેવા ડાઘા જણાય છે જે કોયતાનો હાથાનો ભાગ લાકડાનો છે જેની લંબાઇ ૦૯.૦૫ ઇંચ તથા પહોળાઇ ૦૧.૦૫ ઇંચનું જણાય છે જેને એક કાપડમાં વીંટાળીને દોરા વડે બાંધી શીલબંધ કરેલ છે જેને માર્ક - એફ આપેલ છે. |
| **૦૭** | આરોપી પ્રતાપસિંગ દામુભાઇ ગાવિતનું એક ગ્રે જેવા કલરનું લાંબી બાંયનુ પ્લેન શર્ટ છે ને વ્યવસ્થિત ઘડી કરી કાપડમાં વીંટાળી દોરા વડે બાંધી શીલબંધ કરેલ છે જેને માર્ક-જી આપેલ છે તે |
| **૦૮** | આરોપી પ્રતાપસિંગ દામુભાઇ ગાવિતનું એક ઘાટા શીલ્વર કલરનું સુતરાઉ કાપડનો પેન્ટ છે જે પેન્ટને વ્યવસ્થિત રીતે ઘડી કરી કાપડમાં વીંટાળી દોરા વડે બાંધી શીલબંધ કરેલ છે જેને માર્ક-એચ આપેલ છે તે |
| **૦૯** | ઈજા પામનાર વિજયસિંગ દાવાભાઇ વસાવાનાઓનો એક ગમછો છે જેની ચારે બાજુ કાળા કલરની લાયનીંગ છે જે ગમછા ઉપર સુકાય ગયેલ લોહીનો મોટો ડાઘો તથા છુંટા છવાયા લોહીના ડાઘા જણાય છે જેને વ્યવસ્થિત ઘડી કરી કાપડમાં વીંટાળી દોરા વડે બાંધી શીલબંધ કરેલ છે જેને માર્ક-આઇ આપેલ છે તે |
| **૧૦** | આરોપી રાકેશભાઇ સન/ઓફ પ્રતાપસિંગ ગાવિતનાઓની એક હોન્ડા કંપનીની એક લાલ કલરની સીબી યુનીકોર્ન ૧૬૦ મોટર સાયકલ છે જેની આગળ પાછળ નંબર પ્લેટ જોતા રજી. નં.જી.જે.૨૧.એ.એસ.૦૯૯૭ નો જણાય છે જેનો એન્જીન નં. KC20E80029476 ચેસીસ નં.ME4KC201CF8026424 નો જણાય છે. |

-:: **ચુકાદો** ::-

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી પ્રકાશભાઈના બહેન અંજના બેન સાથે આરોપી નં.૧ પત્નીપતિને તરીકે રહેતા હોઈ અને આ અંજનાબેન અઢીમાસ પહેલા ગુમ થઈ ગયેલ હોય, તા.૧૩/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧.૦૦વાગ્યે બન્ને આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ઈજા પામનાર વિજયસિંગ દાવાભાઈ વસાવા તેના ઘરમાં સુતેલ હોય કોયતા વડે ડાબા હાથની બે આંગળી અને જમણા હાથની એક આંગળી કાપી નાખી છુટી પાડી દઈ તથા માથાના ભાગે, ગળાના ભાગે, કપાળના ભાગે, છાતીના જમણા ભાગે તથા જમણા ખભા ઉપર ઉપરા છાપરી મારી નાંખવાના ઈરાદા તથા જ્ઞાન સાથે ઘા કરી અને મરણતોલ મહાવ્યથા પહોચાડી ખુન કરવાની કોશીષ કરી અને તે વખતે ફરીયાદી વચ્ચે પડતા તેમને પણ નાકના ભાગે, છાતીના ભાગે સ્વૈચ્છીક મહાવ્યથા પહોચાડી, ગુનો કરેલ હોવા સબબની ફરીયાદ ફરીયાદી પ્રકાશભાઈએ નોંધાવતા નિઝર પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૮૨૪૦૦૭૨૩૦૨૯૧/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ-૩૦૭,૩૨૬, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરી હતી. સદર ગુન્હાનાં કામે આરોપીઓ મળી આવતાં પોલીસે હાલનાં આરોપીઓની ધરપકડ કરેલ હતી.

૨. સદર ગુન્હાની પોલીસ તપાસ પૂર્ણ થતાં પોલીસે આરોપી વિરૂધ્ધ સદર ગુન્હાનું ચાર્જશીટ વિ.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, નિઝરની અદાલતમાં રજુ કરતા વિ.જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, નિઝરનાંઓએ ફોજદારી કેસ નં.૫૧૯/૨૦૨૩થી નોંધી આવશ્યક

કાર્યવાહી કરી સદરહુ કેસ સેશન્સ અદાલત માં ચલાવવા ને પાત્ર હોઈ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ કમીટલ હુકમ કરી, કેસ અત્રેની સેસન્સ કોર્ટમાં કમીટ કરતા સદરહુ કેસ અત્રેની કોર્ટમાં આવતા જે સેશન્સ કેસ નં.૩૨/૨૦૨૩ થી નોંધાયેલ.

**૩.** સદરહુ કામમાં કોર્ટ સમક્ષ આરોપી ઉપસ્થિ તથા સદરહુ કામે આરોપી ઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ સી.આર. પી.સી. અન્વયેની યોગ્યતે કાર્યવાહી કરીને આરોપીઓ વિરૂધ્ધ આંક – ૦૮ થી તહોમત ફરમાવી આંક–૦૯ તથા ૧૦ થી આરોપીઓની પ્લી લેતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરી હતી જેથી, સદરહુ કેસ આગળ ચલાવવામાં આવેલ.

**૪.** ઉપરોકત પુરાવા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીઓએ તેમાં તેઓ નિર્દોષ છીએ. અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. હમો વિરુધ્ધ ખોટી એફ.આઈ.આર. દાખલ કરી ખોટી રીતે સાહેદોના જવાબો લઈ, ખોટુ પં ચનામુ કરી તેમજ ખોટુ ચાર્જશીટ દાખલ કરેલ છે. જેથી હમો આરોપીઓ નિર્દોષ છોડવામાં આવે તો ન્યાયની નીમ જળવાઈ રહે તેમ છે. ત્યારબાદ, વિ.એ.પી.પી.શ્રી આર.બી. ચૌહાણ ની તથા આરોપીઓ તરફે એન.એસ.પ્રધાનની દલીલો સાંભળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ.

**૫.** ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.બી.ચૌહાણએ એવી દલીલ કરેલી છે કે ::–

(૧) આ કામે બનાવમાં ઈજપામનારે, બનાવને નજરે જોનારા ઓએ તથા બનાવ બાદ તુરંત સ્થળ ઉપર પહોચનારાઓએ બનાવની મહત્વની હકીકતોને સમર્થન પુરુ પાડેલ છે.જેથી ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત રીતે પુરવાર કરેલ છે.

(૨) આ કામે ઈજાપામનારને માથામાં, હાથ ઉપર, છાતી ઉપર તથા આંગળીઓ કાપી નાંખવાની ઈજાઓ કરવામાં આવેલ છે આ તમામ ઈજાઓ ગંભીર સ્વરૂપ છે અને તે મૃત્ય નિપજાવવાના ઈરાદે પહોચાડવામાં આવેલ છે તેથી ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૭ મુજબનો ગુનો પુરવાર કરેલ છે.

(૩) આરોપીએ કાયતો ધારણ કરી રાત્રિના એક વાગ્યાનો સમય પસંદ કરી ઈજાપામનારને ઘરે થઈ ઈજાપામનાર ઉપર અચાનક હુમલો કરી, ઈજાપામનારને ગંભીર ઈજાઓ પહોચાડેલ હતી તે જોતા, આરોપીનો ઈરાદો ઈજાપામનારને મારી નાંખવાનો હતો તેવુ પણ આ કામે સ્પષ્ટ બને છે.

(૪) આ કામે આરોપીઓની ઓળખ માટે સ્થળ ઉપર લાઈટ હતી તેવી હકીકત શંકારહિત પુરાવાથી પુરવાર થયેલ છે તેમજ આરોપીઓને ઈજાપામનાર અને બનાવને નજરે જોનારાઓ બનાવ અગાઉથી ઓળખતા હતા તેવી હકીકત આ કામે સ્પષ્ટ બનતી હોય, આરોપી ઓની ઓળખ બાબતે કોઈ જ શંકા ઉપસ્થિત કરેલ ન હોય, આ કામે આરોપીઓને દોષિત ઠરાવી મહત્તમ સજા ફરમાવવી જરૂરી બને છે.

૬. આરોપીઓ તરફે તેઓનાં વિ.વ.શ્રી એન.એસ.પ્રધાનનાઓએ મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, ::-

(૧) આ કામે પ્રથમ ફરીયાદથી બનાવના સમયે અંધારુ હતુ તેવી હકીકત જણાવવામાં આવેલ હતી ત્યારબાદ સાહેદોએ બનાવ સમયે લાઈટ હતી તેવો પુરાવો રજુ કરેલ છે. આમ, આરોપીઓની ઓળખ બાબતે ઈજાપામનાર તથા સાહેદો ઈમ્પ્રુવમેન્ટ કરેલ હોય, આવા પુરાવાને આધારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

(૨) આ કામે મેડીકલ હિસ્ટ્રીમાં ઈજાપામનારે કુકરમુંડા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ઉપર, ત્યારબાદ નંદુરબાર સીવીલ હોસ્પીટલ ઉપર તથા બારડોલીશ્રી સરદાર સ્મારક હોસ્પીટલ ઉપર અલગ અલગ હકીકતો લખાવેલ છે જે હકીકતને જોતા ઈજાપામનારનો બનાવ સંબંધે નો પુરાવો શંકા પ્રેરક બને છે. તેનો લાભ આરોપીઓને નિર્દોષ ઠરાવીને આપવાનો રહે છે.

(૩) આ કામના આરોપી નં.૨ પ્રતાપસિંગનાઓએ ગુનામાં ચોકકસ કયા પ્રકારે મદદગારીની ભુમીકા ભજવેલ છે તે બાબત ફરીયાદપક્ષ સ્પષ્ટ કરી શકેલ નથી. તેવા સંજોગોમાં આ કામે આરોપી નં.૨ નાઓને દોષિત ઠરાવી શકાય તેમ નથી.

(૪) આ કામે ઈજાપામનારની પુત્રીને આરોપી નં.૧ નાઓ ભગાવી ગયેલ હતા તેવી હકીકત નિર્વિવાદીત છે ત્યારે ઈજાપામનારના ઘરના સભ્યો અને આરોપીના ઘરના સભ્યો વચ્ચે મનદુઃખ ચાલી આવેલાનુ સ્પષ્ટ બને છે અને તેથી આ કામે આરોપીઓની ગુનામાં ખોટી સંડોવણી કરવામાં આવી રહેલ હોય, ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓનુ ખુબ જ ઝીણવટ પુર્વક મુલ્યાંકન કરવુ જરૂરી બને છે

અને પુરાવા ઉપસ્થિત થતા વિરોધાભાસનો લાભ આરોપી ઓને આપવો જરૂરી બને છે.

૭. ઉપરોકત હકીકતે સદર કામનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદૃાઓ ઉપસ્થિત થાય છે ::–

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી ઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી પ્રકાશભાઈના બહેન અંજનાબેન સાથે આરોપી નં.૧ પત્નીપતિને તરીકે રહેતા હોઈ અને આ અંજનાબેન અઢીમાસ પહેલા ગુમ થઈ ગયેલ હોય, તા.૧૩/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧.૦૦ વાગ્યે બન્ને આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ઈજા પામનાર વિજયસિંગ દાવાભાઈ વસાવા તેના ઘરમાં સુતેલ હોય કોયતા વડે ડાબા હાથની બે આંગળી અને જમણા હાથની એક આંગળી કાપી નાખી છુટી પાડી દઈ તથા માથાના ભાગે, ગળાના ભાગે, કપાળના ભાગે, છાતીના જમણા ભાગે તથા જમણા ખભા ઉપર ઉપરા છાપરી મારી નાંખવાના ઈરાદા તથા જ્ઞાન સાથે ઘા કરી અને મરણતોલ મહાવ્યથા પહોચાડી ખુન કરવાની કોશીષ કરી અને તે વખતે ફરીયાદી વચ્ચે પડતા તેમને પણ નાકના ભાગે,છાતીના ભાગે સ્વૈચ્છીક મહાવ્યથા પહોચાડી, ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદૃાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::–

**૧. આરોપી નં.૧ અન્વયે હકારમાં**

**આરોપી નં.૨ અન્વયે નકારમાં**

**૨.** આખરી હુકમ મુજબ.

મારા ઉપરોકત નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે ::–

–:: **<u>કારણો</u>** ::–

**<u>મુદ્દા નંબર–૧</u>** ::–

**૯.** અત્રેથી સૌપ્રથમ એ બાબત ઉલ્લેખનીય છે કે હાલનો કેસ સીધા યાને કે પ્રત્યક્ષદર્શીઓ તથા ઈજા પામનારાઓના પુરાવા ઉપર આધારીત છે.

ફોજદારી કેસોમાં સાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન (એપ્રિસીએશન ઓફ એવિડન્સ) કેવી રીતે કરવું તે સબંધે નીચેનો ચુકાદો ધ્યાને લેવો આવશ્યક થઈ પડે છે ::–

**State Of U.P vs Krishna Master & Ors** 2010 Cri. L. J. 3889; (2010) 12 SCC 324 Criminal Appeal No. 1180 of 2004 **Date of Judgment:** August 3, 2010.

ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નામદાર વડી અદાલતનો હુકમ રદ કરી ટ્રાયલ કોર્ટનો સજા ફરમાવતો હુકમ કાયમ કરવામાં આવેલ અને આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે સાહેદોનાં મૌખીક પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે કઈ બાબતો ધ્યાને રાખવી તે બાબતેનાં માર્ગ દર્શક સિધ્ધાંતો સ્પષ્ટ કરેલ છે અને ઠરાવેલ છે કે, કોઈ પણ સાહેદ માનવ વ્યકિત છે અને તેની માનવ સહજ મર્યાદા હોય છે. માનવ વ્યકિત કોમ્પ્યુટર નથી કે જેથી, બનાવ વખતે તેણે જે જોયેલ, સાંભળેલ હોય તે તમામ વિગતો પોલીસ નિવેદનમાં જણાવી શકે તેમજ તે જ વિગતો પાછળથી લાંબા સમય બાદ કોર્ટ સમક્ષ જુબાની આપવા આવે ત્યારે, શબ્દશ: જણાવી શકે. દરેક વ્યકિતની અવલોકન શકિત અને વર્ણન શકિત અલગ અલગ હોય છે.

વધુમાં,બનાવ વખતે સાહેદે સ્થળ ઉપર જે કાંઈ જોયુ હોય અને અવલોકન કર્યું હોય તેનો આધાર બનાવની ગંભીરતા, બનાવ નો પ્રકાર, જે રીતે બનાવ બનેલ હોય તેની રીત, સાહેદની પોતાની યાદ શકિત, અવલોકન શકિત બનાવની ભયાનકતા વિગેરે અનેક બાબતો અસર કરતી હોય છે. વધુમાં, બચાવ પક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા લાંબા સમય બાદ કોર્ટમાં આવેલ સાહેદની લંબાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ ત્યારે, સામાન્ય વિસંગતતાઓ રહેતી જ હોય છે. વધુમાં, આ ચુકાદામાં એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, બનાવ નજરે જોનારે ફરીયાદ આપી હોય પરંતુ, ફરીયાદમાં ઝીણી ઝીણી વિગતો ન પણ હોય કારણ કે, ફરીયાદ એ Encyclopedia નથી. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એપ્રિસીએશન ઓફ એવિડન્સ કેવીરીતે કરવું તેની ગાઈડ લાઈન્સ આપેલ છે.

(પારા–૯) વધુમાં એવું પણ ઠરાવેલ છે કે, જો અન્ય સીધો પુરાવો સંતોષકારક હોય તો, સામાન્ય ઓમીશન કે કોન્ટ્રાડીકશન ને મહત્વ આપવું જોઈએ નહીં. અદાલતોએ હાઈપર ટેકનિકલ એપ્રોચ દાખવી આરોપીને અનુચીતરીતે શંકાનો લાભ આપવો જોઈએ નહીં.

નામદાર સુપ્રિમ કોર્ટનાં ઉપરોકત જજમેન્ટનો પારા નં.૮ નીચે મુજબ રીપ્રોડ્યુસ કરેલ છે ::–

> "(8) Before appreciating evidence of the witnesses examined in the case, it would be instructive to refer to the criteria for appreciation of oral evidence. While appreciating the evidence of a witness, the

approach must be whether the evidence of witness read as a whole appears to have a ring of truth. Once that impression is found, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper-technical approach by taking sentences torn out of context here or there from the evidence attaching importance to same technical error comitted by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole. If the court before whom the witness gives evidence had the opportunity to from the opinion about the general tenor of the evidence given by the witness, the appellate court which had not this benefit will have to

attach due weight to the appreciation of evidence by the Trial Court and unless the reasons are weighty and formidable, it would not be proper for the appellate court to reject the evidence on the ground of variations or infirmities in the matter of trivial details. **Minor omissions in the police statements are never considered to be fatal. The statements given by the witnesses before the Police are meant to be brief statements and could not take place of evidence in the Court. Small/ trivial omissions would not justify a finding by court that the witnesses concerned are liars. The prosecution evidence may suffer from inconsiste-ncies here and discrepancies there, but that is a short-coming from which no criminal case is free. The main thing to be seen is whether those inconsistencies go to the root of the matter or pertain to insignificant aspects thereof.** In the former case, the defence may be justified in seeking advantage of incongruities obtaining in the evidence. In the latter,

however, no such benefit may be available to it. **In the deposition of witnesses, there are always normal discrepancies, howsoever honest and truthful they may be. These discrepancies are due to normal errors of observation, normal errors of memory due to lapse of time, due to mental disposition, shock and horror at the time of occurrence and threat to the life. It is not unoften that improvements in earlier version are made at the trial in order to give a boost to the prosecution case albeit foolishly. Therefore, it is the duty of the Court to separate falsehood from the truth. In sifting the evidence, the Court has to attempt to separate the chaff from the grains in every case and this attempt cannot be abandoned on the ground that the case is baffling unless the evidence is really so confusing or conflicting that the process cannot reasonabley be carried out.** In the light of these principles, this Court will have to determine whether the evidence of eye-

witnesses examined in this case proves the prosecution case."

૧૦. **ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ તપાસવામાં આવે તે પહેલા** આ કામે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદી પ્રકાશભાઈના બહેન અંજનાબેન સાથે આરોપી નં.૧ પત્નીપતિને તરીકે રહેતા હોઈ અને આ અંજનાબેન અઢીમાસ પહેલા ગુમ થઈ ગયેલ હોય, તા.૧ ૩/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧.૦૦ વાગ્યે બન્ને આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ઈજા પામનાર વિજયસિંગ દાવાભાઈ વસાવા તેના ઘરમાં સુતેલ હોય કોયતા વડે ડાબા હાથની બે આંગળી અને જમણા હાથની એક આંગળી કાપી નાખી છુટી પાડી દઈ તથા માથાના ભાગે, ગળાના ભાગે, કપાળના ભાગે, છાતીના જમણા ભાગે તથા જમણા ખભા ઉપર ઉપરા છાપરી મારી નાંખવાના ઈરાદા તથા જ્ઞાન સાથે ઘા કરી અને મરણતોલ મહાવ્યથા પહોચાડી ખુન કરવાની કોશીષ કરી અને તે વખતે ફરીયાદી વચ્ચે પડતા તેમને પણ નાકના ભાગે, છાતીના ભાગે સ્વૈચ્છીક મહાવ્યથા પહોચાડેલ હોવાનાં આક્ષેપ છે. આ સબંધે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૦૭, ૩૨૬,૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં ગુનાનાં આક્ષેપ હોવાથી તેનાં આવશ્યક તત્વો તપાસવા જરૂરી બને છે જે નીચે મુજબ છે ::-

**<u>ઈ.પી. કોડ કલમ-૩૦૭ ખુન કરવાની કોશિશ:-</u>**

**આવશ્યક તત્વો ::-**

**૧.** આરોપીએ કોઈ કૃત્ય કર્યુ,

**૨.** આવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહીત જ્ઞાન સાથે કર્યુ,

૩. આવા કૃત્યનાં કારણે કોઈને ઈજા થઈ,

૪. આવા કૃત્યનાં કારણે જો, ઈજા પામેલાનું મૃત્યુ નિપજયુ હોત તો, આરોપી ખુન માટે દોષીત ગણાત.

**ઈ.પી.કો.કલમ–૩૨૬ :– ભયાનક શસ્ત્રો ક` સાધનો ધ્વારા સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડવી :–**

કોઈ પણ વ્યકિત, કલમ–૩૩૫માં દર્શાવેલા સંજોગોમાં હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાપવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવાં સાધન વડે અથવા આગ કે તપાવેલાં કોઈ પદાર્થ વડે અથવા કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે અથવા કોઈપણ પ્રાણી મારફત સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**આવશ્યક તત્વો:–**

(૧) આરોપીએ મહાવ્યથા પહોંચાડી,

(૨) આ મહાવ્યથા આરોપીએ સ્વૈચ્છાપુર્વક પહોંચાડી,

(૩) આ મહાવ્યથા આરોપીએ,

(ક)ગોળી છોડવાનાં, ભોંકવાના, અથવા કાપવાનાં સાધન વડે પહોંચાડી, અથવા

(ખ) જે સાધનને અક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે મહાવ્યથા પહોંચાડી, અથવા

(ગ) આગ કે કોઈ તપાવેલા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી, અથવા

(ઘ) કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે, અથવા સ્ફોટક પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી, કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારણ નિવડે તેવા પદાર્થ વડે મહાવ્યથા પહોંચાડી, અથવા કોઈ પ્રાણી મારફતે મહાવ્યથા પહોંચાડી.

**<u>ઈ.પી. કો. કલમ–૧૧૪</u> ::– ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારી ની હાજરી:–**

પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીનાં પરીણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવુ કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુન્હો કર્યો છે તેમ ગણાશે.

**આવશ્યક તત્વો :–**

(૧)મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હવો જોઈએ.

(૨) તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૩) ગુન્હો બને ત્યારે મદદગારીની હાજરી ત્યાં હોવી જોઈએ.

(૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ.

(૫) ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**AND Section 135 in The Gujarat Police Act,** 135. Penalty for contravention of rules or directions under sections 37, 39 or 40. - Whoever disobeys an order lawfully made under sections 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished-(i)if the order disobeyed or of which the disobedience was abetted was made under sub-section (1) of section 37 or under section 39, or section 40, with imprisonment for a term which may extend to one year but shall not, except for reasons to be recorded in writing, be less than four months and shall also be liable to fine, and(ii)if the said order was made under sub-section (2) of section 37, with imprisonment for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and(iii)if the said order was made under sub-section (3) of section 37, with fine which may extend to one hundred rupees.

<u>ડોકટરી પુરાવાઓ અને તેનું મૂલ્યાંકન</u> :–

**૧૧.** ફરીયાદપક્ષે ફરીયાદી/ઈજાપામનારની સારવાર કરનાર તબીબ **સાહેદ ડો.રાહુલ રમેશભાઈ વસાવાને આંક –૧૨ (PW-1)** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,

'' હું ગઈ તા.૧૩/૪/૨૩ ના રોજ સામુહીક આરોગ્ય કેન્દ્ર, કુકરમુન્ડા મુકામે મેડીકલ ઓફિસર તરીકે ફરજ ઉપર હતો. તે વખતે વિજયસીંગ દાવાભાઈ વસાવાને તેમના સગાઓ મારફતે રાતે ૨:૧૫ વાગે અમારી હોસ્પીટલમાં લાવવામાં આવેલ. અને દર્દીએ હીસ્ટ્રી આપી

એવુ જણાવેલ કે ''રાતના એક વાગે હુ મારા ઘરે હતો ત્યારે રાકેશભાઈ પ્રતાપસિંગભાઈ ગામીત દ્વારા મારા પર સાર્પ ઓબ્જેકટ કોચતા દ્વારા હુમલો કરવામાં આવેલ. તેમનુ શારીરીક તપાસણી દરમ્યાન દર્દી હોસમાં હતો, બી.પી.નોર્મલ હતુ, પલ્સ નોર્મલ હતા,શ્વાસ લેવાની પ્રક્રિયા નોર્મલ ચાલતી હતી.,

તેમની ફીઝીકલ તપાસ કરતા નીચે મુજબની બાહય ઈજાઓ જણાયેલ.

૧.(૧/૧)તેમના માથાના પરાઈટલ ભાગ ઉપર કપાયેલો છુદાયેલો ભાગ તેની લબાઈ ૩ સે.મી. પહોળાઈ ૧ સે.મી. ઉડાઈ ૧ સે.મી. હતી. નાક, કાન અને મોઢા વડે લોહી આવતુ ન હતુ. તેઓ બેહોશ થયેલ ન હતા.

(૧/૨) ડાબી કપાળના ભાગે કપાયેલો છુદાયેલો ઘા તેની લંબાઈ ૩ સેમી. પહોળાઈ ૧ સેમી. ઉડાઈ ૧ સેમી હતી.

૨ તેમના દાઢી ના ભાગે કપાયેલો છુદાયેલો ઘા, તેની લંબાઈ ૫ સેમી, પહોળાઈ ૧ સેમી, ઉડાઈ ૧ સેમી હતુ.

૩. તેમના છાતીના જમણી બાજુ ઉપરના ભાગે કપાયેલા છુદાયેલા ઘા તેની લંબાઈ ૫ સેમી, પહોળાઈ ૧ સેમી અને ઉડાઈ ૧ સેમી હતી.,

૪. જમણા ખભાના ભાગે કપાયેલા છુદાયેલા ઘા તેની લંબાઈ ૭ સેમી, પહોળાઈ ૧ સેમી, અને ઉડાઈ ૧ સેમી હતી.

૫. જમણા હાથ ઉપર કપાયેલ છુદાયેલો ઘા, જેની લબાંઈ ૯ સેમી, પહોળાઈ ૧ સેમી, ઉડાઈ ૧ સેમી હતી.

૬. જમણા હાથ ઉપર કપાયેલા છુદાયેલો ઘા, જેની લંબાઈ ૬ સેમી, પહોળાઈ ૬ સેમી, ઉડાઈ ૨ સેમી હતી.

૭. જમણા હાથની બીજી આંગળી કપાયેલી(એમ્પ્યુટેડ) હતી.

૮. જમણા હાથની નાની આંગળી જેના પર કપાયેલો છુદાયેલો ઘા, જેની લંબાઈ ૧૦ સેમી, પહોળાઈ ૧ સેમી અને ઉડાઈ ૧ સેમી હતી.

૯. તેમના ડાબા હાથની વચલી આંગળી કપાયેલી (એમ્પ્યુટેડ) હતી.

૧૦. તેમની ડાબા હાથની નાની આગળી કપાયેલી (એમ્પ્યુટેડ) હતી.

દર્દીનુ સીસ્ટેમીક એકઝામેશન કરતા કોઈપણ પ્રકારની એબર્નોમાલીટી જણાયેલ ન હત. તેઓ પ્રાથમિક સારવાર આપી તેમને હાયર સેન્ટર માં વધુ સારવાર માટે રીફર કરવામાં આવેલ. પેશન્ટે હીસ્ટ્રી આપ્યા મુજબ અને તેને તપાસ્યા કર્યા બાદ હુ એવા અભિપ્રાય ઉપર આવેલ કે ઉપર દર્શાવેલ ઈજાઓ સાર્પ કટીંગ ઓમ્જેકટક (કોયતા) વડે થઈ શકે તેવી હતી. આ દર્દીને થયેલ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. આ ઈજાઓ એવા પ્રકારની હતી કે દર્દીને સારવાર સમયસર ન આપવામાં આવે તો તેનુ મૃત્યુ થવાની સંભાવના હતી.

ઉપરોકત તમામ ઈજાઓ કોયતા જેવા હથિયાર વડે થઈ શકે. મને માર્ક ૭/૧૨ ની બલ્ડ સેમ્પલ લેવા પી.એસ.આઈ. નિઝરે યાદી કરેલી જે અમોને મળ્યા બદલની તેમા સહી છે જે હુ રજુ કરુ છુ. રજુ દાખલ આંક–૧૩ આપવામાં આવે છે. મને માર્ક ૭/૧૩ નુ મેડીકલ સર્ટીફીકેટ બતાવામાં આવે તેમાં મારા હસ્તાક્ષર છે અને તેમા

મારી સહી છે. જે હુ રજુ કરુ છે જેને રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે. ''

**૧૧.૧** સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે,''દર્દીને તેના સગાઓ લાવેલા. તેઓ રાતના ૨ વાગે ને ૧૫ મીનીટે લાવેલા. દર્દીને મારી પાસે લાવેલા ત્યારે તે હોશમા હતા. તે વાત ખરી નથી કે હીસ્ટ્રી દર્દીના સગાએ આપેલી પરંતુ દર્દીએ પોતે આપેલી. તેઓને તપાસના ૧ કલાક જેટલો સમય થયેલો. તે વાત ખરી છે કે મારા સર્ટી.માં ઈજાઓ ગંભીર હોવાનુ દર્શાવેલ નથી. તે વાત ખરી છે કે દર્દીએ આરોપીએ કોની હાજરીમાં મારેલ હતુ તેવુ લખાવેલ ન હતુ. મે આંક–૧૪નુ સર્ટી. તપાસ કર્યા બાદ ૧૫ દિવસ બાદ આપેલુ. તે વાત ખરી નથી કે દર્દીને મે તપાસેલ નથી. પરંતુ બીજા ડોકટરે તપાસેલ છે અને હુ ખોટી જુબાની આપુ છું. દર્દીને તપાસતા પહેલા મને લાગેલ નહી કે ઈજાઓ ચાર પાચ કલાક પહેલાની હતી. દર્દીને અમારી હોસ્પીટલંમા લાવેલ હોવાનુ સૌપ્રથમ વખત રાતના બે વાગે જાણ થયેલ. તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સ માં આવેલા. એ વાત ખરી છેકે મારા સર્ટી.માં ઈજાઓ કલર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત તીક્ષ્ણ ધાર વાળા પદાર્થ પર પડે તો આવી થવાની સંભાવના છે. એ વાત ખરી છે કે મને ઈજા ગંભીર લાગે અને તેનાથી મૃત્યુની સભાંવના હોત તો મારા સર્ટી.માં નોંધ કરેલ. ''

**૧૧.૨** ઉપરોકત તબીબી સાહેદ કે જેઓએ ઈજાપામનારની પ્રથમ સારવાર કરનાર નો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના ઈજા પામનારને તેઓ પ્રાથમીક સારવાર આપેલાનુ સ્પષ્ટ બને

છે અને બનાવ સંબંધે હિસ્ટ્રી આપતા ઈજાપામનારે આ ઈજા તેઓને રાકેશભાઈ પ્રતાપસિંગભાઈ ગામીતનાઓએ આ ઈજા પહોચાડેલાની હિસ્ટ્રી આપવામાં આવેલ. ઈજાનુ સ્વરૂપ જોતા, ઈજાપામનારને તિક્ષ્ણ ધારદાર હથિયારથી ઈજા પહોચાડવામાં આવેલાનુ પ્રથમદર્શને સ્પષ્ટ બને છે તેમજ ઈજાપામનારને થયેલ ઈજાનુ સ્વરૂપ જોતા, ઈજા પામનારને માથુ, છાતી જેવા શરીર ના માર્મિક ભાગ ઉપર તિક્ષ્ણ અને ધારદાર હથિયાર ધ્વારા હુમલો કરવામાં આવેલ હતો અને તેના પરીણામે ઘણી ઈજાઓ થયેલ હતી આ ઉપરાંત ઈજા પામનારને બન્ને હાથે મળીને કુલ ત્રણ આંગળી કપાય ગયેલ હતી. આ તમામ હકીકતોને જોતા, ઈજા પામનાર ને થયેલ ઈજાનુ સ્થાન ને જોતા તેની ત્રણ આંગળીઓ કપાઈ જવાને પરીણામે ઈજાપામનારને ગંભીર ઈજા થયેલાનુ સ્પષ્ટ બને છે.

બચાવપક્ષ ધ્વારા આંક–૧૪નાં ઈન્જરી સર્ટીફીકેટમાં ઈજાનુ સ્વરૂપ દર્શાવવામાં આવેલ નથી તેવો બચાવ લીધેલ છે પરંતુ જયારે ઈજાનુ સ્વરૂપ તેના વર્ણન ઉપરથી સ્વયંમ સ્પષ્ટ બને છે ત્યારે ઈન્જરી સર્ટીફીકેટમાં ઈજા ગંભીર હતી કે સામાન્ય હતી તેવી બાબત ન નોંધવા માત્રથી તેનો લાભ આરોપીને મળી જતો નથી.

**૧૨.** ફરીયાદપક્ષે ફરીયાદી/ઈજાપામનારની સારવાર કરનાર તબીબ **સાહેદ ડો.કંચનબેન ભીમસીગભાઈ વસાવેને આંક –૫૦ (PW-14)** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,

''હુ હાલમાં નવાપુર ખાતે સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. તા.૧૩/૪/૨૩ના રોજ નંદુરબાર

સીવીલ હોસ્પીટલ ખાતે ફરજ બજાવતી તે સમય દરમ્યાન વિજયભાઈ દેવાભાઈ વસાવા રહે. મોહીનીપાડા, નવાપુર મારી હોસ્પીટલમાં સારવાર માટે આવેલા. મે દર્દીની હીસ્ટ્રી નોધેલ તેઓને મારી સમક્ષની હીસ્ટ્રીમા ં તેઓન ે ઈજા પહોચાડવામા આવેલાન ુ જણાવેલ. એમ.એલ.સી નંબર કેસ નંબર ૨૭૯૫, તા ૧૩/૪/૨૩ ના રોજ કલાક ૪/૪૫ એ.એમ.(વહેલી સવારે) નોધેલ. દર્દીને મે તપાસેલ જેમા તેઓને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી.

૧. દર્દીને માથાના પેરાઈટલ હાડકા પર બલ્ટટ્રોમા ની ઈજા હતી.

૨. દર્દીને દાઢીના ભાગે ટાકા લીધેલાનો ઘા જોવા મળેલ.

૩. કન્ટુઝડ લેસરરેટેડ વુન્ડ જમણા હાથે મીડલ ફીંગર અને છેલ્લી આગંળી ઉપર ઈજાઓ જોવા મળેલી.

૪. કન્ટુઝડ લેસરરેટેડ વુન્ડ ડાબા હાથ ે છેલ્લી આગંળી ઉપર ઈજાઓ જોવા મળેલી.

૫. કટ વુન્ડ ડાબા હાથની ઈન્ડેક્ષ ફીંગર અને મીડલ ફીંગર પર જોવા મળેલી.

૬. ટાકા લીધેલ ઘા છાતીના જમણા ભાગ ઉપર તથા ડાબા ખભાના ભાગે જોવા મળેલ.

૭. કન્ટુઝડ લેસરરેટેડ વુન્ડ જમણા હાથે એલ્બોજોઈન્ટ ઉપર ૭×૪×૨ સે.મીના માપની ઈજા હતી.

૮. કન્ટુઝડ લેસરરેટેડ વુન્ડ ડાબા હાથના એલ્બોજોઈન્ટ ઉપર ૩×૨×૧ સે.મીના માપની ઈજા હતી.

૯. કન્ટુઝડ લેસરરેટેડ વુન્ડ છાતીના ડાબા ભાગે જોવા મળેલી.

દર્દીના મગજનો સીટીસ્કેન કરાવડાવેલ જેના અભિપ્રાય મુજબ ડીફ્યુઝ સેરેબ્રલ એટ્રોફી ચેન્જીસ જોવા મળેલી. દર્દીના એક્ષરે લેવડાવેલા જેમાં દર્દીને જમણા હાથની ઈન્ડેક્ષ ઉપર હાડકાનુ ખસી જવાનુ જોવા મળેલી. તે બાબતે ઓર્થોપેડીક ડોકટરનો અભીપ્રાય લેવામાં આવેલ છે. દર્દીને સારવાર માટે ઓર્થોપેડીક વિભાગમાં રીફર કરવામાં આવેલ જયા તેઓને ડાબા હાથની મીડલ ફીંગરનુ એપ્યુટેસન કરવામાં આવેલ. મને દર્દીના કેસ કાગળોના આધારે મે એમ.એલ.સી તૈયાર કરેલ આ તબકકે આજ રોજ ડોકટર અસલ કેસ પેપર સાથે લાવેલ ન હોય મુદત અરજી આવતા વધુ સરતપાસ માટે મુલતવી. હુ આજ રોજ મારી સાથે દર્દી નામે–વિજેસીંગ દામા વસાવાનુ સીવીલ હોસ્પીટલ નંદુરબારના મેડીકલ કેસ રેકર્ડ મારી સાથે લાવેલ છું. તે કેસ પેપર તેઓને આપવામાં આવેલ સારવારની વિગતો નોધવામાં આવેલ છે આ ઉપરાંત દર્દીનો સીટીસ્કેન રીપોર્ટ તથા ઓર્થોપેડીક વિભાગની સારવાર પણ આ કેસ પેપરમાં નોધવામાં આવેલ છે. જે તમામ કેસપેપરર્સ કે જે છ પાનાઓમાં છે. તેને આંક આપવા સામે બચાવપક્ષે વાંધો લીધેલ છે અને રજુઆત કરેલ છે આર્થોપેડીક વિભાગના કેસ પેપર ને આંક આપી શકાય નહી કારણકે આ દસ્તાવેજી આધારો અન્ય ડોકટરના હસ્તાક્ષરમાં છે અને ઓર્થોપેડીક વિભાગમાં અન્ય ડોકટર ધ્વારા સારવાર આપવામાં આવેલ છે પરંતુ આ તમામ કેસ પેપર હોસ્પીટલના રેકર્ડમાંથી દર્દીને સારવાર આપનાર ડોકટર ધ્વારા અસલ સ્વરૂપે લઈને હાજર રહેલ હોય તેને આંક આપવો જરૂરી બનતો હોય તેઓનો વાંધો ના મજુંર કરવામાં આવે છે.અને અસલ દસ્તાવેજી આધારો ડોકટર સાહેદના

જણાવ્યા મુજબ હોસ્પીટલ રેકર્ડમાં ફરી જમા કરાવવાના હોય જેથી અસલની કમ્પેર કોપીને રજુ દાખલ **આંક –૫૪ (P-1/PW-14)** આપવામાં આવે છે. મે જે યાદીના આધારે પોલીસ તપાસ ના કામે એમ.એલ.સી મારા પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરી આપેલ તે યાદી ૭/૧૯ ની રેકર્ડ પર રજુ છે જેમાં અમારા હોસ્પીટલમાં યાદી સ્વીકારનાર તરીકે હોસ્પીટલ ના કલાર્કની સહી છે જે સહી મારી નોકરીના સામન્ય ક્રમ દરમ્યાન અવાર નવાર જોતી આવતી હોય તેને ઓળખી બતાવુ છું. જેને બચાવપક્ષના વાધ સાથે રજુ દાખલ **આક ૫૫ (P-2/PW-14)**આપવામાં આવે છે. આક ૫૫ ની યાદી મળયા બાદ મે દર્દીનુ એમ.એલ.સી સર્ટી મારા પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરીને આપેલ તે અસલ એમ.એલ.સી નીશાની ૭/૨૦ થી રજુ છે જેમાં મારી સહી છે તેને ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ **આક ૫૬ (P-3/PW-14)**આપવામાં આવે છે. મે દર્દીનો કેસ પેપર્સ સાથેની એક્ષ–રે ફીલ્મ હુ કામે રજુ કરુ છુ આ એક્ષરે ફીલ્મ ને રજુ થવા સામે બચાવપક્ષે વાંધો લીધેલ છે પરંતુ આ એક્ષરે ફીલ્મ દર્દીએ સારવાર લીધેલકેસ પેપર્સ સાથે રાખેલ હોસ્પીટલ રેડર્કમાંથી લાવી પ્રથમ સારવાર આપનાર ડોકટર ધ્વારા તથા એમ.એલ.સી સર્ટી ઈસ્યુ કરનાર ડોકટર ધ્વારા રજુ કરવામાં આવતા હોય એક્ષરે ફીલ્મને આ કામે રજુ દાખલ **આંક ૫૭(P-4/PW-14)** આપવામાં આવે છે. આ કામે દર્દીને થયેલ ઈજા ગંભીર સ્વરૂપની હતી. દર્દીને થયેલ ઈજા ધારદાર હથીયાર વડે સંભવી શકે તેવા પ્રકારની હતી.

મને મુદામાલ બતાવી થયેલ ઈજા સંબધી અભિપ્રાય પુછવામાં આવે તો હુ આવો અભિપ્રાય આપી શકુ . મને મુદામાલ આર્ટીકલ નંબર

– ૬ નો શેરડી કાપવાનો કોયતો બતાવવામાં આવે છે. તે જોઈને હું જણાવુ છુ કે આ કામે ઈજા પામનારને હાથના ભાગે થયેલ ઈજા તથા શરીરે થયેલ ઈજાઓ આ હથીયારથી સંભવી શકે.

**૧૨.૧** સદર તબીબી સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે, હું એમ.બી.બી.એસની ડીગ્રી ધરાવુ છું. હુ છેલ્લા વીસ વર્ષથી સરકારી દવાખાનામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવુ છું. એ વાત ખરી છે કે હુ રોજ બરોજ ના કામમાં ઘણા એમ.એલ.સી ના દર્દીઓ તપાસુ છુ તેના સર્ટીફીકેટ ઈસ્યુ કરતી હોવ છું. એ વાત ખરી છે કે એ વાત ખરી છે કે સર્ટીફીકેટ વિશેષ ધ્યાન આપીને ઈસ્યુ કરવામાં આવતુ હોય છે. એ વાત ખરી છે કે દર્દી સારવાર સમયે હીસ્ટ્રી આપે તે ખુબ જ મહત્વની હોય છે. એ વાત ખરી છે કે દર્દી સારવાર સમયે ઈજા પહોચાડનારા ઓના નામ આપે તો તે હીસ્ટ્રીમાં લખી લેવામાં આવે છે. એ વાત ખરી છે કે આ કામે હીસ્ટ્રીમાં કોઈ પણ ઈજા પહોચાડનારાઓના નામ લખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ઈજા પહોચાડનારાઓના નામ દર્દીએ જણાવેલ નથી તેથી તે નોધેલ નથી. આ કામના દર્દીને મારી પાસે સારવાર માટે તા.૧૩/૪/૨૦૨૩ના રોજ વહેલી સવારે ૪/૪૫ વાગે લાવવામાં આવેલ. દર્દીને દાઢીના ભાગે ટાકા લીધેલાનુ જે મને જોવા મળેલ તે ટાકા તાજા લીધેલા હતા. એ વાત ખરી છે કે આ કામે ટાકા લીધેલ ઈજાનો કલર મે મારા સર્ટીફીકેટમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે ઘા કેટલો જુનો છે તે ઈજાના કલર ઉપરથી કહી શકાય. એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજા વાહન અકસ્માતના અકસ્માતના કીસ્સામાં પણ જોવા મળી શકે. એ વાત ખરી

છે કે ખેતરમાં શેરડીના કાપવાના સમયે સાવધાની રાખવામાં ન આવે તો ઈજા નંબર ૩, ૪, ૫, ૭, ૮, ૯ ની ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે અમારી સરકારી દવાખાનામા દરેક વિભાગના એક્ષપર્ટ ડોકટરો આવતા હોય છે. એ વાત ખરી છે કે અમારી સરકારી હોસ્પીટલમાં સર્જીકલ વિભાગ, ઈએનટી વિભાગ, ઓર્થોપેડીક વિભાગ જેવા અલગ અલગ વિભાગો આવેલા છે. એ વાત ખરી છે કે જે તે વિભાગના નિષ્ણાત ડોકટરો મારા કરતા વધુ સારો અભિપ્રાય આપી શકે. એ વાત ખરી છે કે જે તે વિભાગના નિષ્ણાત ડોકટરો તેમણે આપેલ સારવાર બાબતે જેટલો સારો અભિપ્રાય આપી શકે તેટલો સારો અભિપ્રાય આપી શકુ નહી. એ વાત ખરી છે કે જે તે વિભાગના નિષ્ણાત ડોકટર નુ જ્ઞાન તેઓની ફીલ્ડમાં મારાથી વધુ હોય છે. એ વાત ખરી છે કે દર્દીને જે વિભાગના નિષ્ણાત ધ્વારા સારવાર આપવામાં આવેલ હોય તેવી સારવાર બાબતે વધુ સારો પુરાવો આપી શકે. મે આ કામના દર્દીને વહેલી સવારે ૪/૪૫ વગ્યા થી સારવાર શરુ કરી અડધો કલાક જેટલા સમય માટે સારવાર આપેલ. એ વાત ખરી છે કે દર્દી જયારે મારી પાસે સારવાર માટે આવેલ ત્યારે સંપુર્ણ સભાન અવસ્થામા હતો. મે દર્દીને અન્ય ડોકટર સમક્ષ રીફર કરેલા ત્યારે તેઓને ટ્રોમા વોર્ડમા રાખી સારવાર આપવામાં આવેલી. મે દર્દીને સારવાર કેઝ્યુલીટી વિભાગમાં દાખલ કરીને આપેલી.

**૧૨.૨** સદર તબીબી સાહેદની સમગ્ર જુબાનીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ઈજાપામનારને કેઝ્યુલીટી વિભાગમાં દાખલ કરી સારવાર આપનાર ડોકટરે રજુ કરેલ પુરાવો તપાસવામાં આવે તો, તે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ડો.રાહુલના પુરાવાને

સંપુર્ણપણે સમર્થનકારી પુરાવો આપેલાનુ જણાય છે. આ કામે ઈજા પામનારને તેઓએ તપાસેલ ત્યારે કેટલીક ઈજાઓ ઉપર તાજા લીધેલ ટાંકાઓ જોવા મળેલ હતી આમ, ઈજાપામનારને ડો.રાહુલ ઘ્વારા હાયર સેન્ટર પર રીફર કરી ઈજાપામનારને નંદુરબાર મહારાષ્ટ્ર ખાતેની સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ હતા અને વધુ સારવાર ત્યાં કરવામાં આવેલાનુ સ્પષ્ટ બને છે. વધુમાં ઈજા પામનારને થયેલ ઈજા ગંભીર સ્વરૂપની હતી તેવો સ્પષ્ટ અભિપ્રાય પ્રથમ સારવાર કરનાર ડોકટર ઘ્વારા આપવામાં આવેલાનુ પણ સ્પષ્ટ બને છે. આ ઉપરાંત ઈજાપામનારને નંદુરબાર ખાતેની સીવીલ હોસ્પીટલમાં અંદર ના દર્દી તરીકે રાખી સર્જીકલ વોર્ડમાં તથા ઓર્થોપેડીક વિભાગમાં સારવાર આપેલાનું સ્પષ્ટ બને છે અને તે સંબંધેના કેસ પેપર્સ પણ આંક–૫૪ થી રજુ રાખવામાં આવેલ છે.

બચાવપક્ષ ઘ્વારા ઈજા પામનારે હિસ્ટ્રીમાં કોઈ આરોપીના નામ જણાવેલ નથી, તેવો બચાવ લીધેલ છે પરંતુ ઈજાપામનારને થયેલ ઈજાઓ જોતા તેઓને હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર મળે તેવી બાબત પ્રાથમીક રીતે જરૂરી હતી. તેમજ ઈજાપામનાર તેઓને થયેલ મલ્ટીપલ ઈજાઓના કારણે અત્યંત આઘાત અને વેદનામાં હોય તે પણ એક સ્વાભાવીક બાબત છે અને તેવા સંજોગોમાં દર્દી પોતે ઈજા પહોચાડનારનુ નામ જણાવે તેવો ફરજીયાત આગ્રહ રાખી શકાય નહી અને આમ, ઈજાપામનારે હિસ્ટ્રીમાં નંદુરબાર ખાતેની સીવીલ હોસ્પીટલ માં દાખલ થતા સમયે કોઈ આરોપીઓના નામ દર્શાવેલ નથી તેવી બાબત આરોપીઓ નિર્દોષ હોવા બાબતેના મહત્વના પુરાવા સ્વરૂપે ઘ્યાને લઈ શકાય નહી.

ઈજાપામનારે તેમને થયેલ ઈજા બાબતે સૌપ્રથમ સારવાર તા. ૧૩/૪/૨૩ નારોજ રાત્રીના (વહેલી સવારે) ૨.૧૫ કલાકે સામુહીક આરોગ્ય કેન્દ્ર કુકરમુંડા ખાતે લીધેલ હતી ત્યારબાદની વધુ સારવાર તેઓએ સીવીલ હોસ્પીટલ નંદુરબાર ખાતે તા.૧૩/૪/૨૩ ના રોજ વહેલી સવારે ૪.૪૫ કલાકે દાખલ થઈ લીધેલ હતી. ત્યારબાદ તેઓને તા.૧૪/૪/૨૩ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી સારવાર આપવામાં આવેલ હતી તેવુ સ્પષ્ટ બને છે.

**૧૩.** ફરીયાદપક્ષે સાહેદ જતીનકુમાર ગુણવંતભાઈ પટેલનાઓને આંક-૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે,

''હું સરદાર સ્મારક હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી એમ.એસ. ઓર્થોપેડિક મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવું છું. ગઈ તા.૦૪/૦૫/૨૦૨૩ના રોજ દર્દી વિજયસીંગ ધવલભાઈ વસાવાને તેમના પત્ની ધ્વારા સારવાર માટે અમારી હોસ્પિટલમાં લાવવામાં આવેલા. **દર્દીને રાકેશભાઈ પ્રતાપસિંગ દામુભાઈ ગાવીત ધ્વારા તા. ૧૩/૦૪/૨૦૨૩ ના રોજ ૦૧:૦૦ (એ.એમ.)વાગ્યાની આસપાસ મૌલીપાડા લાકડી વડે હુમલો કરવામાં આવેલાનું જણાવેલું. પેશન્ટને તપાસતા તેઓ ભાનમાં હતા, તેઓએ પોતે હિસ્ટ્રી આપેલી.** પેશન્ટને પ્રાઈવેટ વાહનમાં અમારી હોસ્પિટલમાં લાવવામાં આવેલા. તે પહેલા તેમણે પ્રાથમિક સારવાર જેઈસ હોસ્પિટલ, કુકરમુંડા ખાતે લીધેલ હતી અને તેનું એમ.એલ.સી. કરવામાં આવેલ હતું, પેશન્ટને તપાસતા તે નશાની હાલતમાં ન હતા, તેના કાનના ગળામાં થી બ્લીડીંગ થતું ન હતું, તેના ધબકારા અને બ્લડપ્રેશર નોર્મલ હતા,

શ્વાસોશ્વાસ સામાન્ય હતા અને હૃદય ઉપર કોઈ ઈન્જરી ન હતી.

**તેને તપાસના નીચે મુજબની બાહ્ય ઈજાઓ માલુમ પડેલ.**

(૧) છાતી ઉપર જમણી સાઈડ પર સ્કાર માર્કનું અંદાજીત ૭ × ૦.૫ ની સાઈઝનું હતું.

(૨) જમણા ખભા અને હાથ ઉપર અંદાજીત ૭ × ૦.૫ સે.મી. નું સ્કાર માર્કનું નિશાન હતું.

(૩) જમણા હાથમાં કોણીથી નીચેના ભાગમાં અંદાજીત ૬ ×૧ સે.મી.નું સ્કાર માર્કનું નિશાન હતું.

(૪) જમણા હાથમાં કોણી અને તેની નીચેના ભાગમાં સોજો હતો.

(૫) જમણા હાથમાં વચ્ચેની રીંગ ફીંગર અને લીટલ ફીંગરમાં ૨ ×૧ સે.મી. નું સ્કાર માર્કનું હતું.

(૬) જમણા ખભા તથા કોણીની મુવમેન્ટ સામાન્ય હતી.

(૭) જમણા કાંડાનું હલનચલન ઓછું હતું.

(૮) જમણા હાથની રીંગ ફીંગર અને લીટલ ફીંગર અને મીડલ ફીંગર અકડાઈ (સ્ટીફ) થઈ ગયેલી હતી.

તેનો એકસ–રે લેતા જમણા હાથના કોણીના ભાગમાં અને જમણા હાથના કાંડા (ફોરઆર્મ) અને જમણા હાથની લીટલ ફીંગરમાં ફ્રેકચર જણાયેલ હતું, તેમજ ડાબા હાથની ઈન્ડેક્ષ ફીંગરમાં ફ્રેકચર માલુમ પડેલ. તેઓને સારવાર આપેલી અને જમણા હાથનું ઓપરેશન કરવામાં આવેલું અને પ્લાસ્ટિક સર્જરી પણ ત્યાં કરવામાં આવેલી હતી. આ દર્દીને અંદરના દર્દી તરીકે તા.૧૮/૦૫/૨૦૨૩ થી તા.૨૪/૦૫/૨૦૨૩ સુધી રાખેલા. આ અંગે અમારા હોસ્પિટલ માં ઈ.એમ. નં.૨૩/૬૯૩૫ તથા ઈન્ડોર રજિસ્ટર નં.૨૩/૧૧૫૦ થી

નોંધેલ અને જેનો એમ.એલ.સી. નં.૨૦૨૩–૨૩/૧૪ નોંધેલો. જે અંગેનું તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજનું અમારા હોસ્પિટલના લેટરપેડ ઉપર સર્ટીફિકેટ આપેલું. મને માર્ક–૭/૧૫ નું સર્ટીફિકેટ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૨૩ (P-1/PW-5)</u>** આપવામાં આવે છે. આ દર્દીનો ઈન્ડોર કેસ પેપર્સ હું આજરોજ મારી સાથે લાવેલ છું. જે અસલ હું રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૨૪ (P-2/PW-5)</u>** આપવામાં આવે છે. **આ દર્દીની ઈજા ગંભીર પ્રકારની કહી શકાય.** આ તમામ પ્રકારની ઈજા કોઈ ધારદાર સાધનથી થઈ શકે.''

**૧૩.૧** સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેમાં તેઓએ જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે આ સર્ટીફિકેટ મેં વાંચીને સહી કરેલી. એ વાત ખરી છે કે સર્ટીફિકટમાં દર્દીને તા.૧૫/૦૫/૨૦૨૩થી એડમીટ કરેલ હોય તેવું દર્શાવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવેલ છે કે સરતચૂકથી લખાયેલ છે. ખરેખર તા. ૧૮/૦૫/૨૦૨૩ ના રોજ દર્દીને દાખલ કરેલા. મારી પ્રેકટીસને પાંચ વર્ષ પુરા થયેલ છે. દર્દીને તા.૦૪/૦૫/૨૦૨૩ ના રોજ સવારના દસ વાગ્યે લાવેલા હતા. તેમના પત્ની માસુબેન વિજયસીંગ વસાવા લાવેલા હતા. લાવેલા ત્યારે દર્દી ભાનમાં હતા. દર્દીને લાવતા તુરત જ મારી પાસે તપાસ માટે લાવેલા. જેને તપાસતા અડધો કલાક લાગેલો. એ વાત ખરી છે કે હું તપાસતો હતો ત્યારે હિસ્ટ્રી દર્દી તથા તેના પત્ની બન્ને જણાવતા હતા. **હિસ્ટ્રીમાં દર્શાવેલ હકીકતના શબ્દો ચોકકસ કોણે કહેલા તે મને અત્યારે યાદ નથી.** એ વાત ખરી છે કે મેં મારા સર્ટીફિકેટમાં આ ઈજાઓ ગંભીર હોવાનું દર્શાવેલ નથી. એ વાત

ખરી છે કે મેં મારા સર્ટીફિકેટમાં ઈજાનો કલર દર્શાવેલો નથી. **એ વાત ખરી છે કે મને દર્દીને તપાસતા એવું લાગેલું કે માત્ર હિસ્ટ્રીમાં દર્શાવેલ છે તે હથિયારથી આ ઈજા સંભવ ન હતો.** એ વાત સાથે હું સહમત છું કે શેરડી ખેતરમાં કાપતા હોય તો પણ આ દર્દીને થયેલ છે તેવી ઈજા થવાની સંભાવના છે. મેં સારવાર કરેલી ત્યારે દર્દીના વાઈફ તથા મારા આસીસ્ટન્ટ ડોકટર ભાવિક પણ હાજર હતા. સમગ્ર તપાસેલ ત્યારે ત્યાં બીજું કોઈ હાજર ન હતું. **કોઈ વ્યકિતનું કુદરતના સામાન્યક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હોય તેવી દર્દીને ઈજા ન હતી.** એ વાત ખરી છે કે પેશન્ટ જે ભાષામાં હિસ્ટ્રી લખાવતા હતા તે ભાષામાં હું હિસ્ટ્રી લખતો હતો. સર્ટીફિકેટમાં હિસ્ટ્રી મેં ઈંગ્લીશમાં લખેલી છે. પેશન્ટે હિસ્ટ્રી અંગ્રેજીમાં જણાવેલી નહિ. એ વાત ખરી નથી કે તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ દર્દીને અમારી પાસે લાવેલ હોવાનું સર્ટીફિકેટમાં દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે સર્ટીફિકેટ તૈયાર કરતી વખતે મેં અંગત ધ્યાન આપેલ નથી જેથી સર્ટીફિકેટમાં ભુલો નથી.''

**૧૩.૨** સદર તબીબી સાહેદ જતીનભાઈની સમગ્ર જુબાનીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ સરતપાસ તબકકે બનાવ અંગેની હિસ્ટ્રી દર્દીએ પોતે આપેલાનુ જણાવે છે અને બનાવમાં લાકડી વડે હુમલો કરવામાં આવેલાનુ જણાવેલ છે. પરંતુ ઉલટતપાસ દરમ્યાન હિસ્ટ્રી દર્દી તથા તેના પતિ બન્ને જણા જણાવતા હતા હિસ્ટ્રીમાં જણાવેલ શબ્દો ચોકકસ કોણે કહેલા તે મને અત્યારે યાદ નથી તેમ જણાવેલ છે. આમ, બનાવની હિસ્ટ્રી ચોકકસ કોણે આપેલી તે બાબતે સાહેદ ડો.જતીનભાઈનો પુરાવો વિશ્વાસજન્ય જણાય

આવતો નથી. આમ,આ કામે હિસ્ટ્રીમાં લાકડી વડે હુમલો કરવામાં આવેલાની જે હકીકત લખવામાં આવેલ છે તે હકીકત વિશ્વાસજન્ય પુરાવા સ્વરૂપે જણાય આવતી નથી. વધુમાં ડોકટરે પોતાની ઉલટતપાસમાં એવી હકીકત પણ કબુલ રાખેલ છેકે દર્દીને થયેલ ઈજા બાબતે તેઓને એવુ લાગેલ કે માત્ર હિસ્ટ્રીમાં દર્શાવેલ છે તે હથિયાર યાને કે લાકડી વડે આ ઈજા સંભવ ન હતી તેમ જણાવેલ છે. આમ, આ કામે ઈજાપામનાર ને થયેલ ઈજા લાકડી વડે થયેલ ન હતી તેવી હકીકત પણ દર્દીની સારવાર કરનાર ડોકટરની જુબાનીમાં સ્પષ્ટ બને છે.આમ, બચાવપક્ષ ઈજા પામનારની હિસ્ટ્રીમાં તેઓ ઉપર હુમલો કરવા માટે લાકડી વપરાયેલ હતી અને ફરીયાદ પક્ષ તરફે હથિયાર તરીકે કોયતા ઉપર આધારીત હોય, હથિયાર બાબતે મહત્વનો વિરોધાભાસ સ્પષ્ટ થયેલાનુ માની આરોપીને તેનો લાભ આપવા જે રજુઆત કરવામાં આવેલ તે રજુઆત ગ્રાહય રાખવા પાત્ર જણાય આવતી નથી.

ડોકટર જતીનભાઈની ઉપરોકત જુબાનીનુ વધુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ રજુ કરેલ જુબાની મુજબ ઈજાપામનાર ને તા.૧૮/૫/૨૦૨૩ થી તા.૨૪/૫/૨૦૨૩ ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી અંદરના દર્દી તરીકે રાખી સારવાર આપવામાં આવેલ હતી. આ બાબતેનુ મેડીકલ સર્ટીફીકેટ આંક–૨૩ માં ઈજાપામનાર અંદરના દર્દી તરીકે તા.૧૫/૫/૨૩ થી ૨૪/૫/૨૩ દરમ્યાન સારવાર લીધેલાનો ઉલ્લેખ કરેલ છે. આમ, આ કામે ઈજાપામનારે તા. ૧૩/૪/૨૩ ના રોજ રાત્રીના ઈજા થયા બાદ અને તા.૧૩/૪/૨૩ થી તા.૧૪/૪/૨૩ સુધી સીવીલ હોસ્પીટલ નંદુબરબાર મહારાષ્ટ્ર

ખાતે સારવાર લીધા બાદ એક મહિના પછી બારડોલી સરદાર સ્મારક હોસ્પીટલ ખાતે વધુ સારવાર લીધેલાનુ સ્પષ્ટ બને છે. અને

સરદાર સ્મારક હોસ્પીટલ બારડોલી ખાતે આંક-૨૩ વાળા મેડીકલ સર્ટીફીકેટને જોતા તેઓએ જે ઈજાની સારવાર લીધેલ હતી તે ઈજા આ કામે કુકરમુંડા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ખાત પ્રાથમીક સારવાર લેતા સમયે ડોકટર રાહુલ વસાવાનાઓએ આંક-૧૪ વાળા મેડીકલ સર્ટીફીકેટમાં નોંધેલ ઈજાઓની સારવાર લીધેલાનુ સ્પષ્ટ બને છે. આમ, ઈજાપામનારે બારડોલી ખાતે લીધેલ સારવાર આજ ગુનાના પરિણામે થયેલ ઈજાની સારવાર લીધેલ હતી. તેવી હકીકત પણ આ કામે ડોકટર જયેશની જુબાની સ્પષ્ટ બને છે.

**૧૩.૩** બચાવપક્ષે આ કામે આંક-૨૩ વાળા મેડીકલ સર્ટીફીકેટ માં સારવારની તારીખો બાબતેના વિરોધાભાસને પોતાના બચાવ તરીકે આગળ ધરેલ છે પરંતુ આંક-૨૩ વાળુ સર્ટીફીકેટ જે ઈન્ડોર કેસ રેકર્ડ ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે તે ઈન્ડોર કેસ પેપર અસલ આ કામે આંક-૨૪ થી રજુ કરવામાં આવેલ છે અને આ ઈન્ડોર કેસ રેકર્ડ જોતા આ કામે ઈજાપામનારે શ્રી સરદાર સ્મારક હોસ્પીટલ બારડોલી ખાતે તા.૧૮/૫/૨૩ ના રોજ બપોરે ૧૨.૦૮ મીનીટે અંદરના દર્દી તરીકે દાખલ થઈ તા.૨૪/૫/૨૩ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા સુધી સારવાર લીધેલ હતી તેવી હકીકત સ્પષ્ટ બને છે. ત્યારે આંક-૨૩ વાળા મેડીકલ સર્ટીફીકેટમાં તા.૧૮/૫/૨૩ ના બદલે તા.૧૫/૫/૨૩ લખાયેલ હોવા માત્રથી બચાવ પક્ષના કેસને કોઈ લાભ આપવા પાત્ર જણાય આવતુ નથી.

**૧૩.૪** આ કામે ઈજાપામનારને છેલ્લે સારવાર આપનાર ડોકટર જતીનની ઉલટતપાસમાં રજુ થયેલ હકીકત મુજબ ઈજાપામનાર ને થયેલ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવી શકે તેવા પ્રકારની જણાય આવે ન હતી. પરંતુ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ દદીએ પોતાને ઈજા થયાના એક માસ બાદ કરાવેલ છે. ચોકકસ પણે જ એક માસના સમયગાળામાં ઘણીખરી ઈજાઓ રૂઝાઈ જાય સાજી થઈ જાય તે એક સ્વાભાવીક બાબત છે. તેવા સંજોગોમાં ડોકટર જતીનની ઈજા ના સ્વરૂપ બાબતેનો ચોકકસ અભિપ્રાય ન આપી શકે. તે પણ એક સ્વાભાવીક બાબત છે. આવા સંજોગોમાં ઈજાના સ્વરૂપ બાબતે ડોકટર જતીને આપેલો અભિપ્રાયને વધુ આધારભુત પુરાવામાં સ્થાન આપવુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

**<u>પંચનામાઓના પુરાવાનુ મુલ્યાંકન ::-</u>**

**૧૪.** આ કામનાં ફરીયાદ પક્ષે તા.૧૩/૪/૨૩ ના રોજનુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરવા માટે **પંચ સુનિલભાઈ વિનાયકભાઈ વળવીનાંઓને આંક-૧૫(PW-2)** થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે,

''તા.૧૩/૦૪/૨૦૨૩ ના રોજ પોલીસે આમોદા ગામે વિજયસિંગ ભાઈના ઘરે બોલાવેલ. તે વખતે મારી સાથે ટેડગ્યાભાઈ ખોજયાભાઈ હતા. ત્યાં મારામારીનો બનાવ બનેલો જેથી પંચમાં બોલાવેલા. જે જગ્યાએ બનાવ બનેલો તે અંગેનું પંચનામું કરવાનું હતું. આ જગ્યા માસુબેને બતાવેલી હતી. તે જગ્યા એક કાચુ મકાન હતું અને છાણથી લીપેલું હતું અને મોરપંખવાળું મકાન હતું, આ જગ્યાએ બે

થાંભલા પણ આવેલા હતા તેના ઉપર અમોએ લોહીના નિશાન અમોએ જોયેલ, ત્યાં જમીન પર પણ લોહી પડેલું અમે જોયેલું, ત્યાં બે ખાટલા પણ પડેલા હતા, થાંભલા નીચે છાણનું લીપણ કરેલ હતુ ત્યાં અમે લોહી જોયેલું, જયાં જયાં લોહી હતું ત્યાંથી પોલીસે અમારી હાજરીમાં લોહીનું સેમ્પલ લીધેલું. પંચનામાની કાર્યવાહી કર્યા બાદ અમારી પોલીસે સહીઓ લીધેલી. મને માર્ક–૭/૫ નું પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. બીજા પંચ ટેડગ્યાભાઈએ પણ મારી હાજરીમાં પંચ નં.૨ તરીકે સહી કરેલી. જે હું ઓળખી બતાવું છું. જેને પુરાવામાં રજુ દાખલ <u>**આંક–૧૬ (P-1/PW-2)**</u> આપવામાં આવે છે. ''

**૧૪.૧** સદર પંચ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે,''મને સવારે નવ વાગ્યે બોલાવેલો. તે વખતે હું મારા ઘરે હતો. મને બોલાવવા આવેલા. આ અગાઉ પોલીસે મને કયારેય પંચમાં બોલાવેલ નથી. એ વાત ખરી નથી કે હું ગયો ત્યારે સીધા જ મને સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. **પંચનામાનું લખાણ હું જાત લખાવતો હતો. હું બોલતો જતો હતો તે પ્રમાણે પોલીસે લખતા જતા હતા. પંચનામું કરતા એક કલાકનો સમય થયેલો. હું એકલો જ લખાવતો ન હતો, બીજા પંચ પણ લખાવતા હતા. સેમ્પલ કબજે કરવાની કાર્યવાહી મારી હાજરીમાં થયેલી અને મેં કહ્યા બાદ પોલીસે કબજે કરેલ.** પંચમાં રહેવા માટે મને માસુબેને બોલાવેલા. માસુબેનનો છોકરો ઉમેશભાઈ મને બોલાવવા આવેલો. મારૂ ઘર આમોદામાં આવેલું છે. ઉમેશભાઈ મને બોલાવવા સવારે આઠથી સાડા આઠ વાગ્યે આવેલા. ઉમેશભાઈએ આવી

ને મને એવું જણાવેલું કે મારામારી થયેલી છે એટલે તમારે આવવાનું છે. અમો ચાલીને ગયેલા અને ૦૮:૪૦ એ પહોંચેલા. તે વખતે ત્યાં ચાર પોલીસવાળા હતા. તેઓ લેપટોપ લઈને આવેલા નહિ. હું, ઉમેશભાઈ અને ચાર પોલીસવાળા હતા. એ વાત ખરી નથી કે અમો પહોંચેલ ત્યારે લખાણ તૈયાર કરેલું હતું. અમો ૦૮:૪૦ એ ગયા બાદ લખવાનું શરૂ કરેલું. લખાણ એક કલાક ચાલુ રહેલું. ૦૯:૪૦ એ લખાણ પૂર્ણ થયેલું. લખાણ પુરૂ થયા બાદ હું ઘરે જતો રહેલો. હું ૦૯:૫૦ એ ઘરે પહોંચેલો. બપોર સુધી ઘરે રહેલો. તે દરમ્યાન હું કયાંય ગયેલો નહિ. હું ધોરણ-૧૨ ભણેલ છું. એ વાત ખરી છે કે પોલીસ લખાણમાં સમયમાં કલાક તેર, ચૌદ, પંદર લખે તે મને સમજ પડે નહિ. બનાવના દિવસે પહેલા હું નિઝર પોલીસ સ્ટેશનમાં ગયેલો હોય અને પછી બનાવવાળી જગ્યાએ ગયેલો હોય તેવું બનેલું નથી. પોલીસે મને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ હોય તેવું બનેલ નથી. આ લખાણ બે પાનાનું થયેલું. લખાણ આગળ પાછળ લખેલું. મેં સહી ત્રીજા પાના પર કરેલી. ત્રીજા પાના પર સહી કરેલી તેમાં થોડુ લખેલું હતું. તે વખતે મેં સહી કરી તે લખાણના ત્રણ પાના હતા. પંચનામું ઘરની અંદર અને બહાર જઈને લખતા હતા. એ વખતે ચાર પોલીસ વાળા અને ઉમેશભાઈ હાજર હતા. **એ વાત ખરી નથી કે પોલીસ વાળાએ લખાણ તૈયાર રાખેલું અને માત્ર મારી સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે મેં બધી સહીઓ નિઝર પોલીસ સ્ટેશનમાં કરેલી. એ વાત ખરી નથી કે પોલીસના કહેવાથી સહી કરેલી. પોલીસ મને લખાણ વાંચી સંભળાવેલું. એ વાત ખરી નથી કે હું બનાવ સ્થળે ગયેલ**

**નથી અને પંચનામું કરેલ નથી અને ફરિયાદીને મદદ કરવા ખોટી જુબાની આપુ છું.''**

**૧૪.૨** આમ, સદર સાહેદની જુબાનીના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, પંચનામાની હકીકત તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલાની હકીકત શંકાપ્રેરક બનતી હોય તેમ જણાય આવતુ નથી. પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં પંચનામાની નાની નાની વિગતો, તેમજ બનાવ સ્થળ ની સ્થળસ્થિતીનો વિગત વાર નિરૂપણ કરેલ છે. તેમજ બચાવપક્ષ કોઈ મહત્વની બાબતો પંચ સાહેદની રૂબરૂમાં પંચનામુ કરવામાં આવેલ જ નથી અથવા તો પંચ સાહેદ પંચનામાથી વિરુધ્ધની હકકીત રેકર્ડ ઉપર રજુ કરી તેવી કોઈ બાબત સ્પષ્ટ કરી શકેલ નથી. આવા સંજોગોમાં આ કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલ હતુ. તેવી હકીકત સ્પષ્ટ પુરાવાઓથી પુરવાર કરવામાં આવેલ હોવાનુ માનવાનુ રહે છે.

**૧૫.** આ કામનાં ફરીયાદ પક્ષે તા.૧૪/૪/૨૩ ના રોજનુ આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામુ તથા તા.૧૫/૪/૨૩ના રોજનું ગુન્હામાં સંડોવાયેલ મોટર સાયકલનું પંચનામુ પુરવાર કરવા માટે **પંચ સુરપસિંગભાઈ છાણીયાભાઈ પાડવીનાંઓને આંક-૧૭(PW-3)** થી તથા **બીજા પંચ આત્મજ્ઞાનભાઈ માનસિંગભાઈ વસાવા**નાઓને આંક -૨૦**(PW-4)**થી સોગંદ ઉપર તપાસેલ છે બન્ને પંચોએ પોતાની સરતપાસ માં જણાવેલ છે કે,

'' પોલીસે મને નિઝર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. તા. ૧૪/૦૪ ના રોજ મને બોલાવેલ. તે વખતે બીજા પંચ તરીકે મારી સાથે આત્મજ્ઞાન માનસિંગભાઈ હતા અને અમો પોલીસ સ્ટેશને ગયા ત્યાં રાકેશ અને પ્રતાપસિંગ ત્યાં હાજર હતા અને ત્યાં અમારી સહી લીધેલી. બીજી કોઈ કાર્યવાહી કરેલી નહિ. માર્ક–૭/૬નું પંચનામું મને બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે રજુ કરૂ છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૮ (P-1/PW-3)</u>** આપવામાં આવે છે. ત્યાં કપડા રજુ કરેલા અને તે કપડા કબજે કરેલા. આ કપડા રાકેશભાઈ ના અને પ્રતાપસિંગભાઈના હતા. મારી હાજરીમાં કોઈ હથિયાર રજુ કરેલું નહિ. બીજી વખત બે દિવસ બાદ નિઝર પોલીસ સ્ટેશનમાં મોટર સાઈકલ કબજે કરવાનું પંચનામું કરવા બોલાવેલ. મોટરસાઈકલ મેં જોયેલું નહિ. મોટરસાઈકલ કોણ લાવેલું તેની મને ખબર નહિ. મારી હાજરીમાં મોટરસાઈકલનું પંચનામું કરેલું નહિ. મોટરસાઈકલ કઈ કં પનીનું હતું તેમની મને ખબર નથી. મોટરસાઈકલનો નંબર મને ખબર નથી. પંચનામામાં સહી કર્યા સિવાય કશું જાણતો નથી. માર્ક–૭/૮ નું પંચનામું મને બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૯ (P-2/PW-3)</u>** આપવામાં આવે છે. ''

સદર પંચ સાહેદે પંચનામાની કેટલીક હકીકતોને સમર્થન કરેલ ન હોય, વિ. સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા અને તેવી પરવાનગી અદાલત તરફથી પુરી પાડવામાં આવતા વિ. એ.પી.પી.શ્રીએ પંચનામાની મહત્વની તમામ હકીકતો બાબતે

સાહેદને વિસ્તૃત પુછપરછ કરેલ હતી. પરંતુ પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

**૧૫.૧** સદર પંચ સાહેદોની આરોપીનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે,''અમોને પંચમાં રહેવા સવારે આઠેક વાગ્યે અમારા ઘરેથી બોલાવેલા. મને બોલાવવા માટે વિજેસિંગભાઈ આવેલા. નવ વાગ્યે અમો પોલીસ સ્ટેશનમાં પહોંચેલા. તે વખતે રાકેશભાઈ અને પ્રતાપસિંગ કસ્ટડીમાં હતા. એ વાત ખરી છે કે તેઓ બેરેકમાં જ હતા ત્યારે પોલીસવાળા લખાણ કરતા હતા અને પોલીસે અમને પંચનામા માં સહી કરવાનું કહેતા તેથી મેં સહી કરી આપેલી. એ વાત ખરી છે કે લખાણ થયું ત્યારે હું અને પોલીસ હતા તે સિવાય બીજુ કોઈ ન હતું. હું સહી કરીને નીકળી ગયેલો. હું પોલીસ સ્ટેશનમાંથી પાંચથી દસ મિનિટ રોકાયેલો.એ વાત ખરી છે કે,પંચનામા કેટલા પાનાના હતા અને મેં કેટલી સહી કરેલી તે હું કહી શકું નહિ. પંચનામામાં શાનો ઉલ્લેખ કરેલો તેની પણ મને ખબર નથી. એ વાત ખરી નથી કે મને પોલીસ વારંવાર પંચમાં રહેવા બોલાવે છે. એ વાત ખરી છે કે પંચનામામાં નવ વાગ્યા અને પાંચથી દસ મિનિટ બાદ સહી કર્યા બાદ હું નીકળી ગયેલો. ''

સદર પંચ સાહેદોની જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, બન્ને પંચોની હાજરીમાં આરોપીની અટક કરેલાની હકકીત તેમજ તેઓએ આ કપડા કબજે કરેલાની હકીકતે પંચ સાહેદે સમર્થન આપેલ છે પરંતુ તેઓ રૂબરૂમાં પોલીસે કાર્યવાહી કરી મોટર સાયકલ કબજે કરેલાની હકીકતને પંચ સાહેદે સમર્થન પુરે પાડેલ નથી. તે જ

રીતે ગુનામાં વપરાયેલ હથિયાર કોયતો કબજે કર્યાની હકીકતને પણ પંચ સાહેદે સમર્થન પુરુ પાડેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓના કપડા તેઓની ધરપકડ સમયે કબજે કરેલ પંચનામુ આંક–૧૮ની હકીકતો પૈકી ફરીયાદપક્ષ પંચ સાહેદના પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ છે. પરંતુ ગુનામાં વપરાયેલ હથિયાર કોયતો તેમજ આંક –૧૯ થી રજુ મોટર સાયકલ કબજે કર્યાનુ પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનુ માનવાનુ રહે છે.

**૧૬.** આ કામનાં ફરીયાદ પક્ષે તા.૧૪/૪/૨૩ ના રોજનુ ઈજા પામનારનો લોહીના ડાઘ વાળો ગમછો કબજે કર્યાનું પંચનામુ પુરવાર કરવા માટે **પંચ પવનભાઈ અમૃતભાઈ પાડવીનાંઓને આંક–૨૫ (PW-6)** થી તથા **બીજા પંચ કૃષ્ણાભાઈ પુંજર્યાભાઈ પાડવી** નાઓને આંક–૨૭**(PW-7)**થી સોગંદ ઉપર તપાસેલ છે બન્નેપંચોએ પોતાની સરતપાસ માં જણાવેલ છે કે,

''નિઝર પોલીસે મને તથા કૃષ્ણાભાઈ પુંજર્યાભાઈ પાડવી ને નિઝર પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. ત્યાં પોલીસે મારી તૈયાર પંચનામા માં સહી લીધેલી. મારી હાજરીમાં કોઈ પંચનામું કરેલું નહિ. મને માર્ક–૭/૭થી રજુ થયેલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૨૬(P-1/PW-6)</u>** આપવામાં આવે છે. એવું બનેલ નથી કે, પોલીસ સ્ટેશનમાં એક ઈસમ હાજર હોય અને તેમણે ઈજા પામનારનો ગમછો રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલ હોય. મારી હાજરી

માં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોય મને બતાવવામાં આવે તો હું ઓળખી શકું નહિ. ''

સદર પંચ સાહેદે પંચનામાની કેટલીક હકીકતોને સમર્થન કરેલ ન હોય, વિ. સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા અને તેવી પરવાનગી અદાલત તરફથી પુરી પાડવામાં આવતા વિ. એ.પી.પી.શ્રીએ પંચનામાની મહત્વની તમામ હકીકતો બાબતે સાહેદને વિસ્તૃત પુછપરછ કરેલ હતી.પરંતુ પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

સદર બન્ને પંચ સાહેદોની આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

સદર પંચ સાહેદોની જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, બન્ને પંચોની હાજરીમાં ઈજાપામનાર સાહેદનો લોહીના ડાઘ વાળો ગમછો કબજે કર્યાનું પંચનામુ કરવામાં આવેલાનુ ફરીયાદ પક્ષ શંકારહિત રીતે પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માની શકાય તેમ નથી.

**<u>બનાવને નજરે જોનાર સાહેદોનો પુરાવો :-</u>**

**૧૭.** ફરીયાદ પક્ષે સાહેદ સુનિતાબેન પ્રકાશભાઈ વસાવાનાઓને આંક-૨૮ **(PW-08)**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે ફરીયાદ બપક્ષના કેસ મુજબ તેઓ બનાવની રાત્રીએ ઘરમાં સુતા હતા અને બુમાબુમના અવાજ સાંભળી બહાર નીકળી બનાવ જોયેલ હતો અને તેઓ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે ખુબ જ મહત્વના સાહેદ છે. તેઓએ જુબાની માં એવી હકીકત જણાવેલ છેકે,

'' હું મૌલીપાડા/આમોદા મુકામે રહું છું. અમે ઘરમાં ચાર માણસો રહીએ છીએ. તેમાં હું, મારા પતિ પ્રકાશભાઈ, સાસુ માસુબેન અને સસરા વિજયભાઈ એટલા લોકો રહીએ છીએ. બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવ રાત્રીના સમયે એકાદ વાગ્યે બનેલો. અમારા ઘરે અમે ઉપરોકત ચાર લોકો અને મારા નણંદની બે છોકરીઓ પણ હતી. તેમાં એકનું નામ માહિ અને બીજીનું નામ આરૂષી હતું. બનાવ વખતે અમો બધા ઉંઘેલા હતા. અમે એક ખોલીમાં સુતેલા હતા. **ઓટલા ઉપર મારા સસરા, સાસુ અને બે નાની છોકરીઓ સુતેલા હતા. તે વખતે મારી સાસુએ બૂમ મારી અમને બોલાવેલ. ત્યારે રાકેશભાઈ આવીને મારા સસરાને મારવા લાગેલો અને કોયતાથી મારેલાનું મેં જોયેલું. બે આંગળીઓ ઉપર મારેલું અને માથા, ચહેરાના ભાગે તથા હાથના ભાગે કોયતો મારેલો. જેથી મારો પતિ તેઓને છોડાવવા જતા તેને પણ નાક ઉપર મારી દીધેલું.** બીજા માણસો છોડાવવા આવે તે માટે બૂમાબૂમ કરતા હતા. આ બનાવ બનેલો ત્યારે રાકેશના પપ્પા પણ બહાર ઉભા હતા. મારીને આ લોકો જતા રહેલા. અમે બૂમાબૂમ કરતા આશારામભાઈ, રીટાબેન અને ઉમાકાંતભાઈ ત્યાં આવી ગયેલા. એમ્બ્યુલન્સમાં મારા સસરાને દવાખાને કુકરમુંડા લઈ ગયેલ અને ત્યાંથી નંદુરબાર લઈ ગયેલા હતા. પોલીસે મારી પૂછપરછ કરેલી. હુમલો કરનાર આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે તેમ કહી સાહેદ બન્ને આરોપીઓને ઓળખી બતાવે છે. મને કોયતો બતાવવામાં આવે તો હું ઓળખી શકું. પરંતુ જે તે વખતે તેઓ લઈ ને જતા રહેલા.''

**૧૭.૧** સદર સાહેદ બચાવપક્ષે વિ.વકીલ શ્રી એન.એસ.પ્રધાનનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ એવી હકીકત જણાવેલ છે કે,

''મારી પૂછપરછ કરતી વખતે મેં પોલીસને એવું જણાવેલું કે મને ગુજરાતી ભાષા આવડતી નથી. મને ગુજરાતીમાં લખેલ લખાણ વાંચી સંભળાવેલ હોય તેવું બનેલ નથી. અમારા ઘરમાં ત્રણ રૂમ છે. આરોપી અમારો કુટુંબી થતો નથી. અંજનાબેન મારી નણંદ થાય છે. આરોપી રાકેશ અંજનાબેન સાથે પરણેલો નહિ પરંતુ તેને લઈને નાશી ગયેલો. એ વાતની મને ખબર નથી કે અંજનાબેનને લઈને આરોપી નાશી ગયેલો જે મારા સાસુ, સસરાને ગમતુ ન હતું કે કેમ. અંજનાબેન અંગે મારા સાસુ, સસરા સાથે અમારે કોઈ ચર્ચા થયેલી ન હતી. બનાવ વખતે અંજનાબેન અમારા ઘરે ન હતી. બનાવના દિવસે પણ સાસુ, સસરા વચ્ચે અંજનાબેન સબંધે કોઈ ચર્ચા થયેલી ન હતી. મારા ઘરની આજુબાજુમાં મારા સસરાનું અને જેઠનું ઘર આવેલું છે. બનાવ વખતે હું ઘરની અંદર સુતેલી હતી. ઓટલાની બહાર ખુલ્લુ આંગણું હતું. બનાવ વખતે મારા સાસુએ દરવાજા ઉપર આવી બૂમ પાડેલી, બારણું બંધ હતું . બૂમ પાડેલી ત્યારે ઘરમાં અંધારૂ હતું. **એ વાત ખરી છે કે અંધારૂ હોય તો નજીક ઉભેલો માણસ દેખાય નહિ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે ઓટલા ઉપર લાઈટ હતી. ઓટલા ઉપર ચાર લાઈટ હતી, બધી ચાલુ હતી. હું અને મારા પતિ અલગ અલગ ખાટલા ઉપર સુતેલા હતા. બૂમ પડતા હું અને મારા પતિ સાથે જ બહાર નીકળેલા હતા.** એ વાત ખરી છે કે મેં મારા પોલીસ નિવેદનમાં એવું લખાવેલ છે કે, ''એ દરમ્યાન રાત્રીના એકાદ વાગ્યે અમારા ઘરની લાઈટ એકદમ બંધ થઈ ગયેલ.'' એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ, સરનામું પૂછેલું

બીજુ કંઈ પૂછેલું નહિ. એ વાત ખરી છે કે બનાવની તારીખ મને ખબર નથી. હું કહી શકું નહિ કે તા.૧૮/૦૫/૨૦૨૩ કે તા.૧૫/૦૫/૨૦૨૩ ના રોજ સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયેલા. કેમ કે મને તારીખમાં ખબર પડતી નથી. એ વાત ખરી છે કે હું અને મારા પતિ બહાર નીકળેલ ત્યારે ઓટલા ઉપરની બધી લાઈટો ચાલુ હતી. એ વાત ખરી નથી કે અમો બહાર નીકળા ત્યારે મારી સાસુ ખાટલા પર સુતી હતી, પરંતુ મારા કહેવા મુજબ જાગતી હતી અને ખાટલા પર ઉભેલી હતી. અમે બહાર નીકળેલ ત્યારે મારા સસરા ખાટલા પર હતા. એ વાત ખરી નથી કે અમો બહાર નીકળ્યા બાદ અમારા સાસુ, સસરાને જોયા બાદ અમો ઘરમાં પાછા જતા રહેલા. એ વાત ખરી છે કે બનાવ વખતે હું, મારા સાસુ–સસરા અને બે દીકરીઓ સિવાય બીજુ કોઈ ન હતું. અમો પહેલા પોલીસ સ્ટેશન ગયેલા નહિ. પરંતુ પહેલા હોસ્પિટલ ગયેલા. હું હોસ્પિટલે મારા સસરા સાથે ગયેલી અને એમ્બ્યુલન્સમાં ગયેલા. હું અને મારા ઘરવાળા બન્ને હતા. તે વખતે મારા કાકાજી સસરા પણ સાથે હતા. અમો હોસ્પિટલમાં ગયા તે દિવસે આખો દિવસ હોસ્પિટલ માં જ હતા. હોસ્પિટલમાં મારા કાકાજી, હું અને સસરા હતા. બીજે દિવસે પણ અમો ત્યાં જ રોકાયેલા. તે દરમ્યાન અમો દવાખાના માં જ રહેલા. બીજે કયાંય ગયેલા નહિ. બનાવના દિવસથી બીજા દિવસ સુધી મારા પતિ પણ હોસ્પિટલમાં સાથે રોકાયેલા. એ વાત ખરી નથી કે કોઈ બનાવ હું કહું છું તે રીતે બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ ત્યાં હાજર ન હતા અને કોયતા વડે મારા સસરાને ઈજા પહોંચાડતા મેં કોઈને જોયેલ નથી. ''

**૧૭.૨** સદર સાહેદ સુનિતાબેન પ્રકાશભાઈ વસાવાનાઓની સમગ્ર જુબાનીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ બનવા પાછળનુ મુખ્ય કારણ ઈજાપામનારના દિકરી અંજનાબેન આરોપી રાકેશ સાથે ભાગી ગયેલ હતી તેમજ બનાવની રાત્રીએ તેણી ઘરમાં ખોલીમાં સુતેલ હતા તેમજ ઈજાપામનાર વિજયભાઈ તથા સાસુ માસુબેન તેમજ બે બાળકો ઓટલા ઉપર સુતા હતા ત્યારે રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં હાલનો બનાવ બનવા પામેલ હતો. બનાવ સમયે તેણીની સાસુ માસુબેન દરવાજા આગળ આવીને બુમાબુમ કરતા હાલના સાહેદ બહાર નીકળેલ હતા ત્યારે તેઓના પતિ પ્રકાશભાઈ પણ બહાર નીકળેલા અને આરોપી ઈજાપામનારને કોયતા થી મારેલ હતુ તે તેણે નજરે જોયેલ હતુ આરોપીએ ઈજાપામનાર ને બે આગળીઓ ઉપર તથા માથા તથા ચહેરાના ભાગે તથા હાથના ભાગે કોયતો મારેલો. જેથી પતિ તેઓને છોડાવવા જતા તેને પણ નાક ઉપર મારી દીધેલ. ત્યારબાદ બુમાબુમ કરતા બીજા માણસો આશારામભાઈ , રીટાભાઈ તથા ઉમાકાંત ભાઈ પણ આવી ગયેલા આ સમયે રાકેશના પપ્પા બહાર ઉભેલા હતા તેવો પુરાવો આપેલ છે.

**૧૭.૩** બચાવપક્ષે આ પુરાવાને શંકા પ્રેરક બનાવવા માટે બનાવ સમયે એકાએક લાઈટ બંધ થઈ ગયેલી અને તેથી આરોપીને કોઈ ઓળખી શકે તેમ ન હતુ તેવો બચાવ લીધેલ હતો અને આંક ૩૪ વાળી ફરીયાદમાં તેમજ સુનિતાબેનનાઓએ પોતાની ઉલટતપાસ દરમ્યાન તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં'' એ દરમ્યાન રાત્રીના એકાદ વાગ્યે મારા ઘરની લાઇટ એકદમ બંધ થઇ ગયેલ.'' તેવી હકીકત લખાવેલ હતી તેવુ કબુલ રાખેલ છે. પરંતુ બચાવપક્ષે સાહેદનો ઉલટતપાસમાં પોલીસે તેણીનુ બનાવ બાબતે કોઇ નિવેદન લીધેલ

નથી. તેવો બચાવ આગળ ધરતા સાહેદે ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ બીજુ કંઇ પુછેલુ નહી.'' આમ, બચાવપક્ષે એક તબકકે પોલીસે તેઓની કોઇ પુછપરછ હાથ ધરેલ નથી. તેવુ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરેલ છે તેવા સંજોગોમાં રાત્રીના એકાદ વાગ્યે ઘરની લાઇટ બંધ થયેલાની હકીકત સાહેદે પોલીસમાં લખાવેલ હતી તેવી હકીકત શંકા રહિત રીતે માની શકાય તેમ નથી. આમ, બનાવ સમયે આરોપીઓને ઓળખવા માટે લાઇટ ચાલુ ન હતી. તેવો બચાવ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવતો નથી.

વધુમાં સાહેદે ઉલટતપાસ દરમિયાન સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઓટલા ઉપર લાઈટ હતી, બધી ચાલુ હતી. આમ, બનાવ સમયે રાત્રીના ઓટલા ઉપર લાઈટો ચાલુ હતી તેવી હકિકત સ્પષ્ટ બને છે. આવા સંજોગોમાં બનાવ સમયે અંધારુ હતું અને આરોપીને ઓળખી શકાય તેવા કોઈ કૃત્રીમ પ્રકાશની સગવડ હતી તેવો પુરાવો સાહેદે આ કામે રજુ કરેલ છે. આ ઉપરાંત સાહેદે બનાવની નાનામાં નાની વિગતો પોતાની સરતપાસમાં રજુ કરેલ છે અને ઉલટતપાસ દરમ્યાન આ વિગતોને તેઓ સંપુર્ણ પણે વળગી રહેલ છે. વધુમાં સાહેદ સુનિતાબેનની જુબાની મુજબ ઓટલા ઉપર બનાવ સમયે લાઇટ ચાલુ હતી તેવી હકીકતને બનાવમાં ઈજાપામનાર વિજયસિંગનાઓએ પણ પોતાની જુબાનીમાં સમર્થન આપેલ છે. આ ઉપરાંત બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ દરમ્યાન સાહેદે બનાવને નજરે જોયાની હકીકતને શંકાપ્રેરક બનાવે તેવી કોઇ હકીકત આ કામે રેકર્ડ ઉપર રજુ થતી હોવાનુ જણાય આવતુ નથી.

આમ, સાહેદ સુનિતાબેનની સોગંદ ઉપરના મુલ્યાંકનના અંતે તેઓએ બનાવ નજરે જોયેલ હતો તેમજ આ કામના આરોપી રાકેશે કોયતાથી ઈજાપામનાર વિજયભાઇને હાથે, માથાના ભાગે, ચહેરાના ભાગે તથા નાકના ભાગે તથા સાહેદના પ્રકાશભાઈને પણ

ઈજાપહોચાડેલ હતી અને આવા બનાવ સમયે આરોપી નં.૨ પ્રતાપસીહ દામુભાઈ ગામીતનાઓ બહાર ઉભા હતા અને ત્યારબાદ તેઓ જતા રહેલા. તેવી હકીકત વિશ્વાસજન્ય પુરાવાથી રેકર્ડ ઉપર પુરવાર થતી હોવાનુ માનવાનુ રહે છે.

૧૮. ફરીયાદપક્ષે સાહેદ માસુબેન વિજયસિંગ વસાવાનાઓને આંક–૩૦ **(PW-10)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ એવુ જણાવેલ છે કે,

'' મારા પતિનુ નામ વિજયસિંગ છે. મારે ૪ દિકરીઓ અને ૧ દિકરો છે. મારા દિકરાનુ નામ પ્રકાશ છે અને દિકરીનુ નામ સુનિતાબેન છે જે મરણ ગયેલ છે, બીજી દિકરીનુ નામ રીટાબેન છે જેના લગ્ન ઉમાકાંત સાથે થયેલા છે, બીજી દિકરીનુ દિપીકા છે અને એકનુ નામ અંજના છે. અંજનાના લગ્ન બીજા જોડે થયેલા પરંતુ રાકેશ તેને લઈને ભાગી ગયેલો. મારા ઘરમા ૪ જણ મારો દિકરો, તેની પત્ની, હું તથા મારા પતિ રહેતા હતા અને મારી દિકરીઓને ૨ દિકરી છે તેઓ પણ મારી સાથે રહેતા હતા. બનાવની તારીખ મને યાદ નથી. **બનાવ દશેક મહીના પહેલા રાત્રે ૧ વાગ્યે બનેલો. તે વખતે હું તથા મારા ધણી સુતેલા હતા અને અમારી બાજુમા છોકરીઓની છોકરીઓ સુતેલી હતી અને તે વખતે રાકેશ ત્યા આવેલો અને કોયતાથી મારા પતિને હાથમા, છાતીમા, મોઢા ઉપર અને કપાળ પર મારેલ અને મારા પતિના હાથની ૨ આંગળીઓ કાપી નાખેલી અને બીજા હાથની ૪ આંગળીઓ કોયતાથી કાપી નાખેલી અને ઈજા થવાથી અમો મારા પતિને દવાખાને લઈ ગયેલા.** આ સિવાય બીજુ કાઈ બનેલ નહી અને હોસ્પીટલે મારા જમાઈ ઉમાકાંત લઈ ગયેલા અને તે વખતે મારો દિકરો અને તેની વહુ પણ ગયેલા. બનાવ બન્યો ત્યારે મારો દિકરો પ્રકાશ અને તેની પત્નિ સુનિતા પણ ત્યા ઘરની અંદર હતા. આ બનાવ બનતા મે બુમાબુમ કરેલી જેથી મારો છોકરો અને વહુ બહાર નીકળેલા. આજુબાજુના લોકો પણ ભેગા થઈ ગયેલા. આ સિવાય

બીજુ કાઈ બનેલ નહી. પોલીસે મારુ નિવેદન લીધેલુ. મને જે કોયતા વડે મારા પતિને મારેલ તે બતાવવામા આવે તો હું ઓળખી શકુ. આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર છે તેઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવુ છું. મારા દિકરાને નાકના ભાગે લાગેલુ અને આ ઈજા મારા દિકરાને રાકેશે ધક્કો મારતા થયેલી. મારી દિકરી અંજના બાબતે મારા દિકરાને ધક્કો મારેલો.''

**૧૮.૧** સદર સાહેદ બચાવપક્ષે વિ.વકીલશ્રીનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મને ગુજરાતી ભાષા લખતા અને બોલતા અને વાંચતા આવડતી નથી. **એ વાત ખરી છે કે મારી દિકરી અંજનાને રાકેશ ભગાડી લઇ ગયેલો તે સંબંધે મારા પતિ અને રાકેશ વચ્ચે અણબનાવ હતો. એ વાત ખરી છે કે જ્યારથી આરોપી રાકેશ મારી દિકરી અંજનાને ભગાડી લઈ ગયેલ ત્યારથી અમારે તેની સાથે બનતુ ન હતુ.** એ વાત ખરી છે કે બનાવ વખતે હું અને મારા પતિ અલગ અલગ ખાટલા ઉપર સુતેલા હતા. **એ વાત ખરી નથી કે બનાવ બનેલ ત્યારે ઘરમા અંધારુ હતુ,** પરંતુ અજવાળુ હતુ. **બનાવ વખતે ઘરની અંદર, ઓટલા ઉપર અને પાછળ લાઇટો ચાલુ હતી. તે વખતે અમે બધા જાગતા હતા.** એ વાત ખરી છે કે બનાવ સમયે લાઇટ બંધ થઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મને ગુજરાતી ભાષામા પુછપરછ કરેલ હોય મારુ નિવેદન નોંધી મને બતાવેલ હોય તેવુ બનેલ નથી. મે ડાબા હાથની ૪ આંગળી કપાયેલી જોયેલી અને બીજા હાથની ૨ આંગળી કપાયેલી જોયેલી. મે જોયેલ ત્યારે તેના મોઢા ઉપર લોહી નીકળતુ હતુ. કપાળની ઈજાઓથી લોહી નીકળતુ હતુ. મારા પતિને ઈજા થતા અમે પકડવાનો પ્રયત્ન કરેલો પરંતુ તેઓ પકડવા દેતા ન હતા. મારા પતિને હોસ્પીટલ લઇ ગયેલા ત્યારે હું સાથે ગયેલ ન હતી. એ વાત ખરી નથી કે હું તેની સાથે ગયેલ અને ડોક્ટરને હિસ્ટરીમા લાકડા વાડે મારેલ હોવાનુ દર્શાવેલ. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ અને

સરનામુ પુછેલુ બીજુ કાઇ પુછેલ નહી કેમ કે હું બિમાર હતી. હું બિમાર હોવાથી મારા પતિને હોસ્પીટલ લઇ ગયેલા ત્યારે હુ ઘરે જ હતી. એ વાત ખરી નથી કે બનાવ વખતે ઘરમા હું, મારા પતિ અને ૨ છોકરીઓ જ હતી. અમે ખેતી કામ કરીએ છીએ પરંતુ અમારી પાસે કોયતા અને દાંતરડુ નથી. **એ વાત ખરી નથી કે બનાવમા આરોપી રાકેશભાઇ હાજર ન હતા પરંતુ તેઓ સાથે દુશ્મનાવટ ચાલતી હોય તેઓને ખોટી રીતે નામ દર્શાવેલ છે.** એ વાત ખરી નથી કે મારા પતિ ઘરમા ચાકુથી કામ કરતા હોય જેનાથી આ તમામ ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે બનાવ વખતે એમ્બુલન્સમા કોણ ગયેલુ તેની મને માહીતી નથી. એ વાત ખરી છે કે બનાવની ફરિયાદ કોણે આપેલી તેની મને માહીતી નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મારા પતિને કોયતા વડે ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી અને બનાવવાળા સ્થળે રાત્રીનુ અંધારુ હોય જેથી ક્યા ઈસમે મારા પતિને ઈજા કરેલ તે હું જાણતી નથી. ''

**૧૮.૨** સદર સાહેદ માસુબેન વિજયસિંગ વસાવાનાઓની સમગ્ર જુબાનીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ સમયે તેણી પણ ઈજાપામનાર વિજયભાઈની સાથે ઓટલા ઉપર સુતા હતા અને દિકરીની બે દિકરીઓ પણ બહાર ઓટલા ઉપર સુતી હતી ત્યારે રાત્રીના એક વાગ્યે આરોપી કોયતા સાથે ત્યાં ગયેલા અને આરોપીએ વિજયભાઈ ઉપર હુમલો કરેલો અને કોયતાથી છાતીના ભાગે, કપાળના ભાગે, મોઢા ઉપર તથા આંગળીઓ કાપી નાંખી ઈજાઓ કરેલાનુ સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં બચાવપક્ષે બનાવ વાળા સ્થળ ઉપર બનાવને સ્થળ સમયે લાઈટ ચાલી ગયેલાનો બચાવ રજુ કરતા સાહેદે ઘરની અંદર, ઓટલા ઉપર અને પાછળ લાઇટો ચાલુ હતી તેવી હકીકત જણાવેલ છે. આમ, બનાવ વાળા સ્થળ ઉપર બનાવ સમયે આરોપીની ઓળખ નિશ્ચીત કરવા માટે જરૂરી પ્રકાશ ન

હતો તેવો બચાવ ગ્રાહય રાખવા પાત્ર જણાય આવતો નથી. વધુમાં સાહેદ માસુબેન પોતાના પુરાવામાં આરોપી નં.ર ની ગુનાાવાળા સ્થળે હાજરી બાબતે કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. તેટલા માત્રથી આરોપી નં.ર ની ગુનાવાળા સ્થળ ઉપરની હાજરી શંકાપ્રેરક બની જતી નથી. સામાન્ય રીતે ગુનો બનતા સમયે દરેક સાહેદ ગુનાના દરેક બનાવને નજરે જોઇ તેવો આગ્રહ હંમેશા માટે રાખી શકાય નહી. આમ, આ કામે સાહેદ માસુબેને આરોપી નં.ર ને ગુનામાં સંડોવતો પુરાવો રજુ કરેલ નથી તેટલા માત્ર થી ફરીયાદપક્ષનો આખેઆખો કેસ શંકાપ્રેરક બની જતો નથી.

સાહેદ માસુબેને પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં પ્રકાશભાઈને થયેલ ઈજા ધકકો મારતા થયેલાનુ જણાવેલ છે. જયારે બનાવને નજરે જોનાર સાહેદ સુનિતાબેને આ ઈજા કોયતાથી થયેલાનુ જણાવેલ છે. તેથી આવા વિરોધાભાસને આધારે બચાવપક્ષે બનાવ શંકાપ્રેરક હોવાની રજુઆત કરેલ છે. પરંતુ મારા મારો બનાવ એકાએક બનવા પામે ત્યારે દરેક વ્યકિત ગુનાની તમામ ઘટનાઓ ધ્યાન પુર્વક જોઇ તેઓ આગ્રહ રાખી શકાય નહી. આ કામે સાહેદ માસુબેન પ્રકાશભાઈને નાકના ભાગે ઈજા થયેલાનુ સ્પષ્ટ પણે જણાવેલ છે. વધુમાં આ બનાવ સમયે પ્રકાશભાઇ બચાવવા વચ્ચે પડતા ધકકા મુકકી થયેલો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે. ત્યારે પ્રકાશભાઇને થયેલી ઈજા ધકકા મુકકીના કારણે થયેલી કે કોયતો વાગી જતા થયેલી. તેવુ સાહેદ માસુ બેન સ્પષ્ટ રીતે જોઇ શકેલ ન હોય અને તેવા કારણસર પ્રકાશભાઈને નાકમાં થયેલ ઈજા ધકકો લાગવાથી થયેલ તે જણાવે તેટલા માત્ર થી સાહેદ માસુબેનની આખેઆખી જુબાની શંકાપ્રેરક કે શંકાસ્પદ હોવાનુ માની ડીસ્કાર્ડ કરી શકાય નહી.

બચાવપક્ષે આરોપી રાકેશભાઇ અને ઈજાપામનાર વચ્ચે અંજનાને ભાગી જવા સંબંધે અણબનાવ ચાલી આવેલ તેથી આરોપીની ગુનામાં ખોટી સંડોવણી કરેલાની રજુઆત કરેલ છે. પરંતુ

આ કામે ઈજાપામનારને થયેલ ઈજા આંગળી કપાઈ જવાની અને માથાના ભાગે, છાતીના ભાગે, કપાળના ભાગે ગંભીર ઈજાઓ થયેલાનો પુરાવો રજુ થયેલ છે તેમજ બનાવને નજરે જોનાર તેમજ બનાવ બાદ તુરંત જ સ્થળ ઉપર પહોચેલ સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન પુરુ પાડેલ છે. અને આરોપીઓની સ્થળ ઉપરની હાજરીને પણ પુરતુ સમર્થન આપેલ છે. ત્યારે આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓની ગુનામાં સંડોવણી અગાઉથી ચાલી આવતા મનદુ:ખના કારણે તદ્દન ખોટી રીતે કરતા હોવાની દલીલો ગ્રાહય રાખવાપાત્ર જણાય આવતી નથી.

૧૯. ફરીયાદપક્ષે સાહેદ વિજયભાઈ દાવાભાઈ વસાસાનાઓને આંક–૪૯ **(PW-13)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ એવુ જણાવેલ છે કે, મારી પત્નિનુ નામ માસુબેન છે. મારે ચાર છોકરીઓ અને એક છોકરો છે. મારી મોટી છોકરીનુ નામ સુનીતાબેન, બીજી છોકરી રીટાબેન, તેના પછી પ્રકાશભાઈ , અંજનાબેન અને દીપીકાબેન છે. મારો દીકરો પ્રકાશભાઈ હાલમાં હયાત નથી. મારી દીકરી અંજનાબેનના લગ્ન પાયસીંગ બારકયાભાઈ નાઓ સાથે આશાપુર ગામે થયેલા. લગ્ન બાદ મારી દીકરી અંજના ને રાકેશ તેને સાથે રહેવા માટે લઈ ગયેલો. તેથી અંજના મળી આવતી ન હતી જેથી કુકરમુડા પોલીસમાં તે બાબતેની અમોએ અરજી આપેલી પણ મારી દીકરી મળી આવેલ ન હતી. મે અરજી આપેલ તે જ દીવસે રાત્રે આશરે રાત્રે ૧ વાગે રાકેશ મારા ઘરે આવેલ અને અમે સુતેલા હતા ત્યા આવી ને ઓટલા પર આવેલ. તે સમયે મારી મોટી છોકરી ની છોકરી આરુષી અને મહી તથા મારી પત્ની એમ ચાર વ્યકીત ઘરની બહાર ઓટલા પર સુતેલા હતા. રાકેશે આવી ને કોયતા થી (શેરડી કાપવાનો ધારદાર

હથીયાર) મને મારવા લાગેલ. મને તેણે હાથની આગળીઓમાં, જમણા હાથે કોણીના ભાગે અને બાવળાના ભાગે તથા છાતીના જમણી બાજુના ભાગે કોયતાથી ઈજાઓ કરેલી તેમજ રાકેશે મને ડાબા હાથે આગળીના ભાગે તેમજ ડાબા હાથે કોણીના ભાગે તથા માથાના ભાગે કપાળના ભાગે ડાબી બાજુએ તથા માથાના પાછળના ભાગે કોયતાથી ઈજા કરેલ તે ઈજામાં મારી જમણા હાથની ત્રણ આગળીઓમાં ઈજા થયેલ અને ડાબા હાથની વચ્ચેની બે આગળીઓ કપાઈ ગયેલ. આ બનાવ દરમયાન મારો જમાઈ ઉમાકાન્ત ચંદ્રસિહ તથા રીટાબેન ઉમાકાંત નાઓ ત્યા આવી ગયેલા. ત્યારે રાકેશભાઈ અને તેના બાપુજી પ્રતાપભાઈ ત્યા આવેલ હતા. આ બનાવ દરમ્યાન મારો દીકરો પ્રકાશભાઈ ત્યા સુતેલ હતો તે જાગીને બહાર આવી જતા તે રાકેશભાઈ ને પકડવા ગયેલ ત્યારે રાકેશે મારા દીકરા પ્રકાશને નાક પર કોયતા થી ઈજા પહોચાડેલી. ત્યારબાદ રાકેશભાઈ અને તેના બાપુજી પ્રતાપભાઈ મો.સા પર ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવેલ તેમા અમોને કુકરમુડા સારવાર અર્થે લઈ ગયેલા. ત્યાંથી વધુ સારવાર માટે નંદુરબાર લઈ ગયેલા. ત્યારબાદ નંદુરબાર થી સારવાર લઈને ઘરે આવી ગયેલા. કુકરમુડા દવાખાનામાં આશરે બે દીવસ રહેલા જયારે નંદુરબાર દવાખાનામાં ર દીવસ અને બીજા દવાખાનામાં ત્રણ દીવસ રોકાયેલા અને ત્યાથી ઘરે આવેલા અને વધુ સારવાર માટે સરદાર હોસ્પીટલ બારડોલી ખાતે લીધેલી. મને જે કોયતાથી માર મારવામાં આવેલ તે કોયતો બતાવવામાં આવે તો તે હુ ઓળખી શકું મને મુદામાલ આર્ટીકલ નંબર–૬ કોયતો જે હાલ સીલબંધ હાલતમાં છે તે ખોલી બતાવવામાં આવે છે.

સાહેદે તે કોયતો જોઈ બનાવમાં વપરાયેલ કોયતો આ ન હતો તેમ જણાવેલ છે. હુ આ કામના આરોપી રાકેશભાઈ અને પ્રતાપભાઈ નાઓને ઓળખી શકું સાહેદને આરોપી રાકેશભાઈ આજ રોજ કોર્ટમાં હાજર હોય તો ઓળખી બતાવવાનુ કહેતા સાહેદે એક વ્યકીતને આગળી ચીધી ઉભા કરી લાલ ટી શર્ટ પહેરેલ વ્યકીત રાકેશ છે તેમ જણાવી આ ઉભા કરેલ વ્યકીતને જોતા આ વ્યકીતએ ઓરેંજ કલરનુ ટી શર્ટ પહેરેલ છે આ સાહેદ ધ્વારા ઉભા કરાયેલ વ્યકીતને કોર્ટ ધ્વારા વ્યકીતનુ નામ પુછતા તેણે પોતાનુ નામ રાકેશભાઈ પ્રતાપસિંગ ગામીત હોવાનુ જણાવેલ છે. **નોંધ– આ કામે સાહેદ આરોપી નંબર ૧ ની સાચી ઓળખ કરી બતાવેલ છે. હાલના તબકકે બચાવ પક્ષ ધ્વારા નામ. કોર્ટ તરફ આરોપી નુ નામ પુછવા બાબતે વાંધો લીધેલ છે તેમજ અદાલત સાહેદને કોઈ પણ પ્રશ્ન સરતપાસ દરમ્યાન પુછી શકે નહી તેવો વાંધો લીધેલ છે. પરતુ અત્રેની અદાલતે આરોપીનુ નામ સાહેદે કોર્ટ રૂમમાં કરેલી આરોપી ની ઓળખ સાચી છે કે ખોટી છે તે નકકી કરવા માટે આરોપી ને પોતાનુ નામ પુછેલ છે આ બાબત રેકર્ડ ઉપર કોઈ એમબીગ્યુટી ન રહી જાય તે માટેની હોય બચાવપક્ષનો વાંધો અત્રેથી ના મંજુર કરેલ છે. આ ઉપરાંત અદાલતની સાહેદને પ્રશ્ન પુછવા બાબતેના વાધો અનુસંધાને ભારતીય પુરાવાના અધિનીયમની કલમ ૧૬૫ વંચાણે લેવામાં આવે તો તેમા અદાલતે પ્રશ્ન પુછવા માટે કોઈ ચોકકસ સ્ટેજ ઉપર મર્યાદીત કરવામાં આવેલાનુ જણાઈ આવતુ નથી તેથી પણ બચાવપક્ષનો આ અનુંસધાનેનો વાંધો ના મંજુર કરવામાં આવે છે.**

સાહેદને આરોપી પ્રતાપભાઈ કોર્ટમાં હાજર હોય તો તેને ઓળખી બતાવવાનુ કહેતા તેણે રાકેશભાઈ ની સાથે બાજુમા બેસેલ છે તે જ વ્યકીત પ્રતાપભાઈ હોવાનુ જણાવે છે.આમ ઓળખી બતાવેલ વ્યકીત ને કોર્ટ ધ્વારા નામ પુછતા પ્રતાપસિહ દામુભાઈ ગામીત હોવાનુ જણાવેલ છે. **નોંધ–**સાહેદે આરોપી નંબર ૨ ની સાચી ઓળખ કરી બતાવેલ છે. પોલીસે મારો બનાવ બાબતે પોલીસે મારી પુછ પરછ કરેલ.બનાવ આજ થી બે વર્ષ પહેલા બનેલ.બનાવ ની તારીખ હુ આજ રોજ જણાવી શકુ નહી.''

**૧૯.૧** સદર સાહેદ બચાવપક્ષે વિ.વકીલ શ્રીનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ એવી હકીકત જણાવેલ છે કે, રાકેશભાઈ મારી દીકરીને તેની સાથે રહેવા માટે આશરે બે વર્ષ પહેલા લઈ ગયેલ. એ વાત ખરી છે કે મારી દીકરીને મે બીજા સાથે પરણાવેલ હતી અને ત્યાથી રાકેશ તેને પોતાની સાથે રહેવા લઈ ગયેલા જેથી મને રાકેશ સાથે વાંધો હતો. એ વાત ખરી છે કે મારે અને રાકેશ વચ્ચે અણબનાવ ચાલતો. મને મરાઠી ભાષા સારી રીતે લખતા વાચતા આવડતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ એક ધોરણ સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે મને ગુજરાતી ભાષા પણ લખતા વાચતા આવડતી નથી.

બનાવની રાત્રીએ ઓટલા પર હુ મારી પત્ની માસુબેન અને આરુષીબેન અને માહી એમ ચાર જણા સુતા હતા. એ વાત ખરી નથી કે બનાવની રાત્રીએ ઓટલા પર અંધારુ હતુ સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે લાઈટ ચાલુ હતી. હુ અને મારી પત્ની અલગ અલગ ખાટલા પર સુતેલી હતી. માહી મારા ખાટલામા સુતી હતી અને આરુષી

બેન બીજા નાના પલંગ પર એકલી સુતી હતી. એ વાત ખરી છે કે બનાવની રાત્રીએ હુ ઉઘી ગયેલ હતો. લાઈટ અમે સુતેલા હતા તેની ઉપર જ હતી.એ વાત ખરી છે કે મને હુ થયેલ ઈજા હુ ઓટલા પર હતો ત્યારે થયેલાનુ પોલીસને જણાવેલ. એ વાત ખરી છે કે બનાવના રાત્રીએ અમો ઘરની અંદર સુતા હતા તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ ઘરની અંદર આવી ગયેલા ન હતા. અમારા ઘરના ઓટલા થી ઉમાકાંત નુ ઘર આશરે ૨૦૦–૩૦૦ ફુટના અંતરે આવેલ છે.એ વાત ખરી નથી કે ઉમાકાંતભાઈ ના ઘરે કોઈ ઉભેલ હોય તો અમારા ઘરેથી જોઈ શકાય નહી.

સવાલ–રાત્રીના સમયે ઉમાકાતભાઈ ના ઘરે તમારા ઘરેથી જોઈ શકાય નથી.

જવાબ –એ વાત ખરી છે

એ વાત ખરી છે કે ઉમાકાતભાઈ ના ઘરે થી પણ મારા ઘરે રાત્રીના સમયે જોઈ શકાય નહી ૧૦૮ એમ્બ્યુલન્સમાં અમો આશરે રાત્રીના બે વાગ્યે કુકરમુંડા દવાખાને જવા માટે નીકળી ગયેલા.રાત્રીના કુકરમુડા દવાખાને ગયેલા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સમાં મારી સાથે મારી પત્ની આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે કે તેણી ને બાયપાસ સર્જરી કરાવેલ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમાં મારી સાથે ઉમાકાંતભાઈ , મારો છોકરી પ્રકાશ , તેની પત્નીનાઓ કુકરમુડા દવાખાને આવેલ હતા.પોલીસે મારી પુછપરછ કુકરમુડા સરકારી દવાખાને કરેલ. પોલીસવાળા અમે દવાખાને ગયેલ ત્યારે તરત જ ત્યા આવી ગયેલા.પોલીસવાળા આશરે રાત્રીના બે વાગે દવાખાને આવેલા. પોલીસે મારી વધારે પુછપરછ કરેલ નહી. પોલીસે મારી પુછપરછ

આશરે ૧૫ –૨૦ મીનીટ કરેલ.પોલીસવાળા નંદુરબાર દવાખાને પણ મારી પુછપરછ કરવા આવેલા. પોલીસે મારી પુછપરછ મરાઠી ભાષામાં કરેલ હોય તેવુ બનેલ નહી.પોલીસવાળા નદુરબાર દવાખાનામાં બે કલાક રોકાયેલ. નંદુરબાર દવાખાનામાં ગુજરાતના પોલીસવાળા જ આવેલા.

એ વાત ખરી નથી કે ૧૩/૪/૨૩ ના રોજ મહારષ્ટ્રના પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલ. એ વાત ખરી નથી કે આરોપી રાકેશભાઈ અને પ્રતાપભાઈ બનાવ ના રાત્રીના સમયે મારા ઘરે આવેલા જ નથી. એ વાત ખરી નથી કે મારો દીકરો પ્રકાશ દારૂ પીવાની ટેવ વાળો હોય તેણે દારૂ પીને મને કોયતા મારી ઈજા પહોચાડેલ હોય આરોપીઓનુ આ કામે ખોટુ નામ આપેલ છે.

એ વાત ખરી છે કે રાકેશભાઈ અને પ્રતાપભાઈ ને બનાવ અગાઉથી ઓળખુ છું. એ વાત ખરી છે કે મે પોલીસને કુકરમુડા પો સ્ટેમા અરજી આપેલાની હકીકત લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે રાકેશભાઈ અને પ્રતાપભાઈ સાથેના અણબનાવના પરીણામે સોગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

સવાલ – પોલીસને તમે આગલા રૂમમાં સુતેલાની હકીકત લખાવેલ ?

જવાબ – અમે આગલા રૂમને ઓટલો જ કહીએ છીએ.

પોલીસને અમોએ ઓટલા પર સુતેલાની હકીકત લખાવેલ કે કેમ તે મને હાલ યાદ નથી હવે કહુ છુ કે મે પોલીસને ઓટલા પર સુતેલા નુ લખાવેલ. એ વાત ખરી નથી કે આ કામે આરોપીને ખોટી રીતે ફસાવી દીધેલ છે.

**૧૯.૨** સાહેદ વિજયભાઈ વસાવા કે જે બનાવના કામે ઈજાપામનાર છે તેઓની સમગ્ર જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પણ રાત્રીના એક વાગ્યે બનાવ બનેલાની હકીકત જણાવેલ છે. તેઓ બનાવ સમયે પત્ની અને બે પૌત્રીઓ સાથે ઓટલા ઉપર સુતા હતા ત્યારે આરોપી રાકેશે આવીને કોયતા થી માર મારતા તેઓને હાથની આંગળીઓ બાવળાના ભાગે, છાતીની જમણી બાજુએ, ડાબા હાથે આંગળીના ભાગે, ડાબા હાથે કોણીના ભાગે, માથાનાભાગે, કપાળના ભાગે તથા માથાના પાછળના ભાગે કોયતાથી ઈજા કરેલ અને આ ઈજામાં જમણાહાથની ત્રણ આંગળીઓમાં ઈજા થયેલ અને ડાબા હાથની બે આંગળીઓ કપાઇ ગયેલ તેવો સ્પષ્ટ પુરાવો રજુ કરેલ છે. આ પુરાવો તપાસતા ઈજાપામનારે શરીરના જે ભાગ ઉપર ઈજાઓ જણાવેલ છે તેને તબીબી સાહેદોના પુરાવાથી પણ સ્પષ્ટ સમર્થન મળે છે. આ ઉપરાંત સાહેદ વિજયભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી તથા ગુનામાં વપરાયેલ હથિયારની પણ સ્પષ્ટ પણે ઓળખ કરી બતાવેલ છે. આમ, ઈજા પામનારની જુબાની ગુનાની મહત્વની બાબતોએ ખુબ વિશ્વાસજન્ય અને આધારભુત પુરાવા સ્વરૂપની હોવાનુ સ્પષ્ટ બને છે.

આ કામે ઈજાનામનારે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં બનાવ બાદ તુરંત તેઓના જમાઈ ઉમાકાંત તથા રીટાબેન ઉમાકાંતનાઓ ત્યાં આવી ગયેલા ત્યારે આરોપી રાકેશ અને તેના પિતા પ્રતાપભાઇનાઓ ત્યાં હતા તેમજ આ બનાવમાં પ્રકાશભાઇને પણ નાકના ભાગે કોયતાથી ઈજા થયેલાનો પુરાવો રજુ કરેલ છે. આ પુરાવો જોતા, સાહેદ વિજયભાઈને પ્રતાપભાઈ પણ ત્યા આવેલા હતા તેવી હકીકત તેઓએ પોતે જોયેલ હતી તેવુ સ્પષ્ટ બને છે. પરંતુ આ બનાવમાં પ્રકાશભાઈને પણ નાકના ભાગે કોયતાથી ઈજા થયેલાની હકીકતને ઈજાપામનાર વિજયભાઈએ સ્પષ્ટ પણે સમર્થન પુરુ પાડેલ છે. આમ, ઈજાપામનાર સાહેદ વિજયભાઈની જુબાની બનાવને નજરે

જોનાર સુનિતાબેન તેમજ સાહેદ માસુબેનના પુરાવાઓને સંપુર્ણપણે સમર્થન કરતા હોવાનુ તેમજ આ તમામ સાહેદોની જુબાનીઓ બનાવની મહત્વની બાબતોએ એકરાગીતા ભરેલ હોવાનુ સ્પષ્ટ બને છે અને આવા એકરાગીતા ભરેલા પુરાવાને ન માનવા માટે કોઈ ચોકકસ કારણ જણાય આવતુ નથી.

આ કામે ઈજાપામનારે તેઓને ઈજા થતા સારવાર માટે સૌપ્રથમકુકરમુંડા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ઉપર ત્યારબાદ નંદુરબાર દવાખાનામાં અને ત્યારબાદ સરદાર હોસ્પીટલ બારડોલી ખાતે સારવાર લીધેલાનો પુરાવો રજુ કરેલ છે. આ પુરાવાને પણ તમામ સારવાર સારવાર કરનાર ડોકટરોના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ઈજાપામનારનો પુરાવો આ કામે વધુ વિશ્વસનીય બનતો હોવાનુ માનવાનુ રહે છે.

ઈજાપામનારની ઉપરોકત જુબાની આરોપીને ગુનાવાળા સ્થળ ઉપર ઓળખવા માટેના કૃત્રીમ પ્રકાશ બાબતેના પુરાવાને તપાસવામાં આવે તો, બચાવપક્ષે ઉલટતપાસ પુછેલ આ અનુસંધાનેના જવાબમાં સ્પષ્ટપણે એવી હકીકત જણાવેલ છે કે ''લાઈટ અમે સુતા હતા તેની ઉપર જ હતી '' તેવો પુરાવો રજુ થયેલ છે. આ પુરાવાને જોતા પણ આ કામે આરોપીની ગુનાવાળા સ્થળ ઉપરની હાજરી કોઈપણ રીતે શંકાપ્રેરક બનતી હોવાનુ જણાય આવતુ નથી.

બચાવ પક્ષે આ કામે બનાવવાળુ સ્થળ ઓટલો હતો કે આગલો રૂમ હતો તે બાબતે સાહેદ વિજયભાઈની ઉલટતપાસ કરવામાં આવેલાનુ જણાય આવે છે અને આંક–૩૪ ની ફરીયાદ હકીકત મુજબ બનાવ સમયે વિજયસીંગનાઓ આગળના રૂમમાં સુતેલા હતા તેવી હકીકત નોંધવામાં આવેલ છે. તેના આધારે બનાવ વાળા સ્થળ માં વિરોધાભાસ થતો હોવાનો બચાવ લેવામાં આવેલ છે. પરંતુ અત્રેથી એવી ઉલ્લેખનીય બને છે કે, ઈજાપામનાર વિજયભાઈએ પોતાની ઉલટતપાસમાં તેઓ ઘરના આગળના રૂમને ઓટલો કહેતા

હોવાની હકીકત જણાવેલ છે. આ ઉપરાંત ઈજાપામનાર વિજયભાઈ ઉલટતપાસ દરમ્યાન સ્પષ્ટપણે જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે, બનાવના રાત્રીએ અમો ઘરની અંદર સુતા હતા તેવુ બનેલ નથી. '' તેમજ વધુ ઉલટતપાસ દરમ્યાન સાહેદ સ્પષ્ટ પણે જણાવેલ છે. કે,'' પોલીસને અમોએ ઓટલા પર સુતેલાનુ હકીકત લખાવેલ કે કેમ તે મને હાલ યાદ નથી. હવે હું કહુ છુ કે, મે પોલીસને ઓટલા પર સુતેલાનુ લખાવેલ.'' આમ, ઈજાપામનાર બનાવની રાત્રીએ ઘરની બહાર ઓટલા ઉપર સુતા હતા તેવી હકીકત સ્પષ્ટ બને છે. વધુમાં ગુનાવાળી જગ્યાના પંચનામાં આંક-૧૬ ને વંચાણે લેતા, સાહેદ માસુબેનનાઓએ ગુનાવાળી જગ્યા ઘરની પજારીના ભાગે આવેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે અને ત્યાં ખુલ્લો દરવાજો છે જેનાથી ઘરમાં દાખલ થઇ શકાતુ હોવાનુ જણાય આવે છે. આમ, ગુનાવાળી જગ્યા ઘરના પજારીના ભાગે એટલે કે ઓટલાના ભાગે આવેલ હતી તેવુ સ્પષ્ટ બને છે. આવા સંજોગોમાં ફરીયાદી જે આગળનો રૂમ દર્શાવે છે તે ઘરનો પજારી વાળો ભાગ છે તેમ સ્પષ્ટ બને છે. તેથી બચાવપક્ષનો આ અનુસંધાનેનો બચાવ ગ્રાહય રાખવા પાત્ર જણાય આવતો નથી.

આ કામે આરોપી રાકેશ ઈજાપામનારની પુત્રી અંજનાબેનને લઈને ભાગી ગયેલ હતો એવી હકીકત ને જોતા, ઈજાપામનાર આરોપીને બનાવ અગાઉથી ઓળતા હતા તેમ સ્પષ્ટ બને છે. આવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. તેવો બચાવ આ કામે ગ્રાહય રાખવાપાત્ર જણાય આવતો નથી.

આ કામે બચાવપક્ષે આંક- ૭૧ થી રજુ ગુનામાં વપરાયેલ હથિયાર કોયતાના સાયન્ટીફીક પૃથ્થકરણનો અહેવાલ રજુ થયેલ છે તેમાં હથિયાર કોયતા ઉપરથી લોહીની હાજરી મળી આવેલ નથી. તેવી હકીકતને આગળ ધરી આ કામે ફરીયાદ પક્ષનો કેસ શંકાપ્રેરક

હોવાની રજુઆત કરવામાં આવેલ છે. આ રજુઆત અનુસંધાને રેકર્ડ ઉપર રજુ પુરાવાઓ તપાસવામાં આવે તો ગુનામાં વપરાયેલ કોયતો આંક–૧૮ ના પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલાનુ સ્પષ્ટ બને છે. આ પંચનામુ જોતા આરોપીએ જાતે નિઝર પોલીસ સ્ટેશનમાં હાજર થઇ ગુનામાં વપરાયેલ હથિયાર કોયતો તા. ૧૪/૪/૨૩ ના રોજ બપોરના ૩.૪૫ થી ૪.૪૫ દરમ્યાન રજુ કરેલ હતો. જયારે ગુનાનો બનાવ તા.૧૩/૪/૨૩ ના રોજ રાત્રીના એક વાગ્યે બનેલ હતો. આમ, બનાવ બાદથી ગુનામાં વપરાયેલ હથિયાર કોયતો કબજે કરવામાં આવ્યો તે સમયગાળા દરમ્યાન હથિયાર આરોપીના કબજામાં રહેલ હતુ આમ, આવા સમયગાળા દરમ્યાન આરોપી ગુનામાં વપરાયેલ હથિયાર તરીકે અન્ય કોયતો રજુ કરે અથવા તો તેના ઉપર લાગેલ લોહીના ડાઘા સાફ કરી પોલીસ સમક્ષ રજુ કરે તેવી તમામ શકયતા રહેલ છે. તેથી ગુનામાં વપરાયેલ હથિયાર કોયતા ઉપરથી આ કામે સાયન્ટીફીક પૃથ્થકરણ દરમ્યાન લોહીની હાજરી મળી આવેલ નથી તેવી બાબત ફરીયાદપક્ષના કેસને શંકાપ્રેરક માનવા માટે પ્રેરે તેમ જણાય આવતુ નથી.

**૨૦.** ફરીયાદપક્ષે સાહેદ પ્રકાશભાઈ વિજયસિંગ વસાવાનાઓ કે જેઓ બનાવને નજરે જોનાર અને બનાવમાં વચ્ચે પડી ઈજાપામનાર વિજયસીંગને બચાવનાર અને પોતે નાકના ભાગે ઈજાપામનારને આંક–૩૩ **(PW-12)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાની ચર્ચા નીચે મુજબ છે

'' હું મૌલીપાડા ગામે રહુ છુ અને મારા ઘરમા હું, મારી પત્ની અને મારા માતા પિતા સાથે રહીએ છીએ. મારે ૪ બહેનો હતી અને તેમાથી એક અવસાન પામેલી અને હાલ ૩ બહેનો છે. મારી એક બહેનનુ નામ અંજના, બીજી બહેન રીટા, ત્રીજી બહેન દિપીકા છે. મારી બહેન અંજનાના લગ્ન પાચાભાઇ સાથે થયેલા અને મારી બહેનને રાકેશ ભગાડી ગયેલ હતો. ત્યારબાદ રાકેશ અને તેના પિતા

પ્રતાપભાઇ મારા પિતાને તેઓની મારી નાખવાની ધમકી આપતા હતા. તા.૧૨/૪/૨૩ ના રોજ રાત્રીના સમયે આ બનાવ બનેલો. તે વખતે હું અને મારી પત્ની ઓરડીમા સુતા હતા અને બહાર ઓટલા ઉપર મારા માતા પિતા અને ૨ ભાણી ત્યા સુતા હતા. રાત્રીના એક વાગે રાકેશ અને પ્રતાપ આવેલ અને કોઇતા વડે રાકેશ મારા પિતાને મારતો હતો અને તે વખતે મારી માતાએ બચાવ બચાવનો અવાજ કરતા જેથી હું મારી પત્ની સાથે બહાર નીકળેલ અને જોયુ તો કોઇતા વડે રાકેશ મારા પિતાને મારતો હતો. જેથી હું મારા પિતાશ્રીને બચાવવા ગયેલ અને તે વખતે મારા ઉપર પણ રાકેશે વાર કરેલો અને જેના કારણે મારા નાક ઉપર કોઇતાની ધાર વાગેલી હતી અને પછી મને ધક્કો મારી આ બંને નાશી ગયેલા. હું તેની પાછળ દોડતા તેઓ ટુ વ્હીલર પર નાશી ગયેલા. મારા પિતાશ્રીને માથાના ભાગે, છાતીમા, બંને હાથમા લાગેલુ અને તેના ડાબા હાથની ૨ આંગળી અને જમણા હાથની ૧ આંગળી કપાઇ ગયેલી. તે વખતે મારા કાકા આશારામભાઇ અને બીજા લોકો આવી ગયેલા. ત્યારબાદ ઉમાકાંતભાઇએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી માર પિતાશ્રી અને અમોને કુકરમુંડા દવાખાને લઇ ગયેલા અને ત્યા સારવાર કરી રાતે ને રાતે મારા પિતાશ્રીને નંદુરબાર લઇ ગયેલા. કુકરમુંડા મે રાત્રે જ ફરિયાદ આપેલ. મને માર્ક ૭/૨ ની ફરિયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે. જે હું રજુ કરુ છુ. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૩૪ (P-1/PW-12)** આપવામાં આવે છે. મે નિઝરમા સારવાર લીધેલી. આજરોજ આરોપી રાકેશ કોર્ટમા હાજર છે તેથી સાહેદ આરોપી રાકેશને ઓળખી બતાવે છે (નોંધ- આરોપી નં.૨ નુ એકઝેમ્પશન મંજુર કરવામા આવેલ છે અને ઓળખની તકરાર જતી કરવામા આવે છે.) મુદામાલ કોઇતો મને બતાવવામા આવે તો હું તેને ઓળખી શકુ. એફ.એસ.એલ.માથી મુદામાલ આવેલ ન હોય એપીપીશ્રીએ.મુદામાલ આવ્યા બાદ વધુ સરતપાસ લેવાનુ જણાવતા સરતપાસ મુલતવી.''

સાહેદ પ્રકાશભાઈની ઉપરોકત સરતપાસ મુદ્દામાલ એફ.એસ.એલ.માં થી પૃથ્થકરણ બાદ આવેલ ન હોય, વધુ સરતપાસ મુલતવી રાખવામાં આવેલ હતી. જયારે મુદ્દામાલ અદાલત સમક્ષ પૃથ્થકરણ બાદ રજુ રાખવામાં આવતા સાહેદ પ્રકાશભાઈને ફરીથી હાજર રાખી વધુ સરતપાસ માટે આંક–૪૬ થી સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ હતો જે સાહેદ પ્રકાશભાઈ મરણ ગયેલાના શેરા સાથે પરત આવતા સાહેદ પ્રકાશભાઈની વધુ સરતપાસ તેમજ સાહેદ ની ઉલટતપાસની તક બચાવપક્ષને પુરી પાડી શકાયેલ નથી આમ સાહેદ પ્રકાશભાઈનો પુરાવો ઉલટતપાસથી ટેસ્ટીફાઈડ થયેલ ન હોય, સાહેદ પ્રકાશભાઈનો પુરાવો આ કામે ન્યાયીક નિર્ણય માટે વંચાણે લઈ શકાય તેમ નથી.

**બનાવ બાદ તુરંત ગુનાવાળા સ્થળ ઉપર પહોચનાર સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન :–**

**૨૧.** ફરીયાદપક્ષે સાહેદ આશારામભાઈ ઘનાભાઈ વસાવાનાઓને આંક–૨૯ **(PW-09)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ અને તેઓએ સરતપાસ માં એવી હકીકત જણાવેલ છેકે,

'' હું મૂળ આમોદા / મૌલીપાડા, તાલુકો કુકરમુંડાનો રહીશ છું અને જહાંગીરપુરા, સુરત રહું છું. બનાવ આઠેક મહિના પહેલા બનેલો. બનાવ વખતે હું સુરતથી આમોદા મારા ઘરે આવેલો. બનાવ વખતે હું અને મારી પત્ની બન્ને અમારા આમોદાના ઘરે હતા. બનાવ રાત્રીના એક–બે વાગ્યે બનેલો. તે વખતે અમો સુઈ ગયેલા હતા. તે વખતે બૂમાબૂમ થતા અમો જાગી ગયેલા. મારા ઘરની સામે વિજયસીંગ રહે છે. તેમને ત્યાં બૂમાબૂમ થયેલી. મેં બહાર થઈ જોતાં બે ભાઈ હતા. **ત્યાં રાકેશભાઈ અને પ્રતાપભાઈને મેં જોયેલા. તેમાં એક જણના હાથમાં કોયતો હતો. કોના હાથમાં કોયતો હતો તે મને ખબર નથી.**

**તેઓ ગાડી પર બેસી નીકળી ગયેલા.** અમોએ ત્યાં જઈ જોતાં વિજયસીં ગભાઈને એક હાથની બે આંગળી કપાઈ ગયેલી હતી, માથામાં વાગેલું, ગળાના ભાગે વાગેલું મેં જોયેલું. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેઓને કુકરમુંડા દવાખાને લઈ ગયેલા. પોલીસે મારી પૂછપરછ કરેલી નહિ પરંતુ બીજાની પૂછપરછ કરેલી. આરોપી રાકેશ અને પ્રતાપભાઈ ને હું ઓળખું છું તેમ કહી સાહેદ આરોપી ઓને કોર્ટમાં ઓળખી બતાવે છે.''

સદર સાહેદ બચાવપક્ષે વિ.વકીલશ્રીનાઓ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ એવી હકીકત જણાવેલ છે કે, આરોપીઓ અમારા પાડોશીઓ થતા હોવાથી હું પ્રથમથી જ ઓળખું છું. પોલીસે મારી પૂછપરછ કરેલી નથી જેથી મારે પોલીસને કંઈ જણાવવાનો પ્રસંગ બનેલો નથી. હું બનાવવાળા સ્થળ ઉપર ગયેલો ત્યાં અંધારૂ હતું. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સાઈડમાં અજવાળું હતું. એ વાત ખરી છે કે, ત્યાં અંધારૂ હોય તો પાંચ–દસ ફુટથી માણસ ઓળખી શકાય નહિ. એ વાત ખરી છે કે, અંજનાબેનને રાકેશ સાથે પ્રેમસબંધ હોય તેણી રાકેશ સાથે નાશી ગયેલી. એ વાત ખરી નથી કે, બનાવ વખતે અંજનાબેન બનાવના સ્થળે હાજર હતા. અંજનાબેન રાકેશ સાથે ભાગી ગયેલ હોય તે અંગે તેમના માતા–પિતાને વિરોધ હતો અને તેઓને રાકેશભાઈ સાથે બનતું ન હતું. એ વાત ખરી છે કે હું બનાવના સ્થળે ગયેલો ત્યારે મારે કોઈ સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી. **એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલો નથી.** મારા અને ફરિયાદીના ઘર વચ્ચે ચાલીસ ફુટનું અંતર છે. મારા અને ફરિયાદી ના ઘરની વચ્ચે કોઈ લાઈટના થાંભલા નથી. એ વાત ખરી છે કે મારા

ઘરે હું ઉભેલો હોય તો વિજયસીંગના ઘર પાસે કોઈ માણસ હોય તો હું ઓળખી શકું નહિ. એ વાત ખરી નથી કે અંધારાના કારણે મેં આરોપીઓને ઓળખી શકેલા નહિ. **એ વાત ખરી છે કે આરોપીઓ દોડતા હતા તેથી તેઓના નામ મેં સરતપાસમાં જણાવેલા છે. એ વાત ખરી છે કે દોડાદોડ વખતે હું નામજોગ આરોપીઓને ઓળખતો નથી પરંતુ બૂમાબૂમ થવાથી મેં આ બન્ને આરોપીઓના નામ આપેલા છે.** એ વાત ખરી નથી કે આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે અને ખોટી જુબાની આપુ છું.

**૨૧.૧** સદર સાહેદ આશારામભાઈ ઘનાભાઈ વસાવાનાઓની સમગ્ર જુબાનીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવના સમય બાબતે બનાવ રાત્રીના એક થી બે વાગ્યાના અરસામાં બનેલાનું જણાવેલ છે. બુમાબુમ થતા તેઓને બનાવ બાબતે જાણ થયેલ હતી. અને તેઓએ ઘરની બહાર નીકળીને જોયેલ કે આ કામના બન્ને આરોપીઓ હાજર હતા તે પૈકી કોઈ એક પાસે તેઓએ કોયતો જોયેલ હતો અને ત્યારબાદ તેઓ ગાડી પર બેસીને નીકળી ગયેલા. વધુમાં સાહેદ ઈજાપામનારના ઘરે ગયેલ હતા અને ત્યાં આ કામ ના ઈજાપામનાર વિજયભાઈને હાથમાં, માથા ઉપર તથા ગળાના ભાગે ઈજા થયેલ હતી અને ત્યારબાદ વિજયભાઈને સારવાર માટે લઈ જવામાં આવેલ. આમ, સાહેદ આશારામ ભાઈની ઈજાપામનાર વિજયભાઈ ઉપર હુમલાનો બનાવ નજરે જોયેલ નથી પરંતુ તેઓ બનાવ બાદ તુરંત જ ઘટના સ્થળે પહોચેલ હતા અને તેઓએ આરોપી ને જોયેલ હતા. સાહેદે પોતાની ઉલટતપાસ દરમ્યાન બન્ને આરોપીઓ દોડતા હતા તેમજ તેઓને નામથી જે તે સમયે ઓળખતા ન હતા તેવી

હકીકત ઉલટતપાસમાં કબુલ રાખેલ છે. તેમજ બુમાબુમ થવાથી સાહેદે બન્ને આરોપીઓના નામ આપેલાની હકીકત જણાવેલ છે. આવા સં જોગો માં આરોપીઓની સ્થળ ઉપર હાજરી બાબતે સાહેદે આપેલ પુરાવો જોતા તેઓ દોડતા હતા તેવુ સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, આરોપીઓ સ્થળ ઉપર હાજર હતા તેવી બાબતે સ્પષ્ટ બને છે. સાહેદ ને આરોપીઓના નામ પાછળથી બુમાબુમ થતા જાણવા મળેલ હતા તેવુ માની લેવામાં આવે તો પણ આરોપીઓની સ્થળ ઉપરની હાજરી શંકારહિત રીતે સ્પષ્ટ બને છે. આ ઉપરાંત ઈજા પામનારને ત્યાં સાહેદ બનાવ બાદ તુરંત પહોચેલ હતા અને ઈજા પામનારને આંગળીઓ કપાયેલ ગયેલ હતી તથા માથાના તથા ગળાના ભાગે ઈજાઓ થયેલાનુ જોયેલ હતુ આ ઉપરાંત બનાવવાળા સ્થળ ઉપર સાઈડમાં અજવાળુ હતુ તેવી હકીકત ઉલટતપાસમાં રજુ થતી હોય, આ કામે બનાવ વાળા સ્થળ ઉપર આરોપીઓને ઓળખી શકાય તે માટેનો પુરતો પ્રકાશ હતો તેવુ સ્પષ્ટ બને છે. આમ, સાહેદ આશારામભાઈ ભાણાભાઈ વસાવાની જુબાની બનાવને નજરે જોનાર સાહેદ સુનીતાબેન તથા સાહેદ માસુબેન અને ઈજાપામનાર સાહેદ વિજયસિંગ ના પુરાવાને સમર્થન કરતા હોવાનું સ્પષ્ટ બને છે.

**૨૨.** ફરીયાદપક્ષે સાહેદ ઉમાકાંત ચંદ્રસિંગભાઈ વસાવાનાઓને આંક−૩૧ **(PW-11)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ એવુ જણાવેલ છે કે,

'' રીટાબેન મારી પત્ની થાય છે અને મારા સસરાનુ નામ વિજયસીંગ છે અને સાસુનુ નામ માસુબેન છે. મારે ૨ દિકરીઓ છે અને ૧ દિકરો છે. બનાવ તા.૧૨/૪/૨૩ ના રોજ બનેલો અને આ

બનાવ મારા સસરા વિજયસિંગભાઇના ઘરે બનેલો. મારે તે વખતે મકાનનુ કામ ચાલતુ હોય બહાર ઉંઘેલો હતો. તે વખતે મારી બહેન સુનીતબેન અને મારી દિકરી આરુષી અને માહી અમારા ઘેર આવેલા અને તેણે અવુ જણાવેલુ કે વિજયસિંગભાઇને કોયતા વડે મારી દીધેલ છે. જેથી હું ત્યા ગયેલ અને જોયેલ કે મારા સસરા વિજયસિંગ લોહીલુહાણ હતા અને કાપડથી બાંધેલા. ત્યારબાદ મે ૧૦૮ ને ફોન કરેલ. ૧૦૮ આવી ગયા બાદ કુકરમુંડા લઇ ગયેલા અને ત્યાથી નંદુરબાર લઇ ગયેલા. **તેને બંને હાથની આંગળીઓમા, હાથના બાવડામા બને બાજુએ, ચહેરા ઉપર, હોથની નીચે ઈજા થયેલ હતી અને હું પહોચ્યો ત્યારે આરોપી રાકેશભાઈ તથા પ્રકાશભાઈ મો.સા.ઉપર ભાગતા મે જોયેલા.** તે સિવાય બીજુ કાઇ જોયેલ નહી. ૧૦૮ મા વિજયસીંગનો દિકરો અને તેની પુત્રવધુ ગયેલા અને હું હોસ્પીટલે મો.સા.ઉપર ગયેલો. નંદુરબાર સરકારી હોસ્પીટલમા સારવાર લીધા બાદ વધુ સારવાર માટે નવજીવન નંદુરબાર હોસ્ટીલમા સારવાર માટે ગયેલ અને ત્યા ૩ દિવસ રાખેલ. મે આ સિવાય બીજુ કાઇ જોયેલ નહી. પોલીસે મારી બનાવ સંબંધે પુછપરછ કરેલી. આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર છે તેમને હું ઓળખી બતાવુ છું.''

**૨૨.૧** સદર સાહેદ બચાવપક્ષે વિ.વકીલ શ્રીનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ એવી હકીકત જણાવેલ છે કે,મારા અને વિજયભાઈ ના ઘરની વચ્ચે ૧૦૦ મીટરનુ અંતર છે. એ વાત ખરી નથી કે આ ૧૦૦ મીટરના અંતરમા કોઇ લાઇટના થાંભલા નથી. એ વાત ખરી છે કે મારા ઘરથી વિજયભાઇના ઘરે કોણ ઉભેલુ છે તે અંધારુ હોય તો હું જોઇ શકુ નહી. **એ વાત ખરી છે કે બનાવની હકીકત મને બોલાવા આવનાર બહેને કીધેલો તેના ઉપરથી મે જાણેલો. બનાવ મે નજરે જોયેલ નથી.** એ વાત ખરી છે કે હુ વિજયભાઈના ઘરે ગયેલો ત્યારે ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલા હતા. બનાવના ત્રીજા દિવસે પોલીસે મારી પુછપરછ કરેલી. એ વાત

ખરી નથી કે આરોપી રાકેશ અંજના બેનને લઈને જતો રહેલ હોય મારા સાસુ સસરા સાથે તેને અણબનાવ ચાલે. એ વાત ખરી નથી કે આ હકીકત હું ખોટી જણાવુ છુ. **એ વાત ખરી નથી કે આરોપીઓ મો.સા.ઉપર ભાગી જતા જોયેલ તે મે પોલીસના કહેવાથી જણાવેલ.** મને બેન જણાવવા માટે આવેલા ત્યારથી તુંરત જ હું બનાવના સ્થળે પહોચી ગયેલો. સ્થળ પર પહોચી હુ ઘરની બહાર ઉભો રહેલો. ઘરની અંદર જવાનો પ્રસંગ મારે નહી બનેલો. એ વાત ખરી છે કે ઈજા પામનારને જે કપડા બાંધલા તે ઘરની બહાર બાંધેલા. તે વખતે પાંચેક મીનીટનો સમય વ્યતીત થયેલો. હું પહોચેલો ત્યારે વિજયભાઇ ત્યા બેઠેલા હતા. ૧૦૮ આવતા અડઢો પોણો કલાકનો સમય થયેલો. વિજયભાઈના પત્ની ૧૦૮ મા ગયેલા નહી. બનાવ વખતે એકાદ વાગેલ. એમ્બુલન્સ દોઢ પોણા બે વાગે ત્યા આવી હશે. એ વાત ખરી નથી કે એમ્બુલન્સમા વિજયભાઈ જાતે ચાલીને બેઠેલા. એમ્બલન્સમા તેમનો દિકરો પ્રકાશ અને પુત્રવધુ સુનિતા ગયેલા. અમો મો.સા.ઉપર કુકરમંડા હોસ્પીટલે ગયેલ અને ત્યાથી નંદુરબાર હોસ્પીટલ ગયેલા. કુકરમંડામા પ્રાથમીક સારવાર આપેલ. કુકરમુડા હોસ્પીટલમા ૨ વાગે અમે પહોચેલ. ત્યા મારે અને ઈજા પામનારે અઢી પોણા ત્રણ વાગ્યા સુધી રોકાવાનુ થયેલુ અને ત્યાથી નંદુરબાર હોસ્પીટલમા એમ્બુલન્સમા જવાનુ થયેલ. ત્યા ચારેક વાગે પહોચેલા. નંદુરબાર સીવીલ હોસ્પીટલમા ૧ દિવસ રોકાયેલા. તે દરમ્યાન મારે પોલીસને મળવાનો પ્રસંગ બનેલો નહી કે પોલીસે મારી પુછપરછ કરેલ નહી. એ વાત ખરી છે કે મારુ નિવેદન લેતી વખતે પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ તે સિવાય કોઈ હકીકત પુછેલી નહી કે મે જણાવેલ નહી.

**૨૨.૨** સાહેદ ઉમાકાંત ચંદ્રસિંગભાઈ વસાવાનાઓના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓને બનાવની જાણ તેમની બહેન સુનિતાબેન તથા તેમની દિકરી આરુષી અને માહી તેઓના ઘરે જઈ

તેઓ બહાર સુતેલા હતા ત્યાં જઈને કરેલ હતી અને ત્યારબાદ સાહેદ ઉમાકાંત તેઓના સસરા વિજયસિંગને ત્યાં ગયેલા અને તે દરમ્યાન તેઓએ આ કામના આરોપીને મોટર સાયકલ ઉપર ભાગતા જોયેલાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. પરંતુ આરોપી નં.ર નુ નામ પ્રતાપભાઈ ના બદલે પ્રકાશભાઈ હોવાનુ લખાવેલ છે. પરંતુ આરોપી નં.૧ રાકેશભાઈની ઓળખ બાબતે તેઓએ સ્પષ્ટ પુરાવો આપેલ છે. આ ઉપરાંત જે સમયે તેઓ ઈજા પામનારના હાથમાં આંગળીઓમાં , બાવળા ઉપર, ચહેરા ઉપર , હોઠ નીચે ઈજા થયેલાનુ જોયેલી. ત્યાર બાદ ઈજાપામનારને સારવાર માટે લઈ ગયેલા ત્યાં પણ હાલના સાહેદ ગયેલ હતા તેવો પુરાવો રજુ કરેલ છે. આ ઉપરાંત ઉલટતપાસમાં રજુ થતી હકીકતને જોતા ઈજાપામનાર ઉપર થયેલ હુમલાનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેવુ પણ સ્પષ્ટ પણે જણાવેલ છે. આવા સંજોગોમાં હાલના સાહેદ ઉમાકાંતભાઈની જુબાને બનાવ બાદ તુરંત સ્થળ ઉપર પહોચનારના પુરાવા તરીકે ધ્યાને લેવી જરૂરી બને છે. આ ઉપરાંત તેઓએ આરોપીને ઘટના સ્થળે થી મોટર સાયકલ ઉપર ભાગતા જોયેલ છે. આ સંબંધેના પુરાવામાં આરોપી નં.ર નુ નામ પ્રકાશભાઈ લખાવેલ છે. તેવા સંજોગોમાં સાહેદ ઉમાકાંતભાઈની જુબાની આરોપી રાકેશની ગુનાવાળા સ્થળ ઉપરની હાજરીને શંકા રહિત રીતે સ્પષ્ટ કરતા હોવાના પુરાવા તરીકે ધ્યાને લેવુ જરૂરી બને છે. આરોપી નં.ર નુ નામ પ્રતાપભાઈ બદલે પ્રકાશભાઈ લખાવેલ છે તેટલા માત્રથી આરોપી રાકેશની ગુનાવાળા સ્થળ ઉપર ની ઓળખને શંકાપ્રેરક માની શકાય નહી. આમ, બનાવ રાત્રીના બનેલ હતો અને બનાવમાં ઈજાપામનારે ઈજા થયેલ હતી અને ઘટના સ્થળેથી આરોપી રાકેશને મો.સા. લઈને ભાગતા જોયેલ હતો તેમજ ઈજાપામનારને સારવાર માટે લઈ જવામાં આવેલ હતા. તેવા પુરાવા સબંધે સાહેદ ઉમાકાંતભાઈની જુબાની આ કામે મહત્વની સાબીત થતી હોવાનુ માનવાનુ રહે છે.

આ કામે સાહેદ ઉમાકાંતભાઈ અને ઈજાપામનારના જમાઈઅને સસરાનો સંબંધ થાય છે. તેવી હકીકત રેકર્ડ ઉપર રજુ થતા બચાવ પક્ષે સાહેદને રસ અને હિત ધરાવનાર સાહેદ હોય તેઓની જુબાનીને ધ્યાને ન લેવા રજુઆત કરેલ છે. પરંતુ કોઈપણ ગુનાહિત બનાવના કિસ્સામાં બનાવ સંબંધે પુરાવો આપનાર સાથે ગુનાના ભોગ બનનારને સગપણ હોય તેટલા માત્ર થી તેને રસ અને હિત ધરાવનાર સાહેદ ગણી તેના આખેઆખા પુરાવાને ડીસ્કાર્ડ કરી શકાય નહી. રસ અને હિત ધરાવનાર સાહેદનો પુરાવો પણ વિશ્વાસજન્ય જણાય આવતો હોય, તો તેવા પુરાવાને પણ ચોકકસ પણે જ આરોપીને દોષિત ઠરાવવામાં ઉપયોગમાં લઈ શકાય છે. આમ, આ કામે સાહેદ ઉમાકાંતભાઈની જુબાની બનાવનો જેટલો હિસ્સો તેઓએ જોયેલ હતો તેટલા હિસ્સા માટે તેઓની જુબાની વિશ્વાસજન્ય જણાય આવતી હોય, આ કામે સાહેદ ઉમાકાંતભાઈની જુબાની તેઓ ઈજા પામનારના સગા થતા હોવાથી આખેઆખી ડીસ્કાર્ડ કરવી ન્યાયોચીત જણાય આવતી નથી.

**૨૩.** ફરીયાદપક્ષે ત.ક.અમલદાર સાહેદ સુરેશ તાનાજીભાઈ દેસલે નાઓને આંક-૬૦**(PW-15)** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ એવુ જણાવેલ છે કે, હાલ હુ નિવૃત છું. ગઈ તા. ૧૩/૪/૨૩ના રોજ હુ નિઝર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતો હતો. દરમ્યાન નિઝર સી.એચ.સી તરફથી અમોને જાણ કરવામાં આવતા એક દર્દી ઈજાગ્રસ્ત હાલતમાં આવેલ છે. જેથી અમો નિઝર સી.એસ.સી ખાતે ગયેલ અને ત્યાં હાજર પ્રકાશભાઈ વિજયસીગ વસાવાનાએ અમારા રૂબરૂ ફરીયાદની હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ. ફરીયાદીએ ફરીયાદ અમારા રૂબરૂ એવી હકીકત લખાવેલ કે ૧૨/૪/૨૩ ના રોજ રાતના એક

વાગે ફરીયાદી તથા તેમના પિતાશ્રી વિજયસીંગ તથા તેની માતા માસુબેન નાઓ પોતાના ઘરમાં સુઈ ગયેલ હતા ત્યારે રાતના એક વાગે આ કામના આરોપી રાકેશભાઈ પ્રતાપસીંગ વસાવાનાએ એક કોઈતો લઈ ફરીયાદીના પિતાજી વિજયસીંગ ઉપર ઉપરાછાપરી ઘા મારેલા જેમાં તેને બન્ને હાથની આગળી ઉપર ઈજા થયેલી અને આંગળીઓ છુટી પડી ગયેલ તેમજ ગળા પર અને માથા પર ઈજા થયેલી અને આ ઝપાઝપીમાં ફરીયાદી જાગી જતા આરોપી રાકેશે કોઈતાથી બીક બતાવી નાસી ગયેલ અને તેને પીછો કરતા આ કામના અન્ય આરોપી પ્રતાપસીંગ દામુભાઈ નાઓ પોતાની યુનીકોર્ન મોટર સાયકલ ઉપર તેઓ બન્ને જણા ભાગી ગયેલા. જે ફરીયાદ આંક ૩૪થી રજુ છે તે જ છે. જેમાં ફરીયાદીની સહી અને રૂબરૂ તરીકે મારી સહી છે. ફરીયાદીની ફરીયાદ નોધ્યા બાદ અમોએ ગુનો દાખલ કરેલ જે નિઝર પોલીસ સ્ટેશન ગુના રજી નંબર૧૧૮૨૪૦૦ ૭૨૩૦૨૯૧ /૨૦૨૩ થી દાખલ કરી આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. મને નિશાની ૭/૧થી રજુ થયેલ સુચિપત્ર બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક – ૬૧ (P-1/PW- 15)** આપવામાં આવે છે. મને નિશાની ૭/૩ થી રજુ થયેલ એફ.આઈ.આર બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૬૨(P-2/PW-15)** આપવામાં આવે છે. અમારા ઉપરી અધિકારીને ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ કરેલ.જે નિશાની ૭/૪ થી રજુ છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૬૩(P-3 / PW- 15)** આપવામાં આવે છે. ત્યારબાદ ગુનાવાળી જગ્યા પર જઈ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી અને ગુનાવાળી

જગ્યાએથી લોહી વાળી માટી અને કંટ્રોલ સેમ્પલ કબ્જે કરેલ જે પંચનામુ આંક ૧૬ થી રજુ છે. તે જ છે જેમા બે પંચોની સહી અને રૂબરૂ તરીકે મારી સહી છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ.આરોપીઓ મળી આવતા બે પંચોની હાજરીમાંતેઓની અટક કરી પંચનામુ કરેલ અને આરોપી એ પહેરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે કરેલ અને ગુનામાં વપરાયેલ હથીયાર કોયતો આરોપીઓ સાથે લઈને આવેલ હોય તે પંચનામાની વિગતે કબ્જે કરેલ જે પંચનામુ આંક ૧૮ થી રજુ છે તે જ છે અને જેમાં પંચોની સહી અને રૂબરૂ તરીકે મારી સહી છે. ત્યારબાદ ઈજાપામનારે બનાવ સમયે પહેરેલ કપડા ઉમાકાંતભાઈ ચંદ્રસિગભાઈ વસાવા નાએ રજુ કરતા બે પંચોની હાજરીમાં પંચનામુ કરી પંચનામા વિગતે કબ્જે કરેલ જે પંચનામુ આંક ૨૬ થી રજુ છે જેમાં પંચોની સહી અને રૂબરૂ તરીકે મારી સહી છે. ગુનામાં ઉપયોગમાં લીધેલ યુનિકોર્ન મોટર સાયકલ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી પંચનામા વિગતે કબ્જે કરેલ જે પંચનામુ આંક ૧૯ થી રજુ છે જેમાં પંચોની સહી અને રૂબરૂ તરીકે મારી સહી છે. એફ.એસ.એલ અધિકારીશ્રીને ગુનાવાળી જગ્યાનુ સ્થળ નીરીક્ષણ કરી અભિપ્રાય આપવા યાદી કરેલ જે નિશાની ૭/૯થી રજુ છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૬૪(P-4/PW- 15)** આપવામાં આવે છે. એફ.એસ.એલ અધિકારીશ્રીએ સ્થળ નીરીક્ષણ કરી અભિપ્રાય આપેલ જે અભિપ્રાય તપાસના કામે સામેલ રાખેલ જે નિશાની ૭/૧૦થી રજુ છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક-૬૫(P-5/PW-15)** આપવા માં આવે છે. ઈજા પામનારની દીકરી અંજનાબેન ગુમ થઈ ગયેલ હતા તે

અંગેની ફરીયાદ દાખલ કરવા માટે એ.એસ.આઈ બી.એમ. વસાવા નાઓએ રીપોર્ટ કરેલ જે નિશાની ૭/૧૧ થી રજુ છે. જેમાં એ.એસ.આઈ બી.એમ. વસાવાની સહી છે જેઓ મારી સાથે નોકરી કરતા હોય તેઓની સહી ઓળખી બતાવુ છુ. જેને પુરાવામાં રજુ દાખલ **આંક –૬૬ (P-6 /PW- 15)** આપવામાં આવે છે. ઈજા પામનાર વિજયભાઈ ના સારવાર સર્ટીફીકેટો મેળવી તપાસના કામે સામેલ રાખેલ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે સર્કલ ઓફીસર કુકરમુડાને યાદી કરેલ જે યાદી જે નિશાની ૭/૧૬થી રજુ છે. જેમાં મારી સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક –૬૭ (P-7 /PW- 15)** આપવામાં આવે છે. કબ્જે કરેલ મુદામાલ રવાનગી પત્ર સાથે એફ.એસ.એલ સુરતને મોકલાવેલ જે રવાનગી પત્ર જે નિશાની ૭/ ૧૭ થી રજુ છે. જેમાં મારી અને ના.પો.અધિક્ષકશ્રી જે.એસ.નાયક ની સહી છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક –૬૮ (P-8 /PW- 15)** આપવામાં આવે છે. એફ.એસ.એલ સુરતને મુદામાલ મળી ગયાની પહોચ જે નિશાની ૭/૧૮ થી રજુ છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક –૬૯ (P-9 /PW- 15)** આપવામાં આવે છે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી તાપીનાઓનુ હથીયારબંધી અંગેનુ જાહેરનામુ જે નિશાની ૭/૨૧ થી રજુ છે. જેને પુરાવામાં રજુ દાખલ **આંક–૭૦(P-10 /PW-15)** આપવા માં આવે છે. એફ.એસ.એલનો બાયોલોજીકલ અને શીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ નામદાર કોર્ટના રેકર્ડમાંથી મને બતાવવામાં આવે છે જે મે આ ગુનાના કામે એફ.એસ.એલ સુરતને મોકલાવેલ તેનો અહેવાલ છે અને તે સબધેનો ફોરવડીગ પત્ર છે. જે તમામ કાગળોને સંયુકત રજુ દાખલ **આંક–૭૧ (P-11 /PW- 15)** આપવામાં આવે છે.

આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો તેઓની ઓળખી શકુ આરોપીઓ આજ રોજ કોર્ટમાં હાજર છે. તે જ છે. મને આજ રોજ મુદામાલ આર્ટીકલ નંબર–૬ વાળો કોયતો બતાવવામાં આવે છે. તે જોઈને કહુ છુ કે આ કોયતો આ ગુનાના કામે કબ્જે કરેલ તે જ છે. તથા આર્ટીકલ નંબર ૪, ૫, ૭, ૮, વાળા કપડા તથા મુદામાલ આર્ટીકલ નંબર ૯ વાળો ગમછો બતાવવામાં આવે છે. તે જોઈ ને કહુ છુ કે જે તે છે. મને મુદામાલ નંબર –૨ અને ૩ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે જે સ્થળ ઉપરથી કબ્જે કરેલ માટી ના સેમ્પલો છે તે જ છે. મને મુદામાલ નંબર–૧ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે જે કોટન થ્રેડ તે જ છે. આરોપી સામે પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલ. ''

**૨૩.૧** તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે વિ.વકીલ શ્રીનાઓ **ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ફરીયાદીની ફરીયાદ નિઝર સી.એચ.સી ખાતે નોધવા માં આવેલ. ફરીયાદીની ફરીયાદ મારા રૂબરૂ માં નોધવામાં આવેલ. ફરીયાદ તા. ૧૩/૪/૨૩ ના રોજ સવારના ૧૦/૩૦ થી ૧૧/૦૦ ના વાગ્યાના** અરસામાં નોધવામાં આવેલ. નિઝર સી.એચ.સી ખાતે બીજા કોઈ સાહેદોના નિવેદન મે તે દીવસે નોધ્યા હોય તેવુ બનેલ નથી. ફરીયાદ નોધી ત્યારે ફકત ફરીયાદી અને હુ હાજર હતા ફરીયાદી સાથે તેઓના પત્ની ત્યાં હાજર ન હતા. મારે તા. ૧૩/૪/૨૩ ના રોજ ફરીયાદ લેતા પહેલા કે ફરીયાદ લીધા બાદ ફરીયાદીના પત્નીને સી.એચ.સી નિઝર ખાતે મળવાનો કોઈ પ્રસંગ બનેલ નહી. એ વાત ખરી છે કે બનાવ બાબતે સી.એચ.સી નિઝર ખાતે કોઈ સાહેદોના નિવેદનો બનાવ અનુસંધાને નોધવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત

ખરી છે કે આ ગુનાના કામની ફરીયાદ મારા રૂબરૂની છે અને આ સમગ્ર ગુનાની તપાસ મે જાતે કરેલી છે.

સવાલ – તા. ૧૩/૪/૨૫ ના રોજ ફરીયાદ નોધી ત્યારે ફરીયાદીના કપડા બનાવ સમયે હતા તે જ તેઓએ પહેરેલા હતા કે તેઓએ કપડા બદલીને ફરીયાદ આપેલી.?

જવાબ – ફરીયાદી એ ફરીયાદ આપતા સમય બનાવ સમયે જે કપડા પહેરેલા હતા કે બદલેલા હતા તે હુ કહી શકુ નહી.

મે જયારે આ ગુનાના કામની ફરીયાદ નોધી ત્યારે ફરીયાદીના કપડા પર કોઈ લોહી જોયેલ ન હતુ. એ વાત ખરી નથી કે ફરીયાદી ગુજરાતી ભાષા જાણતા ન હતા. એ વાત ખરી નથી કે ફરીયાદીને ફકત આદીવાસી ભાષા આવડતી હતી. મને હાલમાં ચોકકસપણે જણાવી શકુ નહી કે સાહેદ સુનીતાબેન પ્રકાશભાઈ વસાવા ફરીયાદીના પત્ની થાય છે કે કેમ.? એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન મે સાહેદ સુનીતાબેન પ્રકાશભાઈ વસાવાનુ નિવેદન નોધેલ અને તે ગુજરાતી મા નોધેલ છે. એ વાત ખરી નથી કે સુનીતાબેને તેઓને ગુજરાતી ભાષા આવડતી નથી તેવુ જણાવેલ હતુ અને તેઓને ફકત આદીવાસી ભાષા જ આવડે છે તેમ જણાવેલ.એ વાત ખરી નથી કે સુનીતાબેનનુ નિવેદન મે પોલીસ સ્ટેશનમાં લીધેલ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સ્થળ પર નોધેલ. એ વાત ખરી નથી કે સાહેદ સુનીતાબેનનુ નિવેદન નોધ્યા બાદ વાંચી સંભળાવેલ ન હતુ. ગુનાવાળી જગ્યા એ ઘરની આગળના ભાગે પજારી (ઘરના મુખ્ય દરવાજાથી આગળનો ખુલ્લો ભાગ એટલે કે ઓટલો) આવેલી છે. પજારી ઘરના દરવાજાથી આશરે ૧૦ ફુટ લાબી અને ૧૫ ફુટ પહોળી છે. અંજનાબેન નામની સ્ત્રી આરોપી સાથે

પ્રેમસંબધના કારણે નાસી ગયેલાની હકીકત મારી તપાસમાં ખુલવા પામેલ ન હતી.એ વાત ખરી છે કે આરોપી રાકેશભાઈ પ્રતાપસીંગના સાસુ સસરાને આરોપી સાથે અંજનાબેનના સબંધ બાબતને લઈ ને તકરાર ચાલતી હતી તેવુ તપાસમાં ખુલેલ. એ વાત ખરી છે કે બનાવ સમયે સાહેદ સુનીતાબેન પ્રકાશભાઈ વસાવાનાઓ ઘરની અંદર સુતા હતા તેવી મારી તપાસમાં ખુલેલ. એ વાત ખરી છે કે સાહેદ પ્રકાશભાઈ વસાવા નાઓ બનાવ સમયે ઘરમાં સુતા હતા તેવી મારી તપાસમાં ખુલેલ. એ વાત ખરી છે કે ઈજા પામનાર વિજયસીગ બનાવ સમયે ઘર ની અંદર સુતા હોય તેવી કોઈ હકીકત મારી તપાસમાં ખુલવા પામેલ ન હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઈજા પામનાર વિજયસીગ ઘરની આગળની પજારીમા સુતા હતા તેવુ મારી તપાસમાં ખુલેલ.

સવાલ–ઈજા પામનાર વિજયસીગ વસાવાનાઓએ ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતી હતી કે કેમ ?

જવાબ– વિજયસીગ વસાવાનાઓએ ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગુજરાતી ભાષા સમજતા હતા.

એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન નોધેલ વિજયસીગ વસાવાના તા. ૧૫/૪/૨૩ ના રોજના નિવેદનમાં નિવેદન તેઓને તેમની ભાષામાં અનુવાદ કરીને સમજાવ્યાની નોધ કરેલ નથી. વિજયસીંગભાઈ નુ ઘર અને સાહેદ ઉમાકાંતભાઈ ના ઘર વચ્ચે નુ અંતર કેટલુ છે તે હુ આજ રોજ કહી શકુ તેમ નથી સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે નજીક છે તે હુ જાણુ છુ. એ વાત ખરી છે કે આ કામે આંક ૧૬ વાળા પંચનામામાં ગુનાવાળા સ્થળ ઉપર કુત્રીમ પ્રકાશ

(ઈલેકટ્રીકસીટી) ની કોઈ વ્યવસ્થા બાબતની કોઈ નોધ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ મુજબ ઘરના બહાર આવેલ પજારીનો ભાગ આ કામે ગુના વાળી જગ્યાનો ભાગ છે. એ વાત ખરી છે કે આંક – ૧૬ વાળા પંચનામામાં પજારીના ભાગે ઈલેકટ્રીક બલ્બ કે ટયુબલાઈટ ની કોઈ સગવડ હતી કે કેમ તેની નોધ કરેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદ સુનીતાબેન પ્રકાશભાઈ વસાવા, આશારામભાઈ વસાવા અને માસુબેન વિજયભાઈ વસાવાનાઓને મે કોઈ પુછપરછ કરી કોઈ નિવેદન નોધેલ નથી. એ વાત ખરી નથી કે માસુબેન પુછપરછના દીવસે બીમાર હતા. એ વાત ખરી છે કે આ ગુનાની તપાસ દરમયાન કુકરમુડા સામુહીક આરોગ્ય કેન્દ્ર તથા સરદાર સ્મારક હોસ્પીટલ તથા નદુરબાર સરકારી હોસ્પીટલના મેડીકલ સર્ટીફીકેટ આ કામે મેળવેલા છે. એ વાત ખરી છે કે મે આ કામે તમામ મેડીકલ સર્ટીફીકટ જોયેલા છે.
સવાલ – આ કામે ઈજા પામનારને થયેલ ઈજા ગભીર પ્રકારની છે તેવુ કોઈ પણ ડોકટરના મેડીકલ સર્ટીફીકેટમાં નોધવામાં આવેલ છે કે કેમ?
જવાબ – સાહેદે તમામ મેડીકલ સર્ટીફીકેટ જોઈ ઈજા ગંભીર પ્રકારનુ નોધવામાં આવેલ નથી તેમ જણાવે છે.

એ વાત ખરી નથી કે સુનીતાબેને મારા રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ હતી કે બનાવ વખતે હુ અને મારી સાસુ સસરા અને બે દીકરીઓસીવાય કોઈ હાજર ન હતુ. એ વાત ખરી છે કે આ ગુના કામે બનાવને નજરે જોનાર ઈજ પામનારના સબંધી સીવાયના કોઈ વ્યકીત મળી આવેલ નથી.

સવાલ – આ ગુનાના કામની તપાસ તમોએ ફરીયાદ નોધ્યા બાદ તુરંત જ સંભાળી લીધેલી ?

જવાબ – ફરીયાદ પોલીસ સ્ટેશનમાં નોધી તે અંગેની પ્રકીયા પુરી કર્યા બાદ તપાસ મને મળતા મે તપાસ સંભાળેલ.

મે આ ગુના ના કામની તપાસ ૧૩/૪/૨૩ ના રોજ બપોરના ૧૧/૦૦ થી ૧૨/૩૦ સુધીના અરસામાં સંભાળેલ. તમે કેટલા વાગ્યે ગુનાવાળા સ્થળ પર પહોચેલ તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે ગુનો રજીસ્ટર કરી ને તરત ગુનાવાળા સ્થળ પર પહોચેલ. ગુનાવાળા સ્થળ પર પહોચીને કેટલા સમય પર રોકાયેલા તેવા સવાલ ના જવાબમાં જણાવુ છુ કે સાંજ સુધી રોકાયેલા અને ત્યારબાદ પોલીસ સ્ટેશન જતા રહેલા. એ વાત ખરી છે કે આ ગુનાના કામે કબ્જે લીધેલ કોયતો, ગમછો અને કપડા સહેલાઈથી બજારમા મળી શકે છે. એ વાત ખરી છે કે ગુનાના કામે કબ્જે લીધેલ કોયતો, ગમછો અને કપડા મને ગુનાનો મહત્વનો મુદામાલ હોવાનુ સ્થળ પર જણાયેલુ.

એ વાત ખરી નથી કે હુ સૌપ્રથમવાર ગુનાવાળી જગ્યા પર ગયેલ ત્યારે મુદામાલવાળો ગમછો જોયેલો. મુદામાલવાળા ગમછાની સૌપ્રથમ જાણ મને પોલીસ સ્ટેશનમાં આ કપડા રજુ કરવામાં આવેલ ત્યારે થયેલી. મુદામાલ વાળા કપડા હુ સૌપ્રથમ વાર ગુનાવાળી જગ્યા પર ગયેલ ત્યારે જોયેલ હોય તેવુ બનેલ નથી. ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ માટીના સેમ્પલ ઘરના પજારીના ભાગેથી કબ્જે લેવામાં આવેલ. માટીના નમુના ઘરની અંદરથી લેવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપી રાકેશભાઈ તા. ૧૪/૪/૨૩ ના રોજ કસ્ટડીમાં હતા. એ વાત ખરી નથી કેઆરોપીની અટકનું પચનામુ કરવા માટે લીધેલ પંચો અમારા નિઝર પોલીસ સ્ટેશન ના કાયમી પંચો છે. એ વાત ખરી નથી કે આ

કામે મુદામાલ કોયતો આરોપીએ બતાવેલ નથી કે તે અંગેનુ કોઈ પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે કોયતા મળી આવ્યાનો પુરાવો ખોટો ઉભો કરેલ છે. એ વાત ખરી છે કે આંક-૭૧ના એફ.એસ.એલ રીપોર્ટ મુજબ કોયતા ઉપર થી લોહીની હાજરી મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે આંક ૧૮ વાળા પંચનામામાં કોયતા ઉપર સુકાઈ ગયેલ લોહીની હાજરી મળી આાવેલાનુ ખોટુ ઈરાદા પુર્વક દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીને ગુનામાં ફસાવવા માટે આંક ૧૮ વાળા પંચાનામાં લોહીની હાજરી દર્શાવેલ હતી. એ વાત ખરી નથી કે ગુનાના કામે આરોપીની ખોટી સંડોવણી કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી દીશામાં તપાસ કરી આરોપીને ખોટી રીતે અટક કરી ખોટી રીતે જોડી દીધેલ છે. એ વાત ખરી નથી કે મે આ કામે નિષ્પક્ષ તપાસ હાથ ધરેલ નથી. એ વાત ખરી નથી કે ખોટુ ચાર્જશીટ કરેલ છે.

ફરીયાદ પક્ષનો કેસ જયારે સીધા અને પ્રત્યક્ષદર્શીઓના પુરાવા ઉપર આધારીત હોય, ત્યારે તપાસ કરનાર અધિકારીની જુબાની ગુનાની તપાસ દરમ્યાના તેઓએ કઈ કઈ કાર્યવાહી કરી હતી, કયા તબકકે કયા કયા પુરાવાઓ મળી આવ્યા હતા તેમજ કયા પુરાવાઓના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી કાઢેલ હોય તેવી બાબતે મહત્વની બની રહે છે. આ સિવાય ફરીયાદપક્ષના કેસને બનાવ માં નજરે જોનાર સાહેદ ધ્વારા સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થતુ હોય તો તપાસ કરનાર અમલદારની જુબાની અથવા તપાસમાં રહેલ નાની નાની ખામી વિશેષ મહત્વની બની રહેતી નથી. આ કામે બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટતપાસ જોતા, તપાસ કરનાર અધિકારી એ તપાસ

માં કોઈ મહત્વની બાબતે ગેરકાયદેસરતા કરેલાનું સ્પષ્ટ બનતુ નથી. આવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારની જુબાનીને આ કામે ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર કેસ બનાવને નજરે જોનાર તથા બનાવના ઈજા પામનાર જેવા મહત્વ ના સાહેદના પુરાવા ઉપર આધારીત છે,અને ઈજાપામનાર સાહેદે ખુબ જ વિશ્વાસજન્ય અને આધારભુત પુરાવો રજુ કરી બનાવની સંપુર્ણ વિગતો આ કામે શંકાથી પર રજુ કરેલ છે. ત્યારે આ ગુનાના કામે અન્ય સાંયોગીક કે સહાયક પુરાવા વિશેષ મહત્વના બની રહેતા નથી.

**૨૪.** 307. Attempt to murder.—Whoever does any act with such intention or knowledge, and under such circumstances that, if he by that act caused death, he would be guilty of murder, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; and if hurt is caused to any person by such act, the offender shall be liable either to 1[imprisonment for life], or to such punishment as is hereinbefore mentioned.

Attempts by life-convicts.—2[When any person offending under this section is under sentence of 1 [imprisonment for life], he may, if hurt is caused, be punished with death.]
Illustrations

(a) A shoots at Z with intention to kill him, under such circumstances that, if death ensued, A would be guilty of murder. A is liable to punishment under this section.

(b) A, with the intention of causing the death of a child of tender years, exposes it in a desert place. A has committed the offence defined by this section, though the death of the child does not ensue.

(c) A, intending to murder Z, buys a gun and loads it. A has not yet committed the offence. A fires the gun at Z. He has committed the offence defined in this section, and, if by such firing he wounds Z, he is liable to the punishment provided by the latter part of 3[the first paragraph of] this section.

(d) A, intending to murder Z by poison, purchases poison and mixes the same with food which remains in A's keeping; A has not yet committed the offence defined in this section. A places the food on Z's table or delivers it to Z's servants to place it on Z's table. A has committed the offence defined in this section.

ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો તપાસતા તે નીચે મુજબ છે.

**<u>ઈ.પી. કોડ કલમ–૩૦૭</u> ::–**

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યુ,

૨. આવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહીત જ્ઞાન સાથે કર્યુ,

૩. આવા કૃત્યનાં કારણે કોઈને ઈજા થઈ,

૪. આવા કૃત્યનાં કારણે જો, ઈજા પામેલાનું મૃત્યુ નિપજ્યુ હોત તો, આરોપી ખુન માટે દોષીત ગણાત.

આ કામે આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ– ૩૦૭ મુજબના ગુનાના આક્ષેપ છે ત્યારે આ ગુનો આ કામે આકર્ષાય છે કેમ? તેની ચર્ચા કરવામાં આવે તો,આરોપીએ કે જે ઈજા પામનારના મકાનથી દુર રહેતા હતા ત્યાંથી તેના પિતા સાથે મોટર સાયકલ ઉપર હાથમાં કોયતો એટલે કે શેરડી કાપવા માટે ઉપયોગમાં લેવાતુ હથિયાર કે જે ધારદાર,

વજનદાર અને જીવલેણ ઈજાઓ પહોંચાડી શકે તેવુ હથિયાર ધારણ કરી મધ્ય રાત્રિના સમયે પિતા પ્રતાપસિંગ સાથે ઈજાપામનારના ઘરે ગયેલ હતા અને ઈજાપામનાર બહાર ઓટલા ઉપર સુતા હતા તેની પાસે જઈને અચાનક આડેધડ કોયતાના ઘા મારેલ હતા જેના પરીણામે ઈજાપામનારને માથુ, છાતી, જેવા શરીરના માર્મિક ભાગ ઉપર ઈજાઓ પહોંચેલ હતી આ ઉપરાંત આ બનાવમાં ઈજા પામનારને ડાબા હાથની બે આગળી તથા જમણા હાથની એક આગળી કાપી નાખી શરીરથી છુટી પાડી દીધેલ હતી તેવી હકીકત આ કામે ઈજાપામનારના તેમજ બનાવના નજરે જોનારના અને બનાવ બાદ તુરંત સ્થળ ઉપર પહોં ચનારના તથા સારવાર આપનાર ડોકટરોના પુરાવાઓથી શંકારહિત રીતે પુરવાર થયેલ છે

આમ, આરોપીનુ આવુ કૃત્ય મધ્ય રાત્રિના હુમલો કરેલાની બાબતને જોતા, આગોતરા આયોજન સાથેનું, તેમજ શરીરના જે ભાગે ઉપર ઈજાપહોચાડેલ છે. તે માથુ અને છાતી જેવા માર્મિક ભાગો હતા. તે જોતા આરોપીનુ આવુ કૃત્ય ઈજાપામનારને મારી નાં ખવાના ઈરાદા સાથેનું હતુ તેવુ આ કામે સ્પષ્ટ બને છે. વધુમાં આરોપીએ કોયતાથી જે ઈજાઓ પહોંચાડેલ હતી જો તે ઈજાઓના પરીણામે જો ઈજાપામનારનું મૃત્યુ થયુ હોત તો આરોપી ચોકકસપણે ખુનના ગુના માટે દોષિત ગણાત તેમ સ્પષ્ટ બનતુ હોય, આવા સંજોગોમાં આ કામે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ-૩૦૭ મુજબનો ગુનો શંકારહિત પુરાવાઓથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેતો હોવાનું માનવાનું રહે છે.

આમ, આ કામે ફરીયાદપક્ષે ઈ.પી.કો.કલમ– ૩૦૭ મુજબના ગુનાના આવશ્યક તત્વો શંકારહિત પુરાવા રજુ કરી પુરવાર કરવામાં સફળ રહેલ છે ત્યારે આરોપીના એક જ કૃત્ય માટે ઈ.પી.કો. કલમ–૩૦૭ના પરીપેક્ષમાં ચર્ચા કર્યા બાદ એજ ઈજા સંબંધે ઈ.પી.કો. કલમ– ૩૨૬ ના પરીપેક્ષમાં સમગ્ર પુરાવાની ચર્ચા કરવી આવશ્યક બની રહેતુ નથી.

**૨૫.** આ કામે આરોપી નં.૨ પ્રતાપસિંગ દામુભાઈ ગાવિતનાઓની ગુનામાં ભુમિકા અંગે રજુ થયેલ પુરાવો તપાસવામાં આવે તો બનાવને નજરે જોનાર સાહેદ સુનિતાબેનનાઓએ આંક–૨૮ના પુરાવામાં બનાવ સમયે આરોપી પ્રતાપસિંગ બહાર ઉભા હતા તેવો સ્પષ્ટ પુરાવો રજુ કરેલ છે. આ ઉપરાંત બનાવબાદ બુમાબુમનો અવાજ સાંભળી તુરંત પહોચનાર સાહેદ આશારામભાઈએ પણ આંક–૨૯થી બનાવ સમયે પ્રતાપભાઈને પણ મુખ્ય આરોપી રાકેશભાઈની સાથે ત્યાં જોયેલા અને ત્યારબાદ તેઓ ગાડી પર બેસીને નીકળી ગયેલા, તેવો પુરાવો આપેલ છે. આ ઉપરાંત ઈજાપામનાર સાહેદ વિજયભાઈ દાવાભાઈ વસાવાએ આંક–૪૯ ની જુબાનીમાં દિકરો પ્રકાશભાઈ જાગીને બહાર આવી જતા તે રાકેશભાઈને પકડવા જતા ત્યારે રાકેશે તેમના દિકરા પ્રકાશને નાક પર કોયતાથી ઈજા પહોચાડેલ અને ત્યારબાદ રાકેશભાઈ અને તેના બાપુજી પ્રતાપભાઈ મોટર સાયકલ ઉપર ત્યાંથી ભાગી ગયેલા તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. આમ, આ કામે બનાવ સમયે આરોપી પ્રતાપભાઈનાઓ પણ મુખ્ય હુમલો કરનાર આરોપી રાકેશભાઈ ની સાથે બનાવવાળા સ્થળ ઉપર ગયેલા હતા અને બનાવ બાદ મોટર સાયકલ ઉપર ત્યાંથી ભાગી ગયેલ હતા. તેવી ભુમિકા કામે રેકર્ડ

ઉપર સ્પષ્ટ બને છે. પરંતુ આરોપી પ્રતાપભાઈએ બનાવમાં કોઈ પણ પ્રકારે મુખ્ય આરોપી રાકેશભાઈની ગુનાના કામે મદદગારી કરેલ હતી તેવી કોઈ હકીકત આ કામે રેકર્ડ ઉપર સ્પષ્ટ બનતી નથી. બનાવ સમયે તેઓ ઘરની બહાર હાજર હતા તેવો પુરાવો રેકર્ડ ઉપર રજુ થાય છે તેટલા માત્ર થી આરોપી નં.ર પ્રતાપસિંગની બનાવમાં મદદગાર તરીકેની ભુમિકા હતી તેવુ અનુમાન દોરી શકાય નહી. આ ઉપરાંત આરોપી રાકેશની સાથે તેઓ ગુનાવાળા સ્થળ ઉપર આવેલ ત્યારે આરોપી રાકેશ આવો ગુનો આચરનાર છે તેવી તેઓને કોઈ આગોતરી જાણકારી હતી તેવો પણ પુરાવો આ કામે રજુ થતો નથી. આ ઉપરાંત મુખ્ય આરોપી રાકેશને ગુનાવાળા સ્થળ ઉપર લાવવા માટે કે ગુનાવાળા સ્થળેથી ભગાડી જવા માટે આરોપી પ્રતાપસિંગે મોટર સાયકલ ચલાવેલ હતુ તેવો પણ પુરાવો આ કામે રેકર્ડ ઉપર આવેલ નથી. આ ઉપરાંત ગુના સમયે ઈજાપામનારને પકડી રાખ્યા હોય, અથવા તો બચાવ માટે આવનારાઓને રોકી રાખ્યા હોય કે અન્ય કોઈપણ રીતે મુખ્ય તહોમતદારને મદદ ગારી પુરી પાડી હોય તેવો કોઈપણ પુરાવો રજુ થતો નથી ત્યારે ગુનાવાળા સ્થળ ઉપર ઘરની બહાર આરોપી નં.ર પ્રતાપસીગની હાજરી માત્રથી તેઓએ ગુનામાં મુખ્ય આરોપીને મદદગારી પુરી પાડેલ હતી તેવુ પુરવાર થતુ હોવાનુ માની શકાય તેમ નથી. આમ, આ કામે ફરીયાદપક્ષ આરોપી નં.ર પ્રતાપસિંગ વિરુધ્ધનું ઈ.પી.કો. કલમ– ૧૧૪ મુજબનુ તહોમત પુરવાર કરવામાં તેઓ સફળ રહેતા હોવાનું માની શકાય તેમ નથી.

**૨૬.** આ કામે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનુ તહોમત છે ત્યારે તે અનુસંધાનેનો પુરાવો તપાસવામાં આવે તો આ

કામના આરોપી રાકેશભાઈએ બનાવ સમયે શેરડી કાપવાનો કોયતો શસ્ત્રો તરીકે ધારણ કરી ઈજા પામનારને શારીરીક ઈજાઓ પહોચાડેલાનુ પુરવાર થયેલ છે અને ફરીયાદપક્ષે આંક–૭૦ થી તા.૩/૪/૨૩ ના રોજ થી તા.૧૭/૪/૨૩ સુધી અમલમાં હતુ તેવુ હથિયારબંધીનુ જાહેરનામાનો પુરાવો આ કામે રજુ રાખેલ છે. જાહેરનામુ યોગ્ય રીતે પ્રસિધ્ધકરવામાં આવેલ હતુ તેવી હકીકત પણ આંક–૭૦ ના જાહેરનામાને વંચાણે લેતા સ્પષ્ટ બને છે. આ જાહેરનામામાં શસ્ત્રો, દંડા, તલવાર , સોટા, ધોકા, બંદુક , સરા, લાકડા કે લાકડી કે લાઠી, શારીરીક ઈજા પહોચાડી શકાય તેવુ બીજુ કોઈપણ સાધન સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હતો તેવુ સ્પષ્ટ બને છે. આમ, આવો પ્રતિબંધ અમલમાં હતો તેવા સમયે એટલે કે તા.૧૨/૪/૨૩ ના રોજ મધ્ય રાત્રી એક વાગ્યાના અરસામાં કોયતા જેવુ મારક હથિયાર સાથે રાખી ઈજાપામનારને ત્યાં લઈ જઈ તેનો ઉપયોગ કરી ઈજાપામનારને ગંભીર ઈજા પહોચાડેલ હતી તેવી હકીકત આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ સ્પષ્ટ બનતી હોય આ કામે ફરીયાદીપક્ષ આરોપી નં.૧ વિરુધ્ધ જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબનુ ગુનાનુ તહોમત પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માનવાનુ રહે છે.

આમ, આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપી નં.૧ રાકેશભાઈનાએ ઈજાપામનાર વિજયસિંગને મોતને ઘાટ ઉતારવા ના ઈરાદા સાથે કોયતા જેવુ મારક હથિયાર ધારણ કરી રાત્રિના એક વાગ્યે ઈજાપામનારના ઘરે થઈ ઈજાપામનાર ઉપર કોયતા વડે શરીર ના જુદા જુદા ભાગો ઉપર આઠ થી નવ જેટલી ઈજાઓ પહોચાડી

ઈજાપામનારની આંગળીઓ કોયતાથી કાપી શરીર થી છુટી પાડી નાંખી, ઈજાપામનારનું મૃત્યુ નિપજાવવા માટેનો પ્રયત્ન કરેલ હતો તેવી હકીકત ફરીયાદપક્ષે બનાવમાં ઈજા પામનાર વિજયસિંગના પુરાવાથી તેમજ બનાવને નજરે જોનાર સુનિતાબેન તથા માસુબેનના પુરાવાઓથી તથા બનાવ બાદ તુરંત સ્થળ ઉપર પહોચનાર સાહેદ આશારામભાઈ તથા ઉમાકાંતભાઈના પુરાવાઓથી તેમજ ઈજાપામનાર ના સારવાર આપરનાર ડોકટરના પુરાવાથી શંકારહિત રીતે પુરવાર કરેલ હોય, **મુદ્દા નં.૧નો ન્યાયીક નિર્ણય આરોપી નં.૧ અનુસંધાને હકારમાં અને આરોપી નં.ર અનુસંધાને નકારમાં** આપવાનું ઠરાવવામાં આવે છે.

આ કામના આરોપી નં.૧ રાકેશ પ્રતાપસિંગ ગાવિત રહે. આશાપુરા ગામ,તા.કુકરમુંડા જિ.તાપીનાઓને આ કામે ઈ.પી.કો. કલમ–૩૦૭ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે તથા આરોપી નં.ર પ્રતાપસીગ દામુભાઈ ગાવિતનાઓને પુરાવામાં ઉપસ્થિત થયેલ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે. હાલનુ કામ આરોપી નં.૧ રાકેશભાઈને સજા અંગે સાંભળવા માટે મુલત્વી.

તાપી મુ.વ્યારા.
તા.૦૩/૦૮/૨૦૨૬..

<u>કે.એલ.પટેલ.</u>

**(તેજસ આર. દેસાઈ)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.

સેશન્સજજ,
તાપી @ વ્યારા

**૨૭.** આરોપી તરફે વિ.વ.શ્રી એન.એસ.પ્રધાનને સાંભળ્યા. તેઓ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી યુવાન અવસ્થા ધરાવે છે, તેઓ વિરૂધ્ધ હાલનો પ્રથમ ગુનો નોંધાયેલ છે. આરોપી ઉપર પોતાનાં સમગ્ર પરીવારની જવાબદારી છે. નાના ત્રણ બાળકો તેમજ માનસીક બિમાર પત્ની અને વૃધ્ધ માતા–પિતાની જવાબદારી છે. આવા સંજોગોમાં આરોપી નં.૧ ને હળવી સજા ફરમાવવા વિનંતી કરવામાં આવેલી છે.

**૨૮.** આરોપી નં.૧ રાકેશભાઈ પ્રતાપસીંગ ગાવિતને સજા બાબતે સાંભળ્યા, તેઓને જવાબદારી છે. તેઓનો ગુનાહિત ભુતકાળ નથી તેઓ ખુબ જ ગરીબ અને અંતરીયાણ વિસ્તારમાં વસતા આદિવાસી છે. તેથી તેઓને ઓછા માં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

**૨૯.** આ કામે વિ.એ.પી.પી.શ્રી આર.બી.ચૌહાણની દલીલ એવી છે કે, આ કામે આરોપીએ ઈજા પામનારની કુલ–૩ આંગળીઓ કાપી નાંખેલ છે. તેમજ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ–૩૦૭ મુજબનો ગુનો શંકારહિત રીતે પુરવાર થયેલ હોય, આરોપીને ગુના અન્વયેની મહત્તમ સજા ફરમાવવી જોઈએ.

**૩૦.** બંને પક્ષકારોની સજા સબંધેની સઘળી રજુઆતો ધ્યાને લીધી. આરોપી નં.૧ વિરૂધ્ધ પુરવાર થયેલ ગુના અન્વયે સજાની જોગવાઈનો મુદ્દો તપાસવામાં આવે તો, આરોપીઓને જે ઈ.પી. કોડ કલમ– ૩૦૭ અન્વયે દોષિત ઠરાવવામાં આવે છે. તે ગુના અન્વયે સજાની જોગવાઈ જોતા, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; and if hurt is caused to any person by

such act, the offender shall be liable either to 1[imprisonment for life], or to such punishment as is hereinbefore mentioned. ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા, આ કામે ૧૦ વર્ષ સુધીની શિક્ષા તથા મહત્તમ સજા આજીવન કેદ સુધીની હોવાનું જણાય છે.

આમ, આ કામે અત્રેની અદાલત ઈજા પામનારને થયેલ ઈજાનુ સ્વરૂપ, ગુનો બનવાના સંજોગો, આરોપીની આર્થિક તથા સામાજીક સ્થિતિ જેવા મુદ્દાઓને ધ્યાને લેતા, આરોપી નં.૧ રાકેશભાઈ પ્રતાપસિંગ ગાવિતનાઓને બે વર્ષ સખત કેદની સજા તથા રૂા.૨૦૦૦/– દંડ કરવામાં આવે તો સજાનું પ્રમાણ, ગુનાના સ્વરૂપ અને ઈજાના સ્વરૂપ મુજબ યથાયોગ્ય અને ન્યાયોચીત જણાય છે.

**૩૧.** આ કામે ઈજાપામનાર વિરુધ્ધ થયેલ હુમલાના પરીણામે ઈજાપામનારની ત્રણ આંગળીઓ વધતા ઓછા અંશે કપાય ગયેલ છે. અને આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુનો ફરીયાદપક્ષે શંકારહિત પુરાવાઓ રજુ કરી પુરવાર કરેલ છે ત્યારે ઈજાપામનારને ધી ગુજરાત વીકટીમ કંપેન્સેશન સ્કીમ ૨૦૧૯ ના શીડયુલ્ડ (કલોઝ ૨ (પી) મુજબ સીરીયલ નં.૯ અન્વયે સ્પષ્ટ કર્યા મુજબ ગંભીર શારીરીક ઈજા કે જેના પરીણામે પુર્નવસન (રીહેબીલીટિશન) જરૂરી છે તેવા પ્રકારની ઈજા થયેલ હોય, વળતરની રકમ ચુકવવા માટે ધી ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી તાપી મુ.વ્યારાને હાલના ચુકાદાની એક નકલ મોકલી આપવાનુ ઠરાવવામાં આવે છે.

**૩૨.** આ કામે આરોપી તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના આશાપુર ગામના વતની છે અને તેઓ ખુબ જ ગરીબ અને આદિવાસી છે તેઓ મજુરી કરી પોતાનુ તથા પોતાના કુટુંબનુ ભરણપોષણ કરતા આવેલ છે. તેઓની ખેતીની જમીન ઉકાઈ ડેમના ડુબાણ હેઠળ ના વિસ્તારમાં

આવેલ છે. તેવી તમામ હકીકતોને જોતા, આ કામે આરોપી પાસે થી ઈજા પામનારને વળતર ચુકવવી આપવા સંબંધે હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય આવતુ નથી.

**૩૩.** આમ, ઉપરોકત સંજોગોમાં આરોપી વિરૂધ્ધનાં પુરવાર થયેલ ગુનાઓ, ગુનાઓની ગંભીરતા, ગુનાઓનો પ્રકાર, ગુનાઓની સામાજીક અસર, ગુનાઓ અન્વયે મહત્તમ અને લઘુત્તમ સજાની જોગવાઈ તેમજ આરોપી તરફે રજુ કરવામાં આવેલ ઓછી સજા કરવા સબંધે નાં કારણોને ઘ્યાને લેતા ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: **હુકમ** ::-

૧. આરોપી નં.**(૨) પ્રતાપસિંગ દામુભાઈ ગાવિત** ઉ.આ.વ.૬૫,ધંધો- મજુરી, રહે.આશાપુરા ગામ, તા.કુકરમુંડા,જિ.તાપીનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૩૫(૧)અન્વયે ઈ.પી.કો.કલમ-૩૦૭, ૩૨૬, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ મુજબના આક્ષેપિત ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપી**(૧) રાકેશભાઈ પ્રતાપસિંગ દામુભાઈ ગાવિત,** ઉ.આ.વ.૩૭, ધંધો-મજુરી, રહે.આશાપુરા ગામ, તા.કુકરમુંડા, જિ.તાપીનાઓને ક્રિ .પ્રો. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ઈ.પી. કોડ કલમ- ૩૦૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી. કોડ કલમ-૩૦૭ મુજબનાં ગુનામાં ૦૨ વર્ષની સખત કેદ ની સજા અને રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા)નો રોકડ દંડ અને જો, અને આરોપી રોકડ દંડ વસુલ આપવામાં નિષ્ફળ

જાય તો, વધુ માસ–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૩. આ કામનાં આરોપી નં.**(૧) રાકેશભાઈ પ્રતાપસિંગ દામુભાઈ ગાવિત,** ઉ.આ.વ.૩૭, ધંધો–મજુરી,રહે.આશાપુરા ગામ, તા.કુકરમુંડા, જિ.તાપીનાઓને ને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હામાં ૦૧ (એક) માસની સાદી કેદની સજા અને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો રોકડ દંડ અને જો, રોકડ દંડ વસુલ આપવામાં આરોપી નિષ્ફળ જાય તો, વધુ ૧૦ (દશ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૪. આરોપી નં.૧નાઓએ તમામ ગુન્હાઓની સજાઓ એક સાથે ભોગવવા ની રહેશે.

૫. આરોપીને ક્રિ.પ્રો. કોડ કલમ–૪૨૮ અન્વયે જેલ કસ્ટડીનાં દિવસો આ સજા હુકમ સામે મજરે આપવાનાં રહેશે.

૬. **આ કામે મુદ્દામાલ** હોન્ડા કંપનીની એક લાલ કલરની સીબી યુનીકોર્ન ૧૬૦ મોટર સાયકલ છે જેની આગળ પાછળ નંબર પ્લેટ જોતા રજી. નં.જી.જે.૨૧.એ.એસ.૦૯૯૭નો જણાય છે જેનો એન્જીન નં. KC20E80029476 ચેસીસ નં.ME4KC201CF8026424 અન્વયે અગાઉ જે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ કાયમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદ્દામાલ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૭. ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની એક નકલ આરોપી નં .૧ ને વિના મુલ્યે પુરી પાડવી.

સેશન્સજજ,
તાપી @ વ્યારા

૮. ક્રિમિનલ મેન્યુઅલનાં પારા–૨૦૭ માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આરોપીઓનું હુકમ મુજબનું ધોરણસર સજા વોરંટ ભરવું અને સબંધીત જેલને મોકલવું.

૯. હાલનાં કામે ઈજાપામનારના પુન:વસન માટે ધી ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ તેઓને યોગ્ય રકમ વળતર તરીકે મળી રહે તે આશયથી હાલનાં ચુકાદાની નકલ મ્હે.ચેરમેન સાહેબશ્રી, જીલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, તાપી તરફ વિનંતી પત્ર સાથે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૦.** ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૫ અન્વયે નામદાર ગુજરાત રાજયની વડી અદાલતનાં તા.૨૨/૧૦/૧૯૮૦નાં પરિપત્ર નં.૯૦૧/૮૦ પ્રમાણે આ ચુકાદાનાં આખરી હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, તાપીને મોકલી આપવી.

**૧૧.** નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.૨/૯/૨૦૦૫ નાં પરિપત્ર નં. ૨૬૨૩/૨૦૦૫ મુજબ આ કામે થયેલ ચાર્જ તથા આખરી હુકમ ની ખરી નકલ આરોપીને, જેલ ઓથોરીટી ને અને પોલીસ સ્ટેશન નાં ઈન્ચાર્જ અધિકારીને પરિપત્રમાં જણાવેલ સુચનાનાં અમલ સારૂ મોકલી આપવી.

આ ચુકાદો આજરોજ તા.૦૩મી માહે ઓગષ્ટ, ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાપી મુ.વ્યારા.
તા.૦૩/૦૮/૨૦૨૫..

<u>કે.એલ.પટેલ.</u>

(**તેજસ આર. દેસાઈ**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.

હુકમની સમજ તથા નકલ મળેલી છે.

------------------
(આરોપી નં.૧ ની સહી)

સેશન્સજજ,
તાપી @ વ્યારા